# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 32 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ સુદ- ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 February 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૭ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ગુજરાતમાં લાઇટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીથી ૬૦૭ આંગણવાડી અને નંદઘરનું નિર્માણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:બાળકોના ઘડતરમાં કોઈપણ પ્રકારની કચાસ ન રહે તે માટે રાજ્ય સરકાર નિરંતર પ્રયાસ કરી રહી છે, તેના પરિણામે મહિલા અને બાળ કલ્યાણ પ્રધાન ભાનુબેન બાબરીયાએ રાજ્યમાં બિનપરંપરાગત પદ્ધતિનો ઉપયોગ કરી જીએસપીઆરના સીએસઆર ભંડોળ હેઠળ લાઇટ ગેજ સ્ટીલ ફ્રેમ જેવી અદ્યતન ટેકનોલોજીના માધ્યમથી ૬૦૭ જેટલાં આંગણવાડી કેન્દ્રો અને નંદઘર બનાવવાની જાહેરાત કરી હતી.

લાઇટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેક્નોલોજીમાં બાંધકામની મોડ્યુલર ડિઝાઇન બનાવી પાયલોટ ટેસ્ટિંગ કરાય છે. મોડ્યુલર ડિઝાઇન ફાઇનલ થયા પછી તેના વિવિધ સ્ટીલ ફ્રેમ પાર્ટનું નિર્માણ સેન્ટ્રલ વર્કશોપમાં કરાય છે. આ અદ્યતન ટેકનોલોજીથી ભૂકંપ, ભેજ, આગ જેવી વિવિધ પરિસ્થિતિ સામે ટક્કર ઝીલી શકે તે પ્રકારનાં નંદઘરો માત્ર ૬૦ દિવસમાં જ નિર્માણ પામશે.

રાજ્યના દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં ટેક્નોલોજીનો વપરાશ કરી વધુ ઝડપથી અને ગુણવત્તા યુક્ત આંગણવાડી કેન્દ્રનું નિર્માણ સરળતાથી થઇ શકશે. આ આંગણવાડી કેન્દ્રમાં તમામ માળખાકીય સુવિધા જેવી કે, શૌચાલય, પીવાનું પાણી, મોડ્યુલર ફર્નિચર, વોટર પ્યુરિફાયર, એલઈડી ટીવી, હેલ્થ ચેકિંગ બેડ, ટેબલ, ખુરશી વગેરે અદ્યતન સંસાધનોનો સમાવેશ કરાયો છે.

આ ટેક્નોલોજીની મદદથી આંગણવાડી બનવાથી ઓન સાઇટ અને ઓફ સાઇટ ઝડપથી સ્ટીલ ફ્રેમ સ્ટ્રકચર બનાવી તેને ઝડપથી ઇન્સ્ટોલ કરી શકાશે. જેમાં પરંપરાગત બાંધકામ પદ્ધતિ કરતા ઝડપથી કામ પૂર્ણ થશે. આ પ્રકારની આંગણવાડીમાં ૧ ટકા કરતાં પણ ઓછો વેસ્ટ થશે તે પણ ૧૦૦ ટકા રિસાયકલેબલ બનશે. આંગણવાડી બાંધકામ માટેના વૈકલ્પિક વિકલ્પ તરીકે બિનપરંપરાગત પદ્ધતિનો ઉપયોગ કરી જીએસપીઆરના સીએસઆર ભંડોળ હેઠળ લાઇટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેક્નોલોજીનો વપરાશ કરી ૬૦૭ આંગણવાડી કેન્દ્રનું બાંધકામ કરવા માટેની પહેલ હાથ ધરાઈ છે. રાજ્યમાં અંદાજે ૫૩ હજાર જેટલી આંગણવાડી કાર્યરત છે. જેમાં ૪૫ લાખથી વધુ બાળકો, મહિલા તેમજ ધાત્રી મહિલા લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ મળી રહ્યો છે.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આજે પ્રયાગરાજ કુંભમેળામાં જશે: ગુજરાત પેવેલિયનની મુલાકાત લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં જવા માટે ગુજરાતના શ્રદ્ધાળુઓ માટે રાજ્ય સરકારે ખાસ વોલ્વો બસનો પ્રારંભ કરાવ્યો છે. પહેલા અમદાવાથી શરૂઆત કરાવ્યા બાદ હવે આ વોલ્વો બસ રાજકોટ, સુરત અને વડોદરાથી પણ શરૂ કરવામાં આવી છે. જે ૯મી ફેબ્રુઆરી સુધી હાઉસફૂલ થઈ ગઈ હોવાની વિગતો પ્રાપ્ત થઈ હતી. રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પણ આજે મહાકુંભમાં જશે અને પવિત્ર સ્નાન પણ કરશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આજે કુંભમેળામાં ગંગા સ્નાન માટે જશે. તેમની સાથે મંત્રી મંડળના કેટલાક સભ્યો પણ જોડાઇ તેવા સંકેત છે. ભૂપેન્દ્ર પટેલ કુંભમેળામાં ગુજરાત પેવેલિયનની પણ મુલાકાત લેશે અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ સાથે બેઠક યોજે તેવી ધારણા છે.

ગુજરાત સરકારે હાલમાં જ મહાકુંભમાં જવા ઇચ્છતા શ્રદ્ધાળુઓ માટે રાજ્યભરમાંથી ખાસ વોલ્વો બસની ટ્રીપ દોડાવી છે અને મહાકુંભમાં તેઓને રહેવા સહિતની સુવિધાઓ પણ આપી છે જેના કારણે રાજ્યભરમાંથી સેંકડો શ્રદ્ધાળુઓ કુંભમેળામાં જઇ રહ્યા છે. મુખ્ય પ્રધાન ગુજરાતથી પહોંચેલા શ્રદ્ધાળુઓને પણ મળશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નિર્ધારિત કાર્યક્રમ અનુસાર, તેઓ આજે શુક્રવારે બપોરે ૧૨:૩૦ કલાકે ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરશે. આ પૂર્વે તેઓ સવારે ૯:૩૦ કલાકે પ્રયાગરાજ પહોંચીને બડે હનુમાનજી મંદિરના દર્શન-પૂજન કરશે. તેઓ પ્રયાગરાજના પ્રવાસ દરમિયાન ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પ્રયાગરાજમાં ઊભા કરવામાં આવેલા ગુજરાત પેવેલિયનની મુલાકાત કરશે અને સાંજે ગાંધીનગર પરત આવશે.

# અમદાવાદ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૫-૨૬નું ૧૪ હજાર કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬નું ૧૪ હજાર કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જે ૨૦૨૪-૨૫ ના બજેટ કરતા ૩૨૦૦ કરોડનો વધારો દર્શાવે છે. આ બજેટમાં શહેરમાં વિકાસ કામોની મોટી જાહેરાતો કરવામાં આવી હતી. જેમાં વાઇટ ટોપિંગ રોડ, રોડ-રસ્તાનો વિકાસ, નવું ડેટા સેન્ટર, નવા ગાર્ડન, નવા ફાયર સ્ટેશન, નવા અર્બન હેલ્થ સેન્ટર, નવા સ્પોર્ટ્સ સાયન્સ સેન્ટર, નવા રેલવે બ્રિજ, ઓવર અને અન્ડરબ્રિજની જાહેરાતો કરવામાં આવી હતી.

ઓલિમ્પિક ૨૦૩૬ ને ધ્યાનમાં લઈ અમદાવાદ શહેરમાં સ્પોર્ટ્સ પ્રવૃત્તિને વેગ આપવા માટે શહેરના દરેક ઝોનમાં વિવિધ જગ્યાએ સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રકચર સ્થાપવાની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી હતી. એએમટીએસમાં નવી ૧૨૦ બસ ઉમેરવામાં આવશે.

આર.ટી.ઓ. ખાતે મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ વિકસાવાશે. ઘુમા ખાતેના પ્લોટમાં ઈન્ટિગ્રેટેડ મોડલનું ટર્મિનસ બનાવશે તથા ડેઇલી ટિકિટ પાસ મોબાઇલ એપ દ્વારા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરમાં નવા ૨૨ ગાર્ડન તૈયાર કરવામાં આવશે. ૨૦ મેટ્રો સ્ટેશનની આસપાસનાં વિસ્તારોને ૨૭૦ કરોડનાં ખર્ચે વિકાસ કરાશે. લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમમાં ૨૧ કરોડના ખર્ચે 'નમોવન' તૈયાર કરાશે. નવરંગપુરા વિસ્તારમાં સી.જી. રોડ આસપાસનાં ૩ રસ્તા ૯૭ કરોડનાં ખર્ચે તૈયાર કરાશે. ૨૭ કરોડનાં ખર્ચે ૫૧ વાઇટ ટોપિંગ રોડ તૈયાર કરાશે. ભદ્ર પ્લાઝા પરિસરનું ૧૦ કરોડનાં ખર્ચે રિડેવલપ કરાશે. નવા પાંચ અર્બન હેલ્થ સેન્ટરનું નિર્માણ કરવામાં આવશે. લાંભા, રામોલ, શાહીબાગમાં નવા ફાયર સ્ટેશન તૈયાર કરાશે. ૯૦ કરોડના ખર્ચે પંચવટી જંક્શન ઓવરબ્રિજનું નિર્માણ કરાશે.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓને વિકાસ કામો માટે ૭૧૦ કરોડ રૂપિયા ફાળવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નવરચિત મહાનગરપાલિકાઓ નગરજનોની જન સુખાકારી માટેનાં કામો પણ ફુલ ફલેજ્ડ હાથ ધરી શકે તે માટે વહીવટી ક્ષમતાવર્ધન અને સાધન સામગ્રી સહિતની આંતરમાળખાકીય સુવિધા માટે છ મહાનગર પાલિકાઓ માટે ૨૦૮ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નવી રચાયેલી આણંદ, નડિયાદ, મોરબી, વાપી, નવસારી અને ગાંધીધામ એમ છ મહાનગરપાલિકાઓ સહિત સુરત, રાજકોટ, વડોદરા અને જામનગર તથા ભાવનગર મહાનગરપાલિકા અને પાટણ, વડનગર, સિદ્ધપુર અને કડી નગરપાલિકાને એક જ દિવસમાં સમગ્રતયા ૭૧૦ કરોડ રૂપિયા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે વિકાસ કામો માટે મંજૂર કર્યા હતા. આણંદ મહાનગરપાલિકામાં સિટી બ્યુટિફિકેશન અને સફાઈ કામગીરી અંતર્ગત સ્ટ્રીટ લાઈટ, રોડ-રસ્તા, વેસ્ટ કલેક્શન અને ડિસ્પોઝલ, શહેરી બ્યુટિફિકેશન પ્રવૃત્તિઓ માટે રૂ. ૧૦ કરોડ તેમજ મહાનગરપાલિકાની વહીવટી ક્ષમતામાં વધારો કરવાનાં કામો અંતર્ગત ઇન્ફોર્મેશન ટેકનોલોજી ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામો હાથ ધરવા માટે રૂ.૧૦ કરોડ મળી કુલ રૂ. ૨૦ કરોડ વિકાસકામો માટે મંજૂર કરવામાં આવ્યાં હતાં.આ ઉપરાંત નવા ટાઉનહોલના નિર્માણ માટે ૨૫ કરોડ ફાળવવામાં આવ્યા હતા. મોરબી મહાનગરપાલિકામાં સિટી બ્યુટિફિકેશન અને સફાઈ કામગીરી અંતર્ગત ડિવાઇડર, લાઇબ્રેરીના પેઇન્ટિંગ કામ, સ્ટ્રીટ લાઈટ મેન્ટેનન્સ, જેસીબી તથા રોડરોલર ખરીદી, ગાર્ડન મેન્ટેનન્સ, ડ્રેનેજ મેન્ટેનન્સ, યાંત્રિક સાધનો દ્વારા સફાઈ, ગાર્બેજ સ્પોટ કલેક્શન, લાઈટ સુશોભન સહિતનાં વિવિધ કામો માટે રૂ.૧૨.૨૦ કરોડ ફાળવવાની અનુમતિ આપી હતી. મોરબી મહાનગરપાલિકા મચ્છુ-૨ સિંચાઈ યોજનાની મુખ્ય નહેર લીલાપર ચોકડીથી રવાપર ચોકડી થઈને કંડલા બાયપાસ સુધીની ખુલ્લી નહેરને કોંક્રિટમાં કંડ્યુટમાં ફેરવવા ૫૫.૮૦ કરોડની મંજૂરી આપવામાં આવી હતી.વહીવટી ક્ષમતાવર્ધન માટે કોમ્પ્યુટર અને સ્કેનર, પ્રોજેક્ટર સુવિધા સહિત મીટિંગ હોલ, જી-સ્વાન સેટઅપ, ઓફિસ બિલ્ડિંગ અને ફર્નિચર, સહિતના કામો માટે ૧૨ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતાં.

નડિયાદ મહાનગરપાલિકામાં વિવિધ સુવિધાઓ સભર સિટી બસ સ્ટેન્ડના નિર્માણ માટે રૂ.૧.૮૯ કરોડ તથા સિટી બ્યુટિફિકેશન રૂ. ૧૦ કરોડ અને વહીવટી ક્ષમતાવર્ધન માટે રૂ.૧૦ કરોડ મંજૂર કર્યા હતાં. વાપી, નવસારી અને ગાંધીધામ મહાનગરપાલિકામાં ૧૦-૧૦ કરોડ ફાળવ્યા હતા. આ ઉપરાંત વડોદરા, સુરત, જામનગર, રાજકોટ સુરત, ભાવનગર જેવી મહાનગરપાલિકાઓને પણ વિકાસ કામો માટે ફંડની ફાળવણી કરી હતી.

# ગુજરાત સરકાર ચિપ ઉત્પાદક કંપનીઓને રોકાણ માટે આકર્ષવા તાઈવાનમાં ઓફિસ સ્થાપશે

અમદાવાદ: છેલ્લા બે વર્ષોમાં તાઈવાન અને અન્ય ક્ષેત્રોમાં મુખ્ય સેમિકન્ડક્ટર ઉદ્યોગના રોકાણકારોને સફળતાપૂર્વક આકર્ષિત કર્યા બાદ ગુજરાત સરકાર સેમિકન્ડક્ટર અને અન્ય ટેક ક્ષેત્રોમાંથી વધારાના રોકાણને રાજ્યમાં લાવવા માટે તાઈવાનની રાજધાની તાઈપેઈમાં ગુજરાત ડેસ્કની સ્થાપના કરી પ્રથમ વિદેશી ઓફિસ શરૂ કરવાની યોજના ધરાવે છે.

આ અંગે એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં વૈશ્વિક કંપનીઓને આકર્ષવા ગુજરાતે આગવી શરૂઆત કરી છે અને કંપનીઓ પહેલાથી જ રાજ્યમાં એકમોની સ્થાપના કરી રહી છે. તાઈવાન દુનિયામાં સેમીકન્ડકટર ચીપના ઉત્પાદનમાં સૌથી મોખરે છે અને અન્ય ટેક્નોલોજીમાં પણ અગ્રણી છે. હવે ગુજરાત સરકાર તાઈવાનના ચીપ ઉત્પાદકો અને તેના સંબંધીત ટેકનોલોજી સાથે જોડાયેલી કંપનીઓને ગુજરાતમાં રોકાણ કરવા અને પ્લોટ સ્થાપવા પ્રોત્સાહિત કરવા માટે તાઈપેઈમાં ગુજરાતની ઓફિસ સ્થાપવામાં આવશે. તાઈપેઈ શહેરમાં કેન્દ્રની કામગીરી ટૂંક સમયમાં શરૂ થવાની સંભાવના છે. ભારતની બહાર ગુજરાત સરકારની આ પ્રથમ ઓફિસ હશે.

અધિકારી સુત્રોએ જણાવ્યું હતું કે, સેમિકોન ઇન્ડિયા પ્રોગ્રામ હેઠળ ભારત સરકાર દ્વારા મંજૂર કરાયેલી પાંચ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટમાંથી ગુજરાતમાં ચાર પ્રોજેક્ટની સ્થાપના કરવામાં આવી રહી છે. સાણંદ જીઆઈડીસીમાં માઇક્રોન ટેક્નોલોજી ઇન્ક, સીજી સેમી અને કેઇન્સ સેમીકોન દ્વારા મુખ્ય પ્રોજેક્ટ સાથે એક ચિપ પેકેજિંગ ક્લસ્ટર વિકસાવવામાં આવી રહ્યું છે. તદુપરાંત, ટાટા ઈલેક્ટ્રોનિક્સ પ્રા. લિ. દ્વારા ધોલેરા એસઆઈઆરમાં ભારતની પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબની સ્થાપના કરવામાં આવી રહી છે. આ ઉપરાંત રાજ્ય સરકાર સેમીકન્ડક્ટર ક્ષેત્રે કાર્યરત કંપનીઓના વૈશ્વિક વડાઓ અધિકારીઓ અને આ ક્ષેત્રે સંશોધન કરતા સાહસિકોને આમંત્રણ આપીને એક મોટા પરિસંવાદ કમ ટેક્નોલોજી પ્રદર્શનનું આયોજન કરી રહ્યું છે.

# સુરત જિલ્લાના ધજ ગામ બાદ ઓલપાડના નઘોઈ ગામને ઈકો વિલેજ તરીકે ડેવલપ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્માર્ટ વિલેજ, આદર્શ ગામ, ગોકુળિયું ગામ જેવા શબ્દો આપણા કાને અવારનવાર પડતા હોય છે, ત્યારે ઊંચા પર્વતોની હારમાળા અને જંગલની વચ્ચે આવેલું ગોકુળિયા ગામ સમાન સુરત જિલ્લાના માંડવી તાલુકાનું ધજ ગામ ગુજરાતનું પહેલું ઈકો વિલેજ છે.

સુરત વન વિભાગની માંડવી ઉત્તર રેન્જમાં અંતરિયાળ જંગલ વિસ્તારમાં આવેલું સંપૂર્ણ વન વસાહતી આ ગામ પર્યાવરણ, પ્રગતિનો તાલમેલ જાળવીને દેશનાં અન્ય ગામોને પ્રેરણા આપી રહ્યું છે. રાજ્યમાં પર્યાવરણ પ્રત્યે સામૂહિક ચેતના આવે અને આર્થિક વિકાસની સાથોસાથ પર્યાવરણને સંતુલિત કરી શકાય તેવા શુભ આશયથી વર્ષ ૨૦૧૬માં ધજ ગામને ઈકો વિલેજ જાહેર કરાયું હતું. આવનાર સમયમાં સુરતના ઓલપાડ તાલુકાના નઘોઈ ગામને ઈકો વિલેજ તરીકે ડેવલપ કરાશે, એમ નાયબ વન સંરક્ષક આનંદકુમારે જણાવ્યું હતું.

સુરત જિલ્લાના માંડવી તાલુકા મથકથી ૨૭ કિ.મી અંતરે માલધા ગ્રુપ ગ્રામપંચાયતની હદમાં ધજ ગામ એક સમયે પ્રાથમિક સુવિધાથી વંચિત હતું. ગામમાં પાકા રસ્તા કે વીજળીની સુવિધા ન હતી. ગ્રામજનો જંગલ પેદાશો પર નિર્ભર હતા. પર્યાવરણ સુધારણા અને પ્રદૂષણ નિયંત્રણનું કામ કરવા ગુજરાત ઈકોલોજી કમિશને ધજ ગામને ઈકો વિલેજ જાહેર કરી પાયાની સુવિધા પૂરી પાડી છે.

નાયબ વન સંરક્ષક આનંદકુમારે જણાવ્યું હતું કે, ૨૦૧૬માં ધજ ગામ ઈકો વિલેજ જાહેર થયા બાદ પર્યાવરણની જાળવણી માટે બાયોગેસ, ભૂગર્ભ જળ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, સૌર ઊર્જા સંચાલિત સ્ટ્રીટ લાઈટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. ગામના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પ્રત્યે જાગૃત્ત બને એવા સઘન પ્રયાસો હાથ ધરાયા છે.

આગામી સમયમાં વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઓલપાડ તાલુકાના નઘોઈ ગામને ઈકો વિલેજ તરીકે વિકસાવવામાં આવશે. ઉત્તર રેન્જ ફોરેસ્ટ ઓફિસર રવિન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું કે, ધજ ગામમાં ઘરે-ઘરે સોલાર લાઈટ, વરસાદી પાણીના સંગ્રહ માટે ભૂગર્ભ જળ ટાંકા, ગોબર ગેસના યુનિટ અને સ્મશાન ગૃહ, મોબાઈલની કનેક્ટિવિટી માટે ટાવર, પશુપાલન સાથે સંકળાયેલી મહિલા માટે દૂધમંડળી તેમજ ગામના ઘનકચરા માટે વર્ગીકૃત્ત ઘનકચરા યુનિટની સુવિધા વનવિભાગ દ્વારા મળી છે.

ભારતના મધ્ય પ્રદેશનું ભગુવાર, તમિલનાડુનું ઓરોવિલે અને ઓડનથુરાઈ, નાગાલેન્ડનું ખોનોમા, રાજસ્થાનના પીપલાન્ત્રી અને આરનાઝારના, મહારાષ્ટ્રના ગોવર્ધન અને હિવારે બજાર, ઓડિશાનું સિદ્ધાર્થ, જમ્મુ કશ્મીરનું સાગ, ગુજરાતનું ધજ ગામ મોડેલ ઈકો વિલેજ છે.

# ગુજરાતના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪માં સુધારો કરવા કમિટી રચાઈ

અમદાવાદ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં સુધારા કરવા શિક્ષણ વિભાગ દ્વારા કમિટીની જાહેરાત કરવામાં આવી હતી. જોગવાઈમાં સ્પષ્ટતા ન હોવાથી ઊભી થતી સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે કમિટીની જાહેરાત કરવામાં આવી હતી. આ કમિટી જરૂરી સુધારા કરવાની કામગીરી કરશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં સુધારા કરવા સરકારના શિક્ષણ વિભાગ દ્વારા એક કમિટીની રચના કરવામાં આવી હતી. ગુજરાત શિક્ષણ બોર્ડના અધ્યક્ષ સ્થાને રચાયેલી કમિટીમાં કુલ ૮ સભ્યો હશે. આ વિનિયમો-૧૯૭૪ની જોગવાઈઓમાં સ્પષ્ટતા ન હોવાથી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાનું અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની રચના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૩ હેઠળ કરવામાં આવી છે. આ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલીકરણ માટે કલમ-૫૩ હેઠળ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ઘડવામાં આવ્યો હતો. તેમાં જરૂર જણાયે વખતો-વખત સુધારો પણ કરવામાં આવ્યો હતો. તેમ છતાં જોગવાઈઓની સ્પષ્ટતા નહીં હોવાના કારણે હાઈકોર્ટ તેમ જ ટ્રિબ્યુનલમાં સરકાર પક્ષે બચાવની યોગ્ય કાર્યવાહી થઈ શકતી નથી તેમજ બિનજરૂરી ગૂંચવણ ઊભી થતી હતી. આ ગૂંચવણના કારણે કેસનો સમયસર નિકાલ નહતો થતો અને સરકાર પક્ષે નાણાંકીય ભારણ વધતું. જેથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમોમાં સુધારો કરવા માટે સમિતિની રચના કરવાની જરૂર જણાતા શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં સુધારો કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષસ્થાને સમિતિની નિમણૂક કરવામાં આવી હતી.

# અમદાવાદના બાવળામાં દુર્ગાધામ દ્વારા સનાતનના શંખનાદ કાર્યક્રમમાં ૧૦૦ જ્ઞાતિના પ્રતિનિધિઓ ભાગ લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દુર્ગાધામ દ્વારા ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રાજો ભમાસરા ખાતે સનાતનનો શંખનાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા ૧૦૦ જેટલી જ્ઞાતિના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહેશે. રાજ્યના વિવિધ ધાર્મિક અને સામાજિક આગેવાનો એકમંચ પર એકત્રિત થશે.

દુર્ગાધામના પ્રમુખ ભાવેશભાઈ રાજ્યગુરુએ જણાવ્યુ હતું કે, દુર્ગાધામ દ્વારા સનાતનનો શંખનાદનો કાર્યક્રમ ત્રણ મુદ્દાની ચર્ચા કરવા અને તેના પર ઠરાવ પાસ કરાશે. દીકરીના લગ્નની ઉંમર ૧૮ને બદલે ૨૧ કરવાની સલાહ આપવામાં આવશે અને સર્વાનુમતે આ વિષય પર ચર્ચા કરીને ઠરાવ કરવામાં આવશે. આંતરજ્ઞાતિય લગ્ન અટકાવવા માટે જ્ઞાતિ સંસ્કાર યજ્ઞના આયોજન પર ચર્ચા કરાશે. લગ્ન અને છૂટાછેડાની માહિતી ઓનલાઈન પોર્ટલ પર ઉપલબ્ધ રહે તે માટે સરકાર પાસે માગણી કરવામાં આવશે. વડા પ્રધાન મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા સનાતન ધર્મને લગતા કાયદા ઘડવા અને રામ મંદિર નિર્માણ માટે અભિનંદન પાઠવવા ધન્યવાદ પ્રસ્તાવ મુકાશે.

ભાવેશભાઈ રાજ્યગુરુએ વધુમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં ૧૦થી વધુ ધારાસભ્યો હાજર રહશે. અનેક સંસ્થાઓના વડા પણ વિશેષ હાજરી આપશે. સમાજમાં સનાતન ધર્મના સિદ્ધાંતો, જ્ઞાતિ સંસ્કાર અને પરંપરાગત મૂલ્યોને મજબૂત બનાવાનો છે. દીકરીનાં લગ્ન ૧૮ વર્ષના બદલે ૨૧ વર્ષે કરવામાં આવે તો પ્રેમલગ્નમાં ૫૦ ટકાનો ઘટાડો થઈ શકે. વિધર્મી લગ્નમાં ૮૦ ટકા સુધીનો ઘટાડો થવાની શક્યતા છે. માતા-પિતાની સહમતિથી લગ્ન ફરજિયાત બનાવવાથી સમાજમા સકારાત્મક ફેરફારો આવી શકે. મોટી થતા લગ્ન અટકાવવા અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા મદદ મળી શકે છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, જ્ઞાતિ સંસ્કારને સનાતનધર્મમાં મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવેલ છે. આ સંસ્કાર પરંપરાને અને સમાજને એકઠા કરવામાં મદદરૂપ થાય છે. ટૂંક સમયમાં દુર્ગાધામ ખાતે જ્ઞાતિ સંસ્કાર યજ્ઞનું આયોજન કરવામાં આવશે. વિધર્મી લગ્નના પ્રતિક્રિયાઓ અને તેમાંથી મળતાં પરિણામો પર ચર્ચા કરવામાં આવશે. આ ચર્ચામાં દરેક જાતિ, સમાજના આગેવાનોને આમંત્રિત કરવામાં આવશે. ધાર્મિક અને સામાજિક આગેવાનોના સહયોગથી આ અભિયાનનો વ્યાપક પ્રચાર કરવામાં આવશે. ગુજરાતના ૧૮૨ ધારાસભ્યોને આ કાર્યક્રમ દ્વારા આ વિષય પર પોતાના મત પ્રગટ કરવા આવાહ્ન કરાશે. આ કાર્યક્રમ દરમિયાન કલા, મીડિયા અને વ્યવસાયિક ક્ષેત્રમાં શ્રેષ્ઠ કાર્યકર્તા સમાજના મહાનુભાવોનું સન્માન કરવામાં આવશે.

# અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ૩૩ ગુજરાતીઓને અમદાવાદ ઍરપોર્ટથી પોલીસની મદદથી સુરક્ષિત ઘરે પહોંચાડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમેરિકાથી ૩૩ ગુજરાતીઓ સહિત ૧૦૪ ભારતીય ઈમિગ્રન્ટસને વિમાન માર્ગે પરત મોકલવામાં આવ્યા હતાં. જેમાં ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લાના ૩૨ લોકોનો સમાવેશ થાય છે. આ તમામ ગુજરાતીઓ ગુરુવારે અમદાવાદ પહોંચ્યા હતાં. પોલીસ દ્વારા તેમના વાહનમાં જ આ લોકોને તેમના વતન લઈ જવામાં આવ્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર આવેલા ૩૩ ગુજરાતીની અહીં પૂછપરછ કરાઈ નહોતી. પરંતુ તેમના વતનમાં લઈ ગયા બાદ જે-તે જિલ્લાની એલસીબી કચેરીઓ તેમનું ઈન્ટ્રોગેશન કરશે તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી. અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ૩૩ ગુજરાતીઓ અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા તે પહેલા અમદાવાદ પોલીસ દ્વારા તેમને સુરક્ષિત તેમના ઘરે પહોંચાડવા અને તે પહેલા સ્થાનિક એલસીબીમાં તેમના નિવેદન નોંધાવવા માટેની આખી વ્યવસ્થા કરવામાં આવી હતી.

અમદાવાદ એરપોર્ટ પર જ્યારે ફ્લાઈટ લેન્ડ થઈ ત્યારે તેમને ડોમેસ્ટિક લોન્જની પાસે બધાને રોકવામાં આવ્યા હતા અને ત્યાં આઇબીના કેટલાક કર્મચારીઓ હાજર હતા. તેમને એરપોર્ટની બહાર લઈ જવામાં આવ્યા ત્યારે સ્થાનિક પોલીસ દ્વારા તેમના પાસપોર્ટ અને કોન્ટેક નંબરની ખરાઈ કરવામાં આવી હતી. આ તમામને આગળની તપાસ ક્યારે કરાશે તે અંગે સ્થાનિક એલસીબી પ્રાથમિક નિવેદન લેશે અને આગળની પ્રક્રિયા હાથ ધરાશે. અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ૩૩ ગુજરાતીઓમાં વડોદરાના લુણા ગામની ખુશ્બૂ પટેલ પણ પરત ફરતાં વડોદરા પોલીસની ટીમ અમદાવાદથી તેને લઈને પાદરા અને બાદમાં લુણા ગામ તેના ઘર ખાતે પહોંચી હતી. દીકરીને જોતાં જ માતા-પિતાએ ખુશી વ્યક્ત કરી હતી. જ્યારે ભાઈએ કહ્યું હતું કે પોતાની બહેન સહિત જે લોકોને અમેરિકાથી અમૃતસર લાવવામાં આવ્યા ત્યારે પ્લેનમાં હાથકડી પહેરાવી કેદી જેવો વ્યવહાર કરાયો. વડોદરા પોલીસે ખુશ્બૂ પટેલની પ્રાથમિક પૂછપરછ તેમના ઘર પર જ કરી હતી.

# વિશ્વામિત્રી નદીમાં પ્રથમ દિવસની ગણતરીમાં ૨૫૦ મગરો દેખાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાની વિશ્વામિત્રી નદીમાં મગરની ગણતરી શરૂ કરવામાં આવી હતી. પ્રથમ દિવસે ૨૫૦થી વધુ મગર દેખાયા હોવાનું રેસ્ક્યૂ ટીમનાં સૂત્રો તરફથી જાણવા મળ્યું હતું. મગરની ગણતરી માટે ૨૩૦ લોકોની ટીમ કામ કરી રહી છે. વડોદરામાં ગત ચોમાસાની સિઝનમાં આવેલા પૂર બાદ વિશ્વામિત્રી નદીમાં ડિસિલ્ટિંગનું કાર્ય શરૂ કરવામાં આવશે. આ પહેલા ગીર ફાઉન્ડેશન સાથે મળીને વિશ્વામિત્રી નદીમાં મગરની વસતી ગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. બુધવારે શરૂ થયેલી ગણતરી દરમિયાન ૨૫૦ જેટલા મગરો દેખાયા હોવાનું જાણવા મળ્યું હતું. મગરની ગણતરી કરતી ટીમના સભ્યોનું કહેવું હતું કે, પૂરના કારણે નદીનું ધોવાણ થયું છે. જેના કારણે તટીય વિસ્તાર નાનો થયો હોવાથી આ વખતે મગરની ગણતરી પડકારરૂપ બની છે. મગરના શરીરનો કોઇ ભાગ કપાયો હોય તો પણ તેની નોંધ કરવામાં આવે છે.

# ગુજરાતમાં ૧.૧૧ લાખ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા આપશે

અમદાવાદ: ગુજરાત શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે.તે અગાઉ ધોરણ ૧૨ સાયન્સની ગુરુવારથી પ્રાયોગિક પરીક્ષા શરૂ થઈ હતી. રાજ્યમાંથી ૧.૧૧ લાખ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. જે દિવસે પરીક્ષા પૂર્ણ થાય તે દિવસે શિક્ષકોએ માર્કસ મૂકવાના રહેશે. ગુજરાત બોર્ડની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. જેમાં કુલ ૧૪.૨૮ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. આ વિદ્યાર્થીઓ પૈકી ૧,૧૧,૦૦૦ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ સાયન્સમાં છે. તેમની પ્રાયોગિક પરીક્ષા શરૂ થઈ ગઈ છે. રાજ્યની અલગ અલગ સ્કૂલોમાં વિદ્યાર્થીઓની ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી એમ ત્રણ વિષયની પ્રાયોગિક પરીક્ષા શરૂ થઈ છે. આ પરીક્ષા ૧૭ ફેબ્રુઆરી સુધી ચાલશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણ અધિકારી રોહિત ચૌધરીએ વિજયનગર સ્કૂલમાં વિદ્યાર્થીઓનું ફૂલ આપીને સ્વાગત કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન પણ આપ્યું હતું. તેમણે વર્ગમાં જઈને પરીક્ષાનું નિરીક્ષણ પણ કર્યું હતું અને સંચાલક તથા પરીક્ષા નિરીક્ષકને સૂચનાઓ પણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ધોરણ ૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા શરૂ થઈ છે. વિદ્યાર્થીઓ ભયમુક્ત વાતાવરણમાં શાંતિથી પરીક્ષા આપી શકે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે.

# નરેન્દ્ર મોદીના ‘પરીક્ષા પે ચર્ચા’નું નવું રૂપ

નવી દિલ્હીઃ બોર્ડ પરીક્ષાઓ પહેલા યોજાનાર ‘પરીક્ષા પે ચર્ચા’ કાર્યક્રમ આ વખતે નવી શૈલીમાં યોજાશે. આ વખતે ‘પરીક્ષા પે ચર્ચા’ ૨૦૨૫ કાર્યક્રમ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજવા જઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં વડા પ્રધાન મોદીની સાથે સદગુરુ, દીપિકા પાદુકોણ, મેરી કોમ અને પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા અવની લેખારા, સોનાલી સબરવાલ, વિક્રાંત મેસી, ભૂમિ પેડનેકર, યુટ્યુબર ટેક્નિકલ ગુરુજી, રાધિકા ગુપ્તા, ન્યુટ્રિશનિસ્ટ ઋજુતા દિવેકર વગેરે જેવા સેલિબ્રિટીઝ પણ વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષા વિશે તથા તણાવ ઓછો કરવા અંગે ટિપ્સ આપશે. આ કાર્યક્રમમાં કુલ ૨૫૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે અને શિક્ષણ મંત્રાલય તરફથી કીટ મેળવશે. આ કાર્યક્રમમાં દીપિકા પાદુકોણ માનસિક સ્વાસ્થ્ય પર વાત કરશે તો અવની લેખારા જીવનમાં પડકારોનો સામનો કરવાના તેમના અનુભવો શેર કરશે. મેરી કોમ પણ સંઘર્ષથી સફળતાની તેમની વાતો દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા આપશે જ્યારે આધ્યાત્મિક સદગુરુ તણાવ વ્યવસ્થાપન પર ખાસ ટીપ આપશે. નોંધનીય છે કે પીએમ મોદીનો પરીક્ષા પે ચર્ચા પરનો સંવાદ વિદ્યાર્થીઓને પરીક્ષાના તણાવને દૂર કરવામાં અને જીવનમાં જરૂરી કૌશલ્ય વિકસાવવામાં મદદ કરે છે. આ કાર્યક્રમ થકી પીએમ મોદી પોતાના અનુભવો શેર કરવાનું અને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરવાનું ચાલુ જ રાખશે. તાજેતરમાં જ પીએમ મોદીએ સોમવારે દિલ્હી ખાતે એક કાર્યક્રમમાં ૩૦થી ૪૦ વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા અને વર્ગ સંબંધિત તણાવ અંગે ચર્ચા કરી હતી અને વિદ્યાર્થીઓના રેન્કિંગ કેન્દ્રિત અભિગમ બદલવા પર ભાર આપ્યો હતો. ‘પરીક્ષા પે ચર્ચા’ના આ કાર્યક્રમ માટે આ વર્ષે ૩.૬ કરોડથી વધુ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં ૩.૩ કરોડ વિદ્યાર્થીઓ, ૨.૭ લાખ શિક્ષકો અને ૫.૫ લાખ વાલીઓનો સમાવેશ થાય છે. આ વર્ષના કાર્યક્રમમાં મહેમાનોના સંદેશાઓ સહિત કેટલાક રેકોર્ડ કરેલા વીડિયો પણ દર્શાવવામાં આવશે. ■

# મધ્ય પ્રદેશમાં વાયુસેનાનું પ્લેન ક્રેશ થયા બાદ આગ લાગી

## પાઈલટ ઈજાગ્રસ્ત

ભોપાલઃ મધ્ય પ્રદેશના શિવપુરી જિલ્લામાં ભારતીય વાયુસેનાનું ફાઈટર પ્લેન ક્રેશ થયું છે. ફાઈટર પ્લેન એક ગામની નજીક ખેતરમાં ક્રેશ થયું, ત્યારબાદ આગ ફાટી નીકળી હતી. ઘટના બાદ મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઘટનામાં બંને પાઇલટ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. પાઇલટોએ સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, નરવર તાલુકાના દબરાસાની ગામમાં ગુરુવારે બપોરે વાયુસેનાનું ફાઈટર પ્લેન ખેતરમાં ક્રેશ થયું હતું. ક્રેશ બાદ આગ લાગતા ફાઈટર પ્લેન બળીને રાખ થઈ ગયું છે. સૂત્રોના દ્વારા મળતી માહિતી મુજબ મધ્ય પ્રદેશના શિવપુરી નજીક ક્રેશ થયેલુ વિમાન ટુ-સીટર મિરાજ ૨૦૦૦ ફાઇટર પ્લેન હતું. આ પ્લેન નિયમિત ટેસ્ટ ફ્લાઈટ પર હતું. અકસ્માતના કારણો શોધવા માટે કોર્ટ ઓફ ઇન્કવાયરીનો આદેશ આપવામાં આવ્યો છે. પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે. પ્લેન ક્રેશ થવાનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. ■

# કૉંગ્રેસ પાસે ‘સબકા સાથ, સબકા વિકાસ’ની અપેક્ષા રાખવી એ ભૂલઃ મોદી

નવી દિલ્હીઃ રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર વડા પ્રધાન નરેન્દ્રએ મોદી આભાર પ્રસ્તાવ રજૂ કર્યો. આ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિએ દેશને ભવિષ્યની દિશા પણ બતાવી છે. રાષ્ટ્રપતિનું ભાષણ પ્રેરણાદાયક, પ્રભાવશાળી હતું અને આપણા બધા માટે ભવિષ્યના પગલાં માટે માર્ગદર્શિક પણ હતું. હું માનનીય રાષ્ટ્રપતિજીના સંબોધન બદલ તેમનો આભાર માનુ છું. તેમણે કહ્યું કે ૭૦ થી વધુ માનનીય સાંસદોએ તેમના મૂલ્યવાન વિચારોથી આ આભાર પ્રસ્તાવને સમૃદ્ધ બનાવવાનો પ્રયાસ કર્યો છે. અહીં શાસક પક્ષ અને વિપક્ષ બંને તરફથી ચર્ચાઓ થઈ; દરેકે પોતાની રીતે રાષ્ટ્રપતિના ભાષણને સમજાવ્યું. અહીં સબકા સાથ, સબકા વિકાસ વિશે ઘણું કહેવામાં આવ્યું. આમાં શું મુશ્કેલી છે તે હું સમજી શકતો નથી. તેમણે કહ્યું કે જ્યાં સુધી કૉંગ્રેસનો સવાલ છે, તેમની પાસેથી સબકા સાથ, સબકા વિકાસની અપેક્ષા રાખવી એ મોટી ભૂલ હશે. આ તેમની વિચારસરણી અને સમજની બહાર છે. ઉપરાંત, તે તેમના રોડમેપ સાથે બંધબેસતું નથી. કારણ કે તે આટલી મોટી પાર્ટી છે, તે એક પરિવારને સમર્પિત થઈ ગઈ છે. સબકા સાથ, સબકા વિકાસ, તેમનાથી આ શક્ય નથી.

પીએમએ કહ્યું કે કૉંગ્રેસે રાજકારણનું એવું મૉડેલ બનાવ્યું છે જે જૂઠાણું, છેતરપિંડી, ભ્રષ્ટાચાર, ભાઈ-ભત્રીજાવાદ અને તુષ્ટિકરણનું મિશ્રણ હતું. જ્યાં દરેક વસ્તુનું મિશ્રણ હોય ત્યાં બધા ક્યારેય સાથે ન હોઈ શકે. કૉંગ્રેસના મૉડેલમાં, પરિવાર સૌથી પહેલા આવે છે, તેથી, તેઓ તેમની નીતિઓ, તેમના રિવાજો, તેમના વાણી અને તેમના વર્તનને સુધારવા માટે સખત મહેનત કરી રહ્યા છે.

વડા પ્રધાને કહ્યું કે જીવંત મીડિયા અને લોકશાહી ધરાવતા દેશે તેમને ત્રીજી વખત દેશની સેવા કરવાની તક આપી છે અને આ શક્ય બન્યું છે કારણ કે લોકોએ તેમના વિકાસ મૉડેલનું પરીક્ષણ કર્યું છે, સમજ્યું છે અને સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું, જો આપણે આ મૉડેલને એક શબ્દમાં સમજવું હોય તો તે ‘નેશન ફર્સ્ટ’ છે. આ ભાવના અને સમર્પણ સાથે, અમે અમારી નીતિઓ, અમારા કાર્યક્રમો, અમારા શબ્દો અને કાર્યો દ્વારા દેશની સેવા કરવાનો સતત પ્રયાસ કર્યો છે. મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિએ તેમના સંબોધનમાં ભારતની સિદ્ધિઓ, ભારત પાસેથી વિશ્વની અપેક્ષાઓ, ભારતના સામાન્ય લોકોનો આત્મવિશ્વાસ, ભારતનો વિકાસ કરવાનો સંકલ્પ જેવા તમામ વિષયો પર વિગતવાર ચર્ચા કરી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કૉંગ્રેસ પાર્ટી પર કટાક્ષ કરતા કહ્યું, કૉંગ્રેસે બાબાસાહેબને ચૂંટણી હારી જાય તે માટે કોઈ કસર છોડી ન હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રત્યે કૉંગ્રેસને કેટલી નફરત અને ગુસ્સો હતો તે જાણીતું છે. તેમણે ક્યારેય બાબાસાહેબને ભારત રત્ન માટે લાયક માન્યા ન હતા. પરંતુ આજે તેઓ ‘જય ભીમ’ ના નારા લગાવવા મજબૂર છે.કૉંગ્રેસની રાજનીતિનો મંત્ર હંમેશાં બીજાઓની રેખાઓ ટૂંકી કરવાનો રહ્યો છે આના કારણે તેમણે સરકારોને અસ્થિર કરી. ■

# કઢી પકોડાના ભોજ બાદ અખાડાઓની મહાકુંભમાંથી વિદાય, પોતાની ધ્વજાઓ નીચે ઉતારી

મહાકુંભનગર (ઉત્તર પ્રદેશ): મહાકુંભમાં અખાડાઓએ કઢી-પકોડાના ભોજ સાથે પોતપોતાના ધ્વજને ઉતારવાની શરૂઆત કરી હતી. જોકે મહાકુંભમેળાનું ૨૬મી ફેબ્રુઆરીએ સ્નાન સાથે સમાપન થશે, પરંતુ હવે મહાકુંભનું ગૌરવ એવા ૧૩ અખાડાઓ સંપૂર્ણપણે વિદાય લેવાનો સમય આવી ગયો છે. મહાકુંભમેળાના મુખ્ય આકર્ષણો અખાડાઓનું વસંતપંચમીના રોજ અંતિમ અમૃત સ્નાન બાદ કઢી-પકોડાના ભોજન સાથે મહાકુંભમેળામાંથી પ્રસ્થાનની શરૂઆત થઇ ગઇ છે. આમાં સંન્યાસી (શિવના ઉપાસકો), બૈરાગી (રામ અને કૃષ્ણના ઉપાસકો) અને ઉદાસીન (પંચદેવના ઉપાસકો)ના તમામ ૧૩ અખાડાઓનો સમાવેશ થાય છે.

જ્યારે બૈરાગી સંપ્રદાયના પંચ નિર્વાણી અખાડાના ૧૫૦ જેટલા સાધુ-સંતો વસંતપંચમીના બીજા દિવસે કઢી પકોડાના ભોજન કરીને અહીંથી પ્રસ્થાન કરી ચૂક્યા છે. ત્યારે નાગા સંન્યાસીઓના જૂના અખાડા ૭ ફેબ્રુઆરીએ કઢી પકોડાનો ભોજ કર્યા બાદ અહીંથી પ્રસ્થાન કરવાની શરૂઆત કરશે. જૂના અખાડાના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા શ્રી મહંત નારાયણગિરીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, ‘‘અમારા અખાડામાં સાત ફેબ્રુઆરીએ કઢી પકોડાનો ભોજ થશે ત્યારબાદ સાધુ-સંતો ધર્મની ધજાની દોરીને ઢીલી કરી દેશે અને અહીંથી પ્રસ્થાન કરવાની શરૂઆત કરશે.’’

શ્રી મહંત નારાયણ ગિરીએ કહ્યું, અહીંથી સાધુ-સંતો કાશી જવા રવાના થશે જ્યાં તેઓ મહાશિવરાત્રી સુધી રોકાશે અને શોભાયાત્રા કાઢીને કાશી વિશ્વનાથના દર્શન કર્યા બાદ સ્મશાનની હોળી રમશે અને ગંગામાં સ્નાન કરશે. આ પછી તેઓ પોતપોતાના મઠો અને આશ્રમો માટે રવાના થશે. શ્રી મહંત નારાયણ ગિરિએ જણાવ્યું કે કાશીમાં જૂનાની સાથે આવાહન અને પંચ અગ્નિ અખાડાના સંતો પણ શોભા યાત્રા કાઢે છે અને સ્મશાનની હોળી રમીને અને ગંગામાં સ્નાન કરીને પોતપોતાના ગંતવ્ય સ્થાનો માટે રવાના થાય છે.

તેમણે કહ્યું કે બૈરાગી અખાડાઓમાં કેટલાક સાધુ-સંતો અયોધ્યા જાય છે અને કેટલાક વૃંદાવન જાય છે જ્યાં તેઓ ભગવાન રામજી સાથે હોળી રમે છે. જ્યારે ઉદાસીન અને નિર્મલ અખાડાના સાધુ સંતો પંજાબ (આનંદપુર સાહિબ) જાય છે. શ્રી પંચ નિર્વાણી અની અખાડા સાથે સંકળાયેલા અયોધ્યાના હનુમાનગઢીના મહંત રાજુ દાસે પીટીઆઈને જણાવ્યું કે, વસંતપંચમીના બીજા જ દિવસે અમારા અખાડામાં કઢી પકોડાનો ભોજ માણ્યા બાદ લગભગ ૧૫૦ સંતો મેળામાંથી નીકળી ગયા હતા અને લગભગ ૩૫ સંતો અહીં રોકાયા હતા. ઠાકુરજીને અહીંથી હટાવ્યા બાદ ધર્મનો ધ્વજ નીચો કરવામાં આવશે. ■

# બિહારના ગયામાં જેડીયુ નેતાની ગોળી મારી હત્યા

ગયાઃ બિહારના ગયા જિલ્લામાં જનતા દળ યુનાઇટેડ (જેડીયુ) ના સ્થાનિક નેતા મહેશ મિશ્રાની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. નાયબ પોલીસ અધિક્ષક (કાયદો અને વ્યવસ્થા) રવિ પ્રકાશ સિંહે ગુરુવારે આ માહિતી આપી હતી. આ મામલે પોલીસે ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી હતી. સિંહે જણાવ્યું હતું કે અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે મિશ્રાનો તેના સંબંધી સાથે જમીન અંગે વિવાદ હતો અને તે બુધવારે રાત્રે એક મિજબાનીમાં હાજરી આપવા ગયા હતા ત્યારે રાહ જોઈ રહેલા હુમલાખોરોએ તેમના પર ગોળીબાર કર્યો હતો. સિંહના જણાવ્યા મુજબ, મિશ્રા બેલાગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના ચિરૈલા પંચાયતના ડેપ્યુટી ચીફ અને જેડીયુ બ્લોક સેક્રેટરી હતા. ગયા પોલીસ દ્વારા જાહેર કરાયેલા નિવેદન અનુસાર, પાંચમી ફેબ્રુઆરીની રાત્રે બેલાગંજ પોલીસ સ્ટેશનને માહિતી મળી કે ચુલીહારા બિઘા ગામમાં એક વ્યક્તિની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે, જેના પગલે સ્ટેશન ઇન્ચાર્જ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને તપાસ શરૂ કરી હતી. આ ઘટના મામલે ચુલીહારા બિઘા ગામના રહેવાસી કામતા મિશ્રા, સુધીર મિશ્રા અને રણધીર મિશ્રાની ધરપકડ કરવામાં આવી છે અને વધુ કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ■

# બિહારમાં કસ્ટોડિયલ ડેથ મામલે પોલીસ સ્ટેશનમાં તોડફોડ

મુઝફ્ફરપુરઃ બિહારના મુઝફ્ફરપુર જિલ્લાના એક પોલીસ સ્ટેશનમાં કસ્ટોડિયલ ડેથને લઈને ગુરુવારે હિંસક ટોળાએ તોડફોડ કરી હતી.

જિલ્લા પોલીસના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઘટના બાદ કાંતિ પોલીસ સ્ટેશનના એસએચઓ અને અન્ય બે અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

જોકે પોલીસે દાવો કર્યો હતો કે ચોરીના કેસમાં પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા શિવમ કુમારે લોકઅપની અંદર ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી પણ, મૃતકના પરિવારજનોએ આરોપ લગાવ્યો હતો કે પોલીસની નિર્દયતાને કારણે કસ્ટડીમાં તેનું મૃત્યુ થયું હતું.

આ વ્યક્તિના મૃત્યુના સમાચાર ફેલાતાં જ તેના સંબંધીઓ અને લોકોના મોટા જૂથે પોલીસ સ્ટેશનના ફર્નિચરને નુકસાન પહોંચાડી તોડફોડ કરી હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીઓની દરમિયાનગીરી બાદ જ પરિસ્થિતિ કાબૂમાં આવી શકી હતી. પત્રકારો સાથે વાત કરતા, મુઝફ્ફરપુરના એસએસપી શુશીલ કુમારે કહ્યું કે, ‘‘સીસીટીવી ફૂટેજના આધારે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે શિવમે ગુરુવારે સવારે ૩ વાગ્યાની આસપાસ કાંતિ પોલીસ સ્ટેશનના લોકઅપની અંદર ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી.’’ ‘‘તે કસ્ટોડિયલ ડેથ હોવાથી, પોલીસ સ્ટેશનના એસએચઓ સહિત, ભૂલ કરનાર પોલીસ અધિકારીઓ સામે વિભાગીય પગલાં લેવામાં આવ્યા છે. ત્રણ અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે,’’ એમ તેમણે જણાવ્યું હતું.

ફોરેન્સિક નિષ્ણાતોને સ્થળ પર મોકલવામાં આવ્યા છે અને ત્રણ ડોકટરોની ટીમ પોસ્ટમોર્ટમ કરશે, એમ એસએસપીએ જણાવ્યું હતું.

જ્યારે મૃતકના પરિવારજનો દ્વારા લગાવવામાં આવેલા આરોપો વિશે પૂછવામાં આવ્યું ત્યારે એમણે કહ્યું કે, ‘‘જિલ્લા પોલીસે આ મામલે મેજિસ્ટ્રિયલ અને જ્યુડિશિયલ તપાસ માટે સંબંધિત અધિકારીઓનો સંપર્ક કર્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ પછી જ વસ્તુઓ સ્પષ્ટ થશે. આવા કેસોમાં સુપ્રીમ કોર્ટ અને રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર તપાસ કરવામાં આવી રહી છે.’’ ■

## સિટી ન્યૂઝ

# દેવાના ડુંગર હેઠળ દબાયેલું મહારાષ્ટ્ર અનેક કલ્યાણ યોજના બંધ કરી દેશે?

મુંબઇઃ મહારાષ્ટ્ર સરકારે, રાજ્યની નાણાકીય સમસ્યાઓ હળવી કરવાના પ્રયાસરૂપે, શિવ ભોજન થાળી અને આનંદાચા શિધા નામની બે મુખ્ય યોજનાઓ બંધ કરવાનું વિચારી રહી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અધિકારીઓને બંને યોજનાઓની સમીક્ષા કરવાની સૂચના આપી છે, જેનો નિર્ણય માર્ચમાં આગામી બજેટ સત્ર દરમિયાન લેવામાં આવે તેવી અપેક્ષા છે.

શિવ ભોજન થાળી યોજના હેઠળ રાજ્યમાં કોઈ ગરીબ કે જરૂરિયાતમંદ ભૂખ્યું ન સુઈ જાય તેવા ઉદ્દેશ્ય સાથે મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૨૦૨૦માં શિવ ભોજન થાળી યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ બે રોટલી,શાક,દાળ અને ભાત સાથેની સંપૂર્ણ ભોજન થાળી રાહત દરે ૧૦ રૂપિયામાં આપવામાં આવે છે. શિવ ભોજન થાળી રાજ્યભરમાં ૧,૬૯૯ ભોજનાલયોમાં ૧,૮૮,૪૬૩ થાળીઓ મંજુર કરવામાં આવી છે.

દરરોજ આશરે ૧,૮૦,૦૦૦ થાળીનું વિતરણ કરવામાં આવે છે. દરરોજ ૨ લાખ થાળી પીરસવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. શિવભોજનની દૈનિક ૨ લાખ પ્લેટનો વાર્ષિક ખર્ચ આશરે ૨૬૭ કરોડ રૂપિયા છે, જે અંગે એવી દલીલ છે કે ગરીબો અને જરૂરિયાતમંદોને મળતા લાભને જોતા આ ખર્ચ નહિવત છે.

આનંદાચા શિધા યોજના એ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ તહેવાર કીટ વિતરણ કાર્યક્રમ છે. આ યોજનાનો ઉદ્દેશ્ય દિવાળી, ગૂડી પડવા અને ડો. બાબાસાહેબ આંબેડકર જયંતિ જેવા તહેવારો દરમિયાન પાત્ર લાભાર્થીઓને આવશ્યક વસ્તુઓ પૂરી પાડવાનો છે. લાભાર્થીઓને એક કિલો ખાંડ, એક લીટર તેલ, ૫૦૦ ગ્રામ રવો, ૫૦૦ ગ્રામ ચણાની દાળ, ૫૦૦ ગ્રામ મેંદો અને ૫૦૦ ગ્રામ પૌઆ સહીત ૬ વસ્તુઓની કિટ મળે છે. ■

# કાંદિવલીના રહેવાસીઓએ જાતે જ દાયકા જૂની ટ્રાફિકની સમસ્યાનો તોડ કાઢ્યો

મુંબઈઃ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે (ડબલ્યુઇએચ)ની પૂર્વમાં આવેલા કાંદીવલી ઈસ્ટમાં આવેલી ટાઉનશિપ લોખંડવાલા કોમ્પ્લેક્સના ૨૦ હજાર ફ્લેટ્સના રહેવાસીઓ છેલ્લા એક દાયકાથી ટ્રાફિકની સમસ્યા, એક્સિડન્ટ અને અવારનવાર સડક પર પરેશાન કરતી ઘટનાથી ત્રસ્ત છે. મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી) અને ટ્રાફિક પોલીસને કરવામાં આવેલી ફરિયાદો પછી પણ કોઈ પગલાં લેવામાં ન આવતા રહેવાસીઓએ જ ઘટતું કરવાનો નિર્ણય લીધો છે.

રહેવાસીઓએ એક બ્લુ પ્રિન્ટ તૈયાર કરી છે જે ટાઉનશિપ તરફ જતા માર્ગને વૈજ્ઞાનિક રીતે સુધારવાની વિગતો આપે છે. આ બ્લુ પ્રિન્ટ ટ્રાફિકનું સંચાલન કરવામાં મદદ કરશે આ પ્રયાસ તાજેતરમાં પાલિકા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ૯૦ ફૂટનો દોઢ કિલોમીટર રસ્તો ટાઉનશિપને હાઈવે સાથે જોડે છે. દુકાનો અને રસ્તાની બંને બાજુ પાર્ક કરવામાં આવેલી ઓટો રિક્ષા વચ્ચે ડ્રાઈવરોને વાહન ચલાવવાની ફરજ પડે છે. રસ્તામાં કચરાનો મોટો ઢગલો મુસીબતમાં વધારો કરે છે. ટાઉનશિપના પ્રવેશદ્વાર પાસે સંત જ્ઞાનેશ્વર ચોકમાં વર્ષોથી ઘણા અકસ્માત થયા છે. લોખંડવાલા ફાઉન્ડેશન સ્કૂલ પાસેનો વિસ્તાર પણ ચિંતાનો વિષય છે. અહીં ફૂટપાથ પણ નથી. ડ્રાઈવરો પૂરઝડપે વાહનો ચલાવતા હોવાથી બાળકોના જીવને જોખમ રહે છે. ■

# ઈકો - સેન્સિટિવ વિસ્તારમાં કચરાનું ડમ્પિંગઃ થાણેની પાલિકાને એનજીટીની નોટિસ

થાણેઃ કોસ્ટલ રેગ્યુલેશન ઝોન હેઠળ આવતી ગાયમુખ જેવી ઇકો-સેન્સિટિવ સાઇટ્સમાં મોટા પાયે ગેરકાયદે ડમ્પિંગ કરવા (કચરો ઠાલવવા) અંગે નેશનલ ગ્રીન ટ્રિબ્યુન (એનજીટી)એ થાણા મહાનગરપાલિકાને નોટિસ ફટકારી છે.

એડવોકેટ વૈભવ સાટમની ફરિયાદ પર ૨૯ જાન્યુઆરીએ આ નોટિસ જારી કરવામાં આવી હતી. ઉલ્લંઘન કરનારાઓ સામે પર કાર્યવાહી કેમ ન કરવામાં આવી એ અંગે એનજીટીએ થાણા પાલિકા પાસેથી ખુલાસો માંગ્યો હોવાનું સાટમે જણાવ્યું હતું.

ફરિયાદમાં સાટમે જણાવ્યું હતું કે પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬, કોસ્ટલ રેગ્યુલેશન ઝોન નોટિફિકેશન ૨૦૧૧ અને સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન સહિત ઇકો-સેન્સિટિવ ઝોનની માર્ગદર્શિકા દ્વારા સંચાલિત વિસ્તારોમાં ડમ્પિંગ થઈ રહ્યું છે. (પીટીઆઈ) ■

# નાશિકની જાણીતી હોટેલના પાર્કિંગ ઑરિયામાં કારે અડફેટમાં લેતાં બાળકનું મોત

નાશિકઃ નાશિક શહેરની જાણીતી હોટેલના પાર્કિંગ ઑરિયામાં રમી રહેલા ચાર વર્ષના બાળકને કારે અડફેટમાં લેતાં તેનું મૃત્યુ થયું હતું. અકસ્માત બાદ ઘટનાસ્થળેથી ફરાર થયેલા કારના ડ્રાઇવર સામે ગુનો દાખલ કરીને પોલીસે તેની શોધ આદરી હતી. મુંબઈ-આગ્રા નેશનલ હાઇવે પર પાથર્ડી ફાટા વિસ્તાર નજીક આવેલી હોટેલમાં બુધવારે સાંજે આ અકસ્માત થયો હતો. બાળકના પિતા ડ્રાઇવર છે અને તે બુધવારે સાંજે કેટલાક ગ્રાહકોને કારમાં હોટેલ ખાતે લઇ આવ્યો હતો. બાળક પણ તેના પિતા સાથે અહીં આવ્યો હતો. હોટેલમાં આવ્યા બાદ પિતાની કારમાંથી બાળક બહાર આવ્યો હતો અને પાર્કિંગ ઑરિયામાં રમવા લાગ્યો હતો.

દરમિયાન પિતા કાર પાર્ક કરવા માટે ગયા ત્યારે બીજી વ્યક્તિ ત્યાં આવી હતી અને પોતાની કાર બહાર કાઢી રહી હતી ત્યારે તેણે બાળકને અડફેટમાં લીધો હતો. અકસ્માત બાદ કારનો ડ્રાઇવર ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો.

અકસ્માતમાં ગંભીર ઇજા પામેલા બાળકને તેના પિતા અને હોટેલના સિક્યુરિટી ગાર્ડ હોસ્પિટલમાં લઇ ગયા હતા, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.

અકસ્માતની જાણ થતાં ઇન્દિરાનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ આદરી હતી. (પીટીઆઇ) ■

# સનદી અધિકારી બનવા માટેની પરીક્ષા યોજાશે મે મહિનામાં

## આના માટે ક્યાંથી મેળવશો યોગ્ય માર્ગદર્શન ?

દેશની શાસન વ્યવસ્થાની ધુરા અને બધો દોરી સંચાર સનદી અધિકારીઓના હાથમાં જ છે. સનદી અધિકારીઓ ધારે તો દેશની દશા અને દિશા બંને થોડા જ વર્ષોમાં બદલી શકે છે અને આપણો ભારત દેશ, વિશ્વમાં સર્વોપરી બનીને વિશ્વગુરુનું પદ મેળવી શકે છે.

એટલે આપણા સાધન સંપન્ન ગુજરાતીઓને, પોતાના સંતાનો માત્ર અને માત્ર પોતાના વ્યવસાયિક અને ધંધાકીય બાબતોને લગતું જ્ઞાન મેળવીને પોતાનો વ્યવસાય શરૂ કરવાની ધારણા રાખતા હોય છે. આઇએએસ, આઇસીએસ જેવા સનદી અધિકારી બનવા માટેની પરક્ષા આપવા માટે વડીલોએ પોતાના સંતાનોને માનસિક રીતે તૈયાર કરવા જોઈએ, જેથી કરીને સમાજ અને દેશની સર્વોત્તમ ઉન્નતિ અને વિકાસમાં તેઓ પણ પોતાનો ફાળો આપી શકે.

એ થાય આઇએએસ પરીક્ષાની તૈયારીના આધારે, કસ્ટમ્સ, ઇન્કમ ટેક્સ, જીએસટી, સીબીઆઇ, ડીઆરઆઇ, ઇડી, બૅન્કિંગ, વીમા, રેલવે જેવા સરકારી વિભાગોમાં, ઉચ્ચ હોદ્દાવાળી નોકરી મેળવવા માટેની પરીક્ષા માટે, કોઈપણ પ્રકારની વધારાની તૈયારી કરવાની જરૂર પડતી નથી. કારણકે ઉપરની બધી સરકારી નોકરી મેળવવા માટેની પરીક્ષાના વિષયો, જેવાકે જનરલ નોલેજ, જનરલ ઇંગ્લિશ, ગણિત અને લોજિકલ રીઝનિંગ અને પરીક્ષા પદ્ધતિ, બધુ એકસરખુ હોવાથી, માત્ર અને માત્ર એક પરીક્ષાની જ આગોતરી તૈયારી કરવાથી, આવી બધી પરીક્ષાઓ આપી શકાય છે.

## કોણ આપી શકે પરીક્ષા ?

વય મર્યાદા :- વિદ્યાર્થીઓની ઉંમર તારીખ ૦૧/૦૮/૨૦૨૫ ના રોજ ૨૧ વર્ષ ઓછી અને ૩૨ વર્ષથી વધારે ન હોવી જોઈએ. (એસસી, એસટી ૫ વર્ષ, ઓબીસી ૩ વર્ષ, શારીરિક વિકલાંગને ૧૦ વર્ષની વયમર્યાદામાં છૂટ છે.)

## ક્યાં અને ક્યારે પરીક્ષા ?

સિવિલ સર્વિસની પ્રિલિમિનરી પરીક્ષા ૨૫/૦૫/૨૦૨૫ ના રોજ રાજકોટ, અમદાવાદ, મુંબઈ સહીત દેશના મુખ્ય શહેરોમાં લેવામાં આવશે. આ પરીક્ષાની અરજી કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ પોતાના પાસપોર્ટ ફોટા સાથે મહર્ષિ દયાનંદ ફાઉંડેશનની લાઈબ્રેરીમાં સંપર્ક કરવો.

## વધુ માહિતી ક્યાંથી મળશે?

સ્થળ :- વ્રજ પટેલ, મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઇએએસ એકેડમી,
પામ વ્યુ ,‘‘એ ’’ વિંગ, પહેલા માળે,
સ્વામી નારાયણ મંદિર પાસે,
એલ. એન. રોડ, દાદર (પૂર્વ), મુંબઈ ૧૪.
Email :-vrajppatelgmail.com ■

# બોલબચ્ચન ગૅન્ગ ફરી સક્રિયઃ અજાણ્યાઓ સાથે વાત કરવાનું ટાળે સિનિયર સિટિઝન્સ

## ભાયંદરમાં વૃદ્ધાને વાતોમાં ભોળવી તેમના દાગીના લૂંટી લીધાં

મુંબઈઃ મીરા-ભાયંદરમાં બોલબચ્ચન ગૅન્ગ ફરી સક્રિય થઈ હોઈ ભાયંદરમાં બાળકને મદદ કરવાને બહાને વાતોમાં ભોળવી ૬૦ વર્ષની વૃદ્ધાના દાગીના તફડાવવામાં આવ્યા હતા. આ ટોળકી વિવિધ મુદ્દે વાતોમાં પરોવી રાખી કીમતી વસ્તુઓ પડાવી રફુચક્કર થઈ જતી હોવાનું જણાવીને પોલીસે નાગરિકો ખાસ કરીને મહિલા અને સિનિયર સિટિઝન્સને રસ્તે ચાલતી અજાણી વ્યક્તિ સાથે વાત કરવાનું ટાળવાની અપીલ કરી હતી.

ભાયંદર પૂર્વમાં મણિભદ્ર નગરમાં રહેતી શ્રવણી કુમાવતને પણ ગુરુવારે આ જ રીતે ઠગવામાં આવી હતી. કુમાવતે નોંધાવેલી ફરિયાદને આધારે નવઘર પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર વૃદ્ધા ભાયંદર રેલવે સ્ટેશનેથી ચાલતી ઘરે જઈ રહી હતી ત્યારે પ્યાસા હોટેલ નજીક એક બાળક તેની નજીક આવ્યો હતો. બાળકે રસ્તો ભૂલી ગયો હોવાનો દાવો કર્યો હતો. એ જ સમયે આરોપી વૃદ્ધા પાસે આવ્યો હતો અને બાળકને મદદ કરવા હજાર રૂપિયા આપવાની તૈયારી દાખવી હતી. સામે વૃદ્ધાને પણ અમુક રકમ આપવાની વિનંતી કરી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે વૃદ્ધાએ રૂપિયા આપવાનો ઇનકાર કરતાં આરોપીએ તેને મીઠી વાતોમાં ભોળવી હતી. દાગીના ચોરીનો ભય દેખાડી વૃદ્ધાએ પહેરેલા દાગીના કાઢીને રૂમમાં મૂકી દેવાનું કહ્યું હતું.

વૃદ્ધાએ સોનાનું મંગળસૂત્ર અને કાનની બૂટી કાઢીને રૂમાલમાં રાખ્યા હતા. રૂમાલને સરખી ગાંઠ બાંધી આપીને આરોપીએ ઘરે જઈને ખોલવાની વિનંતી વૃદ્ધાને કરી હતી.

ઘરે જઈને વૃદ્ધાએ રૂમાલ ખોલતાં દાગીનાને બદલે પથ્થર નીકળ્યા હતા. પોતે છેતરાઈ હોવાની જાણ થતાં નવઘર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ આરોપીની ઓળખ મેળવવા માટે ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. ■

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 32 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ સુદ- ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 February 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૭ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


દુર્વ્યવહાર અંગે વિપક્ષો ભડક્યાઃ ત્વરિત પગલાં લેવાની માગ

# અમેરિકાથી પરત ભારતીયોના હાથ-પગમાં બેડીઓ કેમ ?ઃ હોબાળો

નવી દિલ્હીઃ અમેરિકામાં ગેરકાયદે વસતા ભારતીયોને સ્વદેશ પરત મોકલી આપવાને મામલે વિપક્ષના સાંસદોએ ગુરુવારે સરકાર પર આક્રમક પ્રહાર કર્યા હતા અને સ્વદેશ પરત મોકલી આપવામાં આવેલા ભારતીયો સાથે કરવામાં આવેલા વ્યવહાર અંગે સવાલ ઉઠાવ્યા હતા. અમેરિકામાં ગેરકાયદે વસતા ૧૦૪ ભારતીયને લઈને અમેરિકાનું લશ્કરી વિમાન બુધવારે અમૃતસર આવી પહોંચ્યું હતું.

અમેરિકામાં ગેરકાયદે વસતા વિદેશીઓ વિરુદ્ધ કાર્યવાહીના ભાગરૂપ ટ્રમ્પ સરકારે અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરી રહેલા ભારતીયોના પ્રથમ જથ્થાને રવાના કર્યો હતો.

સ્વદેશ પરત ફરેલા ભારતીયોએ દાવો કર્યો હતો કે પ્રવાસ દરમિયાન અમારા હાથ અને પગ બાંધી રાખવામાં આવ્યા હતા. અમૃતસર ઍરપોર્ટ પર ઉતર્યા બાદ જ અમારા હાથ-પગના બંધન છોડવામાં આવ્યા હતા.

આ મામલે વિપક્ષે લોકસભા અને

(જુઓ પાનું ૨) ▶▶

### ભારતીયો સાથે અયોગ્ય વ્યવહાર ન કરાય તેની ખાતરી કરાશેઃ જયશંકર

નવી દિલ્હીઃ અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરી રહેલા અને સ્વદેશ મોકલવામાં આવી રહેલા ભારતીયો સાથે પ્રવાસ દરમિયાન કોઈપણ પ્રકારનો

અયોગ્ય વ્યવહાર ન કરવામાં આવે તેની ખાતરી કરવા માટે ભારત અમેરિકા સાથે વાતચીત કરી રહ્યું છે એમ

(જુઓ પાનું ૨) ▶▶






## પહેલી વન-ડેઃ ઇંગ્લેન્ડ સામે ભારતનો ચાર વિકેટથી વિજય

નાગપુરઃ ભારતે અહીં ગઈ કાલે ઇંગ્લૅન્ડને વન-ડે સિરીઝના પ્રથમ મુકાબલામાં ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી હરાવીને વિજયી શ્રીગણેશ કર્યા હતા. ભારત ત્રણ મૅચની શ્રેણીમાં ૧-૦થી આગળ છે. ઇંગ્લૅન્ડે બૅટિંગ લીધા બાદ ૨૪૮ રન બનાવ્યા હતા. ભારતે જવાબમાં ૩૮.૪ ઓવરમાં છ વિકેટે ૨૫૧ રન બનાવીને ચાર વિકેટના માર્જિનથી જીત મેળવી લીધી હતી.

તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની પાંચ મૅચની ટી-૨૦ સિરીઝમાં ભારતે જીત સાથે શુભારંભ કર્યો હતો. પહેલી બે મૅચ જીતવાની સાથે ભારતે ૨-૦થી સરસાઈ લીધી હતી અને ત્રીજી મૅચમાં પરાજિત થયા પછી છેવટે શ્રેણી ૪-૧થી જીતી લીધી હતી. ગઈ કાલની જીત પાંચ ખેલાડીના પર્ફોર્મન્સને કારણે શક્ય બની હતી. પહેલી જ વન-ડે રમનાર ફાસ્ટ બોલર હર્ષિત રાણાએ ૫૩

(જુઓ પાનું ૨) ▶▶














LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# દિલ્હીમાં એક્ઝિટ પોલનો ઈતિહાસ ખોટા પડવાનો છે

**દિલ્હી** વિધાનસભા ચૂંટણી માટે મતદાન પતી ગયું અને બધાંની નજર હવે ૮ ફેબ્રુઆરીએ આવનારાં પરિણામ પર છે. આપણે ત્યાં મતદાન અને પરિણામો વચ્ચે એક્ઝિટ પોલની રમત ચાલે છે તેના કારણે ચૂંટણીનો ટેમ્પો જળવાય છે. આ વખતે પણ બુધવારે મતદાન પત્યું એ સાથે જ એક્ઝિટ પોલનો મારો શરૂ થઈ ગયેલો અને એક્ઝિટ પોલના વરતારા પ્રમાણે, ભાજપનો દિલ્હીમાં વનવાસ પૂરો થશે.

દિલ્હી ૧૯૯૩માં રાજ્ય બન્યું પછી પહેલી ચૂંટણીમા જીતીને સરકાર ભાજપે બનાવેલી પણ પછી ભાજપનાં એવાં વળતાં પાણી થયાં કે, છેલ્લા ૨૭ વર્ષથી ભાજપ સત્તામાં નથી આવતો. ૧૯૯૮થી સળંગ ૧૫ વર્ષ માટે કૉંગ્રેસનાં શીલા દીક્ષિત મુખ્યમંત્રીપદે રહ્યાં ને પછી આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલની એન્ટ્રી થઈ એટલે ૨૦૧૩થી આમ આદમી પાર્ટી સત્તામાં છે. તેમાં પણ ૨૦૧૫થી તો સળંગ ૧૦ વર્ષથી આમ આદમી પાર્ટીનું જ શાસન છે.

એક્ઝિટ પોલનો વરતારો છે કે આ વખતે કેજરીવાલની પાર્ટી હારશે ને ભાજપ ફરી સત્તામાં આવશે. મતદાન પત્યા પછી ૧૦ એક્ઝિટ પોલ આવ્યા તેમાંથી ૮ એક્ઝિટ પોલમાં ભાજપને બહુમતી મળશે એવી આગાહી કરાઈ છે જ્યારે ૨ એક્ઝિટ પોલમાં આમ આદમી પાર્ટી આપની સરકાર બનશે એવો દાવો કરાયો છે.

એક્ઝિટ પોલમાં ભાજપને મહત્તમ ૬૦ અને આમ આદમી પાર્ટીને મહત્તમ ૫૨ બેઠકો મળવાનો અંદાજ વ્યક્ત કરાયો છે. કૉંગ્રેસ ૨૫ કરતાં વધારે બેઠકો જીતીને કિંગ મેકર બનવાનાં સપનાં જોયા કરે છે પણ કૉંગ્રેસને મહત્તમ ૩ બેઠકો મળવાની આગાહી કરાઈ છે. બે એક્ઝિટ પોલમાં તો કૉંગ્રેસ ખાતું પણ નહીં ખોલી શકે એવી આગાહી કરાઈ છે.

આ બધા જ પોલની સરેરાશ કાઢીએ તો ભાજપને ૭૦ વિધાનસભા બેઠકોમાંથી ૩૯, આમ આદમી પાર્ટીને ૩૦ અને કૉંગ્રેસને ૧ બેઠક મળશે એવો વરતારો છે. દિલ્હીમાં બીજા કોઈ પક્ષો મેદાનમાં નથી છતાં જેવીસી અને પોલ ડાયરી એ બે એક્ઝિટ પોલમાં અન્યોને પણ ૧-૧ બેઠક મળી શકે છે એવી આગાહી કરાઈ છે. દિલ્હીમાં સરકાર રચવા માટે ૩૬ બેઠકની જરૂર છે એ જોતાં ભાજપ સરકાર રચશે એવું એક્ઝિટ પોલ કહે છે.

એક્ઝિટ પોલના આધારે ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી ત્રણેયે દાવા શરૂ કરી દીધા છે. ભાજપના સાંસદ મનોજ તિવારીનો દાવો છે કે, ભાજપને એક્ઝિટ પોલની આગાહી કરતાં પરિણામો અલગ આવશે ને ભાજપ એક્ઝિટ પોલની આગાહી કરતાં વધારે બેઠકો જીતશે. ભાજપ તરફ લોકોમાં જે જુવાળ અમે જોયો છે એ ભાજપને સત્તામાં આવવા તરફ દોરી રહ્યો છે અને ભાજપની ઘરવાપસી નક્કી છે. કૉંગ્રેસના સાંસદ ગુરજીત સિંહ ઔજલાના કહેવા પ્રમાણે એક્ઝિટ પોલમાં કૉંગ્રેસ જીતતી નથી એવું ભલે કહેવાતું હોય પણ કૉંગ્રેસ સારી એવી સંખ્યામાં બેઠકો જીતશે. આમ આદમી પાર્ટી સત્તામાં પાછી નહીં આવે. કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતી નહીં મળે અને ત્રણેય પક્ષોને સમાન બેઠકો મળશે તેથી કોની સત્તા હશે એ કૉંગ્રેસ નક્કી કરશે.

આમ આદમી પાર્ટીના નેતા સુશીલ ગુપ્તાના કહેવા પ્રમાણે, આ અમારી ચોથી ચૂંટણી છે અને દરેક વખતે એક્ઝિટ પોલમાં આમ આદમી પાર્ટીની સરકાર નહીં આવે એવી જ આગાહી થાય છે છતાં અમારી જ સરકાર રચાય છે. ગુપ્તાની વાત સાવ સાચી છે કેમ કે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં છેલ્લી ત્રણેય ચૂંટણીમાં એક્ઝિટ પોલ સદંતર ખોટા પડ્યા છે.

આ પહેલાંની એટલે કે ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ૬૨ બેઠકો જીતીને સપાટો બોલાવી દીધેલો જ્યારે ભાજપને ફક્ત ૮ બેઠકો મળી હતી. ૨૦૨૦માં કુલ ૧૨ એક્ઝિટ પોલ બહાર પડેલા ને તેમાંથી માત્ર એક પોલ સાચો પડ્યો હતો. મોટા ભાગના એક્ઝિટ પોલમાં આમ આદમી પાર્ટી જીતશે એવી આગાહી કરાઈ હતી પણ ઈન્ડિયા ટુડેએ જ આપને ૬૩ બેઠકો મળશે એવી આગાહી કરેલી. બાકીના કોઈ એક્ઝિટ પોલે આમ આદમી પાર્ટીને ૫૬થી વધારે બેઠકો નહોતી આપી.

ભાજપ ૨૦૧૪ની મોદી લહેર પછી યોજાયેલી ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને હરાવી નહોતી શકી. આમ આદમી પાર્ટીએ ૬૭ બેઠકો જીતી હતી અને ભાજપ ફક્ત ૩ બેઠકો પર સમેટાઈ ગઈ હતી. ૨૦૧૫માં આમ આદમી પાર્ટીને મહત્તમ ૫૩ બેઠકો અપાયેલી જ્યારે એકાદ એક્ઝિટ પોલ સિવાયના બાકીના પોલમાં ભાજપને ૨૦ કરતાં વધારે બેઠકો મળવાની આગાહી થયેલી. ભાજપને ઓછામાં ઓછી ૧૭ બેઠકો મળશે એવું એક્ઝિટ પોલ કહેતા હતા પણ બધા પોલ ખોટા પડ્યા હતા અને ભાજપને માત્ર ૩ બેઠકો મળતાં બધા એક્ઝિટ પોલ ખોટા પડ્યા હતા.

૨૦૧૩માં આમ આદમી પાર્ટી પહેલી વાર વિધાનસભાની ચૂંટણી લડી ત્યારે ૨૮ બેઠકો જીતી હતી જ્યારે કૉંગ્રેસને ૮ અને ભાજપને ૩૧ બેઠકો મળી હતી. એ વખતે બધા એક્ઝિટ પોલ ભાજપની સરકાર રચાશે એવું કહેતા હતા ને કેજરીવાલને પાર્ટીને કોઈએ ૨૦થી વધારે બેઠકો આપી નહોતી પણ કેજરીવાલની પાર્ટી ૨૮ બેઠકો જીતીને કૉંગ્રેસના ટેકાથી સરકાર રચી ગઈ હતી. મતલબ કે, બધા એક્ઝિટ પોલ ખોટા પડ્યા હતા.

દિલ્હી વિધાનસભાની છેલ્લી ત્રણ ચૂંટણી ઉપરાંત લોકસભાની છેલ્લી ચૂંટણીમાં પણ તમામ એક્ઝિટ પોલે ભાજપને લગભગ ૩૫૦ની આસપાસ બેઠકો આપી દીધેલી પણ ભાજપ સ્પષ્ટ બહુમતી પણ ના મેળવી શક્યો. ટૂંકમાં એક્ઝિટ પોલ એટલા ભરોસાપાત્ર નથી તેથી આમ આદમી પાર્ટી કમ સે કમ પરિણામ સુધી તો આ વાત કરીને બચી શકે છે. આમ આદમી પાર્ટી માટે એક હકારાત્મક વાત પાછી એ પણ છે કે, સટ્ટાબજાર માને છે કે, આમ આદમી પાર્ટીની બેઠકો ઘટશે પણ કેજરીવાલ જ સરકાર બનાવશે. રાજસ્થાનના ફલોદી સટ્ટા બજારે આમ આદમી પાર્ટીને ૩૮-૪૦ બેઠકો, ભાજપને ૩૦-૩૨ બેઠકો અને કૉંગ્રેસને ૦-૧ બેઠકો જીતવાની આગાહી કરી છે.

એક્ઝિટ પોલનો ઈતિહાસ ભાજપ માટે બહુ ઉત્સાહપ્રેરક નથી એ સાચું પણ ભૂતકાળના એક્ઝિટ પોલ અને આ વખતના એક્ઝિટ પોલમાં એક ફરક પણ છે. ભૂતકાળમાં માત્ર ૨૦૧૩માં જ આમ આદમી પાર્ટીને વધારે બેઠકો મળશે એવી આગાહી કરવામાં એક્ઝિટ પોલ થાપ ખાઈ ગયેલા જ્યારે પછીની બે ચૂંટણીના એક્ઝિટ પોલમાં તો ભાજપ હારશે ને આમ આદમી પાર્ટી જીતશે એવી આગાહી કરાયેલી જ. એક્ઝિટ પોલ આપ અને ભાજપને મળનારી બેઠકોના આંકડામાં ખોટા પડેલા. આ વખતના મોટા ભાગના એક્ઝિટ પોલમાં તો આમ આદમી પાર્ટીની હારની જ વાત છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌરહેમંતઋતુ પ્રારંભ), શુક્રવાર, તા. ૭-૨-૨૦૨૫, ભક્ત પુંડલિક ઉત્સવ (પંઢરપુર).

- ભારતીય દિનાંક ૧૮, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ - ૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો અશિષવઘ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૯મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર રોહિણી સાંજે ક. ૧૮-૩૯ સુધી, પછી મૃગશીર્ષ.
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૮ સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૯ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ રાત્રે ક. ૨૦-૪૦
- ઓટઃ બપોરે ક. ૧૩-૧૮, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૩ (તા. ૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ શુક્લ - દસમી. ભક્ત પુંડલિક ઉત્સવ (પંઢરપુર).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ચંદ્ર ગ્રહ દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, જૂનાં ઘરમાં રહેવા જવું, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, ધજા, કળશ પતાકા ચઢાવવી, આભૂષણ નિર્માણ, બગીચાના કામકાજ, દસ્તાવેજ-દુકાન-વેપાર, નોકરી, બી વાવવું, ધાન્ય વેંચવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, લાંબા સમયના ઉપયોગી કાર્યો, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ ચંદ્ર-ગુરુ યુતિ સહાનુભૂતિવાળા, ચંદ્ર-બુધ ત્રિકોણ દઢ સ્વભાવના, ચંદ્ર-શનિ ચતુષ્કોણ મતલબી, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ લોકપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ, ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, બુધ ઘનિષ્ઠા પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# મહાકુંભમાં ભાગ લેવા પાકિસ્તાનના ૬૮ હિન્દુ શ્રદ્ધાળુ આવ્યા

મહાકુંભ નગરઃ પાકિસ્તાનના સિંધ પ્રાંતના ૬૮ હિન્દુ શ્રદ્ધાળુઓનું એક જૂથ ગુરુવારે મહા કુંભના પવિત્ર મેળાવડામાં સ્નાન કરવા પહોંચ્યું હતું. તેમાંથી લગભગ ૫૦ જણ માટે, આ તેમનો મહા કુંભનો પ્રથમ અનુભવ છે.

સેક્ટર નવમાં શ્રી ગુરુકૃષ્ણ શિબિરમાંથી બોલતા, સિંધના મુલાકાતીઓમાંના એક ગોવિંદ રામ માખીજાએ જણાવ્યું હતું કે, "છેલ્લા બે-ત્રણ મહિનાથી, અમે મહા કુંભ વિશે સાંભળ્યું ત્યારથી અમે અહીં આવવા ઉત્સુક હતા. અમે અમારી જાતને અહીં આવતાં રોકી શક્યા નહીં."

તેમણે યાદ કર્યું કે ગયા વર્ષે એપ્રિલમાં પાકિસ્તાનથી ૨૫૦ લોકોનું એક જૂથ ગંગામાં ડૂબકી મારવા માટે પ્રયાગરાજની મુલાકાતે આવ્યું હતું.

આ વખતે, મુલાકાતીઓ સિંધના છ જિલ્લાઓ - ઘોટકી, સુક્કુર, ખૈરપુર, શિકારપુર, કરઝાકોટ અને જટાબલથી આવ્યા હતા - જેમાંથી ઘણા પ્રથમ વખત મહા કુંભનો અનુભવ કરી રહ્યા છે.

પોતાનો આનંદ વ્યક્ત કરતાં માખીજાએ કહ્યું, "આ એક અદ્ભુત અનુભવ છે. તેનું વર્ણન કરવા માટે મારી પાસે કોઈ શબ્દો નથી. આવતીકાલે અમે ગંગામાં ડૂબકી લગાવીશું. અહીં રહેવાથી મને સનાતન ધર્મમાં જન્મ લેવા બદલ ગર્વની લાગણી થાય છે."

ઘોટકીની ૧૧મા ધોરણની વિદ્યાર્થિની સુરભીએ કહ્યું કે આ તે પ્રથમ વખત ભારતની મુલાકાતે છે અને કુંભમાં હાજરી આપી રહી છે. મારા ધર્મને ઊંડાણપૂર્વક અન્વેષણ કરવાની અને સમજવાની આ પહેલી તક છે. તે અદ્ભુત લાગે છે.

ચાવલાએ ભારત સરકારને વિઝા પ્રક્રિયાને સરળ બનાવવા વિનંતી કરી હતી.

"હાલમાં વિઝા મંજૂર થવામાં છ મહિનાનો સમય લાગે છે. જો કે, અમારા જૂથને આ વખતે સરળતાથી વિઝા આપવામાં આવ્યા તેની અમે પ્રશંસા કરીએ છીએ, અને તે માટે અમે ભારત સરકારનો આભાર માનીએ છીએ," એમ તેમણે કહ્યું હતું. તેમના પ્રવાસની યોજનાઓની વિગતો આપતા ચાવલાએ જણાવ્યું હતું કે, "અમે ગઈકાલે રાત્રે આ મહા કુંભ શિબિરમાં પહોંચ્યા હતા. ૮ ફેબ્રુઆરીએ અમે રાયપુર જવા રવાના થઈશું, ત્યારબાદ હરિદ્વારની મુલાકાત લઈશું.

# રાજસ્થાનમાં ગમખ્વાર માર્ગ અકસ્માતઃ મહાકુંભ જઈ રહેલા આઠ શ્રદ્ધાળુનાં મોત

જયપુરઃ રાજસ્થાનમાં સર્જાયેલા એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૮ લોકોના મૃત્યુના અહેવાલો મળી રહ્યા છે. મળી રહેલ વિગતો અનુસાર ટાયર ફાટવાથી બસે કાબૂ ગુમાવ્યો અને એક કારને ટક્કર મારી હતી. આ અકસ્માતની ઘટનામાં ૧૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલો છે. દુર્ઘટનામાં આઠ લોકોના મૃત્યુ થયા છે. અહેવાલો મળી રહ્યા છે કે કારમાં સવાર તમામ લોકો મહાકુંભમાં જઈ રહ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર બસ જયપુરથી અજમેર જઈ રહી હતી. ઇકો કાર અજમેરથી જયપુર તરફ આવી રહી હતી. લોકોએ જણાવ્યું કે આ દરમિયાન બસનું ટાયર ફાટ્યું અને બસ નિયંત્રણ બહાર જતી રહી હતી. બસ કાબુ બહાર જતા તે ડિવાઈડર ઓળંગીને સામેની બાજુથી આવતી ઈકો કાર સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ઇકો કારને ખૂબ જ નુકસાન થયું છે. અકસ્માતની ઘટનામાં કારમાં સવાર તમામ લોકોના મોત થયા હોવાના અહેવાલો છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું કે અકસ્માતની ઘટના બાદ કાર એટલી ખરાબ રીતે ફસાઈ ગઈ હતી કે બચાવ કામગીરી કરવા માટે પોલીસે ક્રેન બોલાવવી પડી હતી. ત્યારબાદ ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટરોએ આઠ લોકોને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ૧૪ જેટલા લોકોની હાલત ગંભીર છે, હાલ તેની સારવાર ચાલી રહી છે.

અકસ્માતની ઘટનાની વિગતો મળ્યા બાદ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર તમામ આઠ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મૃતકોમાં મદનલાલ રેગરના પુત્ર દિનેશ કુમાર, મદન મેવારાના પુત્ર બબલુ મેવારા, શ્રીજાનકી લાલના પુત્ર કિશન, મદનલાલના પુત્ર રવિકાંત, મદનલાલના પુત્ર બાબુ રેગર, બાદલિયાસ (ભીલવાડા)ના નારાયણ અને મુકુંદપુરિયા (ભીલવાડા)ના મૂળચંદના પુત્ર પ્રમોદ સુથારનો સમાવેશ થાય છે. મૃતકોમાંથી એકની ઓળખ હજુ સુધી થઈ નથી.

# ગુલામ નબી આઝાદના પક્ષના નેતાઓ આઝાદ થઈને ઘરવાપસી કરશે

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ગુલામ નબી આઝાદના પક્ષનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ ગયું છે. તેમના પક્ષના નેતાઓની હીજરત થઈ રહી છે.

પક્ષના સૂત્રોએ કહ્યું હતું કે આઝાદના નેતૃત્વવાળા ડેમોક્રેટિક પ્રોગેસિવ આઝાદ પાર્ટીની રાજકીય સફર તેના અંતિમ પડાવ પર છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૦૨૨માં કૉંગ્રેસ છોડનારા બધા નેતાઓ ઘરવાપસી કરી રહ્યા છે. ભૂતપૂર્વ વિધાનસભ્ય તાજ મોહિઉદ્દીનના નેતૃત્વમાં મોટા નેતાઓ આગામી દિવસોમાં કૉંગ્રેસમાં સામેલ થશે. તાજે આઝાદની પાર્ટીમાં સામેલ થવા ઓગસ્ટ ૨૦૨૨માં કૉંગ્રેસ છોડી હતી. ત્યાર બાદ તેમણે ગયા ઓગસ્ટમાં પક્ષમાંથી રાજીનામું આપીને ઉરી મતદારક્ષેત્રમાંથી અપક્ષ ઉમેદવાર તરીકે ૨૦૨૪ વિધાનસભાની ચૂંટણી લડી, પરંતુ તેઓ હારી ગયા. બદલાતા સિનારીયોમાં કૉંગ્રેસમાં સામેલ થવાના નેતાઓમાં જી.એમ. સરુરી, દેવસરના મોહમ્મદ અમીન ભટ, અશોક કુમાર અને ગુલજાર અહમદ વાનીનાં નામો બોલાય છે. કૉંગ્રેસમાં ફરી સામેલ થવા માગતા નેતાઓએ ગયા વર્ષે જ ડીપીએપીમાંથી રાજીનામાં આપ્યાં હતાં.

# બાંગ્લાદેશમાં દેખાવકારોએ રાષ્ટ્રપિતા શેખ મુજિબુર રહેમાનનું ઘર તોડી નાખ્યું

નવી દિલ્હી : બાંગ્લાદેશના દેખાવકારોએ બુધવારે દેશના રાષ્ટ્રપિતા શેખ મુજિબુર રહેમાનના ઘરમાં લૂંટ મચાવી હતી અને આગ ચાંપી હતી. આ જ દેખાવકારોએ ગુરુવારે તેમના ઘરને તોડી નાખ્યું હતું. શેખ હસીનાએ ગુરવારે ઓનલાઈન પર સંબોધન કર્યું ત્યાર બાદ હિંસક દેખાવકારોએ શેખ હસીનાનાં પક્ષ અવામી લીગના નેતાનાં ઘરોને તોડી નાખ્યાં હતાં અને મુજિબુર રહેમાનના ભીંતચિત્રને વિકૃત કરી નાખ્યું હતું. બુધવારે હજારો લોકો હસીનાના પિતા મુજિબુર રહેમાનના રાજધાનીના ધનમોન્ડી વિસ્તારમાં રહેલા ઘર આગળ જમા થયા હતા. હસીના સંબોધન કરવાના હોવાથી રૅલી પછી સોશિયલ મીડિયા પર આ ઘર તોડી નાખવાનું સરઘસ કાઢવાની હાકલ કરવામાં આવી હતી. એજન્સી)

# રહીમ અલ-હુસૈની નવા આગાખાન

લિસ્બન (પોર્ટુગલ): પિતાના મૃત્યુને પગલે રહીમ અલ-હુસૈનીને બુધવારે નવા આગાખાન (વિશ્વના લાખો ઈસ્માઈલી મુસ્લિમોના આધ્યાત્મિક નેતા) જાહેર કરવામાં આવ્યા હતા.

પિતાના વસિયતનામા મુજબ ૫૩ વર્ષના રહીમ અલ-હુસૈનીની પાંચમા આગાખાન (પચાસમા વારસાગત ઈમામ) તરીકે વરણી કરવામાં આવી હતી. રહીમ અલ-હુસૈનીના પિતાનું અવસાન મંગળવારે પોર્ટુગલમાં થયું હતું.

સમર્થકો આગાખાનને પયગંબર મોહમ્મદના સીધા વારસ માને છે. આગાખાન ડેવલપમેન્ટ નેટવર્ક ઍન્ડ ઈસ્માઈલી ધાર્મિક સમુદાયે અગાઉ જાહેરાત કરી હતી કે કરીમ અલ-હુસૈન આગાખાન-ચાર (શિયા ઈસ્માઈલી મુસ્લિમ સમુદાયના ૪૯મા વારસાગત ઈમામ) તેમના પરિવારજનોની ઉપસ્થિતિમાં અવસાન પામ્યા હતા.

પ્રિન્સ રહીમ ભૂતપૂર્વ આગાખાનના સૌથી મોટા પુત્ર છે. તેમણે અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીમાં કમ્પેરેટિવ લિટરેચરનો અભ્યાસ કર્યો છે. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

## અમેરિકાથી પરત

રાજ્યસભામાં ભારે વિરોધ કર્યો હતો જેને પગલે લોકસભાની કાર્યવાહી ચાર વાર અને રાજ્યસભાની કાર્યવાહી ત્રણ વખત મોકૂફ રાખવાની ફરજ પડી હતી. કૉંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડરા

અને સમાજવાદી પક્ષના નેતા અખિલેશ યાદવ સહિતના વિપક્ષના સાંસદોએ સંસદના પરિસરમાં વિરોધપ્રદર્શન કરી અમેરિકાનાં આ પગલાંનો વિરોધ કર્યો હતો. વિપક્ષના અમુક નેતાઓએ તો પોતાના હાથ બાંધીને વિરોધ કર્યો હતો.

વિપક્ષના પ્રહાર વચ્ચે કેન્દ્રીય પ્રધાન ચિરાગ પાસવાને કહ્યું હતું કે સરકાર યોગ્ય સમયે આ મામલે પોતાનો અભિપ્રાય આપશે. આ નીતિવિષયક નિર્ણય છે અને વિપક્ષે તેને રાજકીય સ્વરૂપ ન આપવું જોઈએ. એમ તેમણે કહ્યું હતું.

સરકાર પર આક્રમક પ્રહાર કરતાં કૉંગ્રેસના નેતા ગૌરવ ગોગોઈએ કહ્યું હતું કે જે રીતે ભારતીયોને સ્વદેશ મોકલી આપવામાં આવ્યા છે એ સરકારની નબળાઈ દર્શાવે છે.

મહિલાઓ સહિત જે રીતે તમામ લોકોને ગુનેગારની જેમ હાથ-પગ બાંધીને ભારત લાવવામાં આવ્યા હતા એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે દેશ-દેશવાસીઓનું આવું અપમાન અમે સહન નહીં કરી લઈએ,

તેમણે આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે દેશ માટે-દેશ સાથે ઊભા રહેવા કરતાં પોતાની વ્યક્તિગત છબી વધુ મહત્ત્વની છે. આ કાળો દિવસ છે અને વડા પ્રધાન મૌન છે, એમ તેમણે કહ્યું હતું.

કૉંગ્રેસના અન્ય નેતા કે. સી. વેણુગોપાલે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું હતું કે આ પ્રકારની પરિસ્થિતિને ટાળવા શા માટે બંને દેશના રાજદ્વારી સંબંધોનો ઉપયોગ કરવામાં ન આવ્યો?

આ મામલે અમે સંસદની સભાની કાર્યવાહી મોકૂફ રાખવાની નોટિસ આપી છે.

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને કૉંગ્રેસના નેતા શશી થરૂરે કહ્યું હતું કે અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતા લોકોને સ્વદેશ મોકલી આપવાનો અમેરિકાને કાયદેસર અધિકાર છે, પરંતુ જે રીતે તેમને મોકલવામાં આવ્યા તેનો અમે વિરોધ કરી રહ્યા છીએ.

આ કામ માટે અમેરિકા સિવિલિયન વિમાન પણ મોકલી શક્યું હોત, એમ તેમણે કહ્યું હતું.

અમેરિકાના આ વલણ સામે ટીએમસીના કીર્તિ આઝાદે પણ સવાલ ઉઠાવ્યો હતો અને આ ઘટનાને પીડાદાયક લેખાવી હતી.

પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને આને દેશ માટે શરમજનક ઘટના લેખાવી હતી. સ્વદેશ પરત ફરેલા ભારતીયોને અમૃતસર ઍરપોર્ટથી નિર્ધારિત સ્થળે લઈ જવા 'પોલીસ પ્રિઝનર વૅન'નો ઉપયોગ કરવા બદલ તેમણે હરિયાણા સરકાર પર પણ પ્રહાર કર્યા હતા.

ડાબેરી પક્ષના સાંસદોએ અમેરિકાના આ પગલાંનો બુધવારે ધરણાં કરી વિરોધ કર્યો હતો.

કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડરાએ કહ્યું હતું કે કહેવાય છે કે મોદી અને ટ્રમ્પ સારા મિત્ર છે તો પછી વડા પ્રધાને આવું થવા કેમ દીધું?

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ને વિદેશ પ્રધાન એસ. જયશંકરે દેશવાસીઓને આનો જવાબ આપવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## ભારતીયો સાથે

જણાવતાં વિદેશ પ્રધાન એસ. જયશંકરે ગુરુવારે કહ્યું હતું અમેરિકાનું સંપૂર્ણ ધ્યાન ગેરકાયદે વસવાટ કરી રહેલા વિદેશીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી પર હોવું જોઈએ.

અમેરિકાથી સ્વદેશ પરત મોકલવામાં આવેલા ૧૦૪ ભારતીય સાથે કરવામાં આવેલા વર્તનનો વિપક્ષ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો હોવા વચ્ચે જયશંકરે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

દેશનિકાલની પ્રક્રિયા નવી ન હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે સામાન્ય રીતે પ્રવાસ દરમિયાન જમવાથી લઈને મેડિકલ ઈમરજન્સી સહિતની સંભવિત તબીબી કટોકટી અને શૌચાલયના ઉપયોગ દરમિયાન કામચલાઉ રીતે હાથ-પગનાં બંધન ખોલી દેવામાં આવે છે.

ચાર્ટર્ડ સિવિલિયન અને લશ્કરી વિમાન બંનેને આ નિયમ લાગુ પડે છે.

પાંચ ફેબ્રુઆરીએ ભારતીયોને સ્વદેશ લાવતી વખતે આ નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## પહેલી વન-ડે

રનમાં ત્રણ વિકેટ તથા અનુભવી લેફ્ટ-આર્મ સ્પિનર રવીન્દ્ર જાડેજાએ ૨૬ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. બૅટિંગમાં ભારતને ખાસ કરીને ત્રણ બૅટરના પર્ફોર્મન્સે વિજયના દ્વાર સુધી પહોંચાડ્યું હતું. શુભમન ગિલ (૮૭ રન, ૯૬ બૉલ, ૧૪ ફોર), શ્રેયસ ઐયર (૫૯ રન, ૩૬ બૉલ, બે સિક્સર, નવ ફોર) અને પ્રમોટ કરીને પાંચમા ક્રમે બૅટિંગમાં મોકલવામાં આવેલા અક્ષર પટેલ (બાવન રન, ૪૭ બૉલ, એક સિક્સર, છ ફોર)ના પર્ફોર્મન્સે ઇંગ્લૅન્ડની આશા પર પાણી ફેરવી દીધું હતું.

ભારતીય ટીમ માટે ૨૪૯ રનનો લક્ષ્યાંક બહુ મોટો નહોતો અને ગિલ-શ્રેયસ વચ્ચે ત્રીજી વિકેટ માટે ૬૪ બૉલમાં ૯૪ રનની ભાગીદારી થતાં પરાજયનો ડર ઘણો ઓછો થઈ ગયો હતો. ૩૪મી ઓવરમાં અક્ષરની, ૩૬મી ઓવરમાં રાહુલની અને ૩૭મી ઓવરમાં ગિલની વિકેટ પડતાં ભારતતરફી પ્રેક્ષકો અને ટીવી-દર્શકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા, પરંતુ હાર્દિક પંડ્યા (નવ અણનમ, છ બૉલ, એક સિક્સર) અને જાડેજા (૧૨ અણનમ, ૧૦ બૉલ, બે ફોર)ની જોડીએ ટીમને નુકસાન થતું રોક્યું હતું અને તેઓ વિજય અપાવીને રહ્યા હતા.

ટીમ ઇન્ડિયામાં રિષભ પંતને બદલે રાહુલને રમવાનો મોકો અપાયો હતો. ફીલ્ડિંગમાં તેણે બે કૅચ, એક સ્ટમ્પિંગ અને એક રનઆઉટ સહિત ચાર વિકેટમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, પણ બૅટિંગમાં ફક્ત બે રન બનાવતાં નિષ્ફળ ગયો હતો.

ઈજાગ્રસ્ત વિરાટ કોહલીના સ્થાને રમવાનો મોકો મળતાં વન-ડેમાં ડેબ્યૂ કરનાર યશસ્વી જયસ્વાલે બાવીસ બૉલમાં ૧૫ રન અને કૅપ્ટન રોહિત શર્માએ ફક્ત બે રન બનાવ્યા હતા.

એ પહેલાં, ઇંગ્લૅન્ડે બૅટિંગ લીધા પછી સારી શરૂઆત બાદ ધબડકો જોયો હતો, પણ છેવટે જૉસ બટલરના સુકાનમાં આ ટીમ ૫૦ ઓવરમાં ૨૪૮ રનનો સન્માનજનક સ્કોર નોંધાવવામાં સફળ થઈ હતી. અઢીસો રન જેટલા ટોટલમાં બે હાફ સેન્ચુરી સામેલ હતી. ૧૦માંથી છ વિકેટ ફાસ્ટ બોલર હર્ષિત રાણા અને લેફ્ટ-આર્મ સ્પિનર રવીન્દ્ર જાડેજાએ લીધી હતી.

જૉસ બટલરે ૬૭ બૉલમાં ચાર ફોરની મદદથી બાવન રન બનાવ્યા હતા, જ્યારે જૅકબ બેથેલે ૬૪ બૉલમાં એક સિક્સર અને ત્રણ ફોર સાથે ૫૧ રન બનાવ્યા હતા. બન્ને વચ્ચે પાંચમી વિકેટ માટે ૫૯ રનની ભાગીદારી થઈ હતી.

કરીઅરની પહેલી જ વન-ડે રમી રહેલા ફાસ્ટ બોલર હર્ષિત રાણાએ ઇંગ્લૅન્ડની ૧૦મી ઓવરમાં ઉપરાઉપરી બે વિકેટ લઈને બ્રિટિશ ટીમની છાવણીમાં સોપો પાડી દીધો હતો. હર્ષિતે ૫૩ રનમાં કુલ ત્રણ વિકેટ લીધી હતી.

રવીન્દ્ર જાડેજા એવો જ બીજો સફળ બોલર હતો જેણે ફક્ત ૨૬ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. મોહમ્મદ શામી, અક્ષર પટેલ અને કુલદીપ યાદવે એક-એક વિકેટ મેળવી હતી. છ બોલરમાં એકમાત્ર હાર્દિક પંડ્યાને ૩૭ રનમાં એક પણ વિકેટ નહોતી મળી. જોકે તેણે શરૂઆતમાં બ્રિટિશ બૅટર્સને અંકુશમાં રાખ્યા હતા.

ઇંગ્લૅન્ડના ઓપનર ફિલ સૉલ્ટ (૪૩ રન, ૨૬ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) તથા બેન ડકેટ (૩૨ રન, ૨૯ બૉલ, છ ફોર)ની ઓપનિંગ જોડીએ સિરીઝનો ધમાકેદાર આરંભ કર્યો હતો. તેમણે નવમી ઓવર પૂરી થઈ એ પહેલાં ૭૫ રન ખડકી દીધા હતા. જોકે એ ઓવરના પાંચમા બૉલમાં ડકેટ સાથેની ગેરસમજને લીધે વિકેટકીપર સૉલ્ટે રનઆઉટમાં વિકેટ ગુમાવી દીધી હતી. શ્રેયસ ઐયર અને વિકેટકીપર કે. એલ. રાહુલે તેને રનઆઉટ કરીને અને હાફ સેન્ચુરીથી વંચિત રાખીને પૅવિલિયનમાં પાછો મોકલી દીધો હતો. ત્યાર બાદ ૧૦મી ઓવરમાં હર્ષિતે ત્રીજા બૉલમાં ડકેટની અને છઠ્ઠા બૉલમાં હૅરી બ્રૂક (૦)ની વિકેટ લઈને બ્રિટિશ ટીમને મુસીબતમાં મૂકી દીધી હતી.

જો રૂટ (૧૯ રન)ની મહત્ત્વની વિકેટ જાડેજાએ લીધી હતી. તેણે રૂટને એલબીડબ્લ્યૂની અપીલમાં પૅવિલિયન ભેગો કરી દીધો હતો. બટલરની પ્રાઇઝ વિકેટ અક્ષર પટેલે લીધી હતી. બટલર પુલ શૉટ મારવાના પ્રયાસમાં શૉર્ટ ફાઇનલ લેગ પર હાર્દિકને કૅચ આપી બેઠો હતો.

મોહમ્મદ શમી ૪૪૩ દિવસ બાદ ફરી ભારત વતી રમતો જોવા મળ્યો.

હવે બીજી વન-ડે રવિવાર, નવમી ફેબ્રુઆરીએ (બપોરે ૧.૩૦ વાગ્યાથી) કટકમાં રમાશે. છેલ્લી વન-ડે બુધવાર, ૧૨મી ફેબ્રુઆરીએ (બપોરે ૧.૩૦ વાગ્યાથી) અમદાવાદમાં રમાવાની છે.


મફત ફોરેન ટ્રીપ!
લિંક પર ક્લિક કરો!
જો તમે ક્લિક કરશો તો
તમારા પૈસા ચોરાઈ શકે છે.
અજાણી લિંક્સ પર ક્લિક કરશો નહીં!
આરબીઆઈ કહે છે...
સ્માર્ટ બનો, કુલ રહો
વધુ માહિતી માટે, https://rbikehtahai.rbi.org.in/ui પર વિઝિટ કરો
આ સંદેશ પર પ્રતિક્રિયા આપવા માટે, rbikehtahai@rbi.org.in પર લખો
જનહિતમાં પ્રકાશિત
ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in


A Gift of memories that will stay Forever!
KESARI
Valentine's Day
7-14 February Special Offer
World-Class & Memorable Tours with Kesari!
Snowfall in Himachal, tulips in Kashmir & Europe & Japan's cherry blossom.
Witness the season's best with Kesari. Book now for a smooth visa process!
Many Discounts*
Valentine's Discount 7 to 14 February
All India-One Price* Offer till 15 February
Bonanza Price* No forex rate fluctuation
Mega Discount* Save up to ₹ 55,000/-
Student Special* 2-18 years Additional discount up to ₹ 5000/
• 6+ Group* • Senior Citizen* • Ex Guest* • Last Minute Deals*
With london Europe ₹3,25,000 - 5,04,000* 7 tour options 10 to 22 Days
European One Visa Countries ₹2,40,000 - 3,15,000* 14 tour options 6 to 12 Days
Scandinavia Iceland ₹2,95,000 - 4,20,000* 4 tour options 8 to 12 Days
Central Europe ₹2,30,000 - 3,45,000* 5 tour options 8 to 15 Days
England Scotland Ireland Wales ₹2,80,000 - 3,50,000* 2 tour options 9 to 13 Days
Tulip Special ₹2,40,000 - 5,04,000* 9 tour options 9 to 22 Days
Egypt Greece Turkey ₹1,80,000 - 3,15,000* 2 tour options 8 to 13 Days
Russia Eurasia ₹1,15,000 - 2,40,000* 4 tour options 5 to 8 Days
Japan Cherry Blossom ₹2,20,000 - 4,20,000* 8 tour options 6 to 15 Days
Australia NewZealand ₹2,45,000 - 5,63,000* 6 tour options 8 to 17 Days
Africa ₹1,72,000 - 5,35,000* 8 tour options 6 to 13 Days
America ₹1,91,000 - 1,96,000* 7 tour options 7 to 18 Days
SEA ₹72,000 - 2,62,000* 22 tour options 5 to 14 Days
Dubai ₹85,000 - 2,20,000* 5 tour options 5 to 10 Days
Sri Lanka ₹95,000* 1 tour option 8 Days
Nepal & Bhutan ₹73,000 - 97,000* 3 tour options 8 to 10 Days
Tulip Kashmir ₹35,000 - 1,22,000* 9 tour options 5 to 10 Days
Himachal ₹33,000 - 78,000* 9 tour options 6 to 13 Days
Nainital ₹34,000 - 74,000* 5 tour options 6 to 10 Days
Sikkim Darjieeling ₹40,000 - 91,000* 3 tour options 7 to 11 Days
North East ₹57,000 - 1,32,000* 4 tour options 7 to 12 Days
Chardham ₹74,000 - 91,000* 1 tour option 13 Days
Kailash Manasarovar ₹2,50,000* 1 tour option 14 Days
For more details Scan QR
T & C Apply*
Planning a Europe tour with 10+ people? Call Europe experts today!
91 6783 5005
91 6777 4978
Monday to Saturday 10 AM to 7 PM Sunday till 6 PM
9930 33 0066 | 1800 266 1100 | KESARI.in


તા. ૨૫ જાન્યુઆરી થી ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫
ગોલ્ડ અને ડાયમંડ
દુલ્હન
ફેસ્ટીવલ ૫.૦
નવવધુના સાજ શણગાર માટે
લગ્નપ્રસંગની ખરીદીનું બેનમુન કલેક્શન
મજૂરીમાં ફ્લેટ છૂટ !
સોનાના આભૂષણ પર ફ્લેટ 30%
હીરાના આભૂષણ પર ફ્લેટ 50%
સિલેક્ટેડ સ્ટૉક પર ફ્લેટ 100%
Hall Mark ગોલ્ડ જ્વેલરી | FVVS સર્ટિફાઇડ ડાયમંડ જ્વેલરી
ઓલ્ડ ગોલ્ડ એક્સચેંજ
આપના જુનાં સોનાની ૧૦૦% કિંમત એક્સચેંજમાં મળશે
SCAN FOR MORE DETAILS
@SGADENWALAJEWELLERS
S.Girdharlal Adenwala Jewellers
Since 1993
Arihant Apt., Near irla Nursing Home, S.V. Road.,
Vile Parle (W), Mumbai - 400 056. Cont : 75061 11918
www.sgajewellers.com | Valet Parking Available | Time : 10.30 am to 7.30 pm | ALL DAYS OPEN

### શંકા માત્રથી આરોપ સાબિત નથી થતો એમ કહી કોર્ટે...

# ૨૦૧૨માં વ્યાપારીની હત્યાના આરોપમાંથી ત્રણને મુક્ત કર્યા

થાણે: ૨૦૧૨માં એક રિયલ એસ્ટેટ બિઝનેસમેનની હત્યાના ત્રણ આરોપીઓને નવી મુંબઈની એક કોર્ટે પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા છે. બેલાપુરના જિલ્લા અને અધિક સત્ર ન્યાયાધીશ પરાગ એ.સાનેએ ૩૦ જાન્યુઆરીએ ચુકાદો આપ્યો હતો, જેની નકલ ગઈ કાલે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. બચાવ પક્ષે ફરિયાદ પક્ષનો કેસ લડ્યા બાદ કોર્ટે આરોપી ત્રણેય - ઉમેશ મહાદેવ ચવાણ (હવે ૫૧ વર્ષ), અરવિંદ જ્ઞાનેશ્વર જાધવ અને માનસિંગ બાલાસો કદમ (બંને ૪૩ વર્ષ) ને શંકાનો લાભ આપ્યો.

આરોપીઓ પર આઇપીસી ની કલમ ૩૦૨ (હત્યા) અને ૨૦૧ (પુરાવા ગાયબ કરવા) અને ૩૪ (સામાન્ય ઈરાદો) હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. તેમના પર રિયલ એસ્ટેટ બિઝનેસમેન દાદાસાહેબ બજબળકરની હત્યાનો આરોપ હતો, જેમનો મૃતદેહ બીજી જુલાઈ, ૨૦૧૨ ના રોજ નવી મુંબઈના સાનપાડા વિસ્તારમાં સિગ્નલ પાસે તેમની કારના ટ્રંકમાંથી મળી આવ્યો હતો. આ સંબંધમાં તુર્ભે પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો અને ટ્રાયલ ૧૨ વર્ષથી વધુ સમય સુધી ચાલી હતી.

ફરિયાદ પક્ષે દલીલ કરી હતી કે બજબળકર ૧ જુલાઈ, ૨૦૧૨ ના રોજ ઘરે પાછા ન આવ્યા, ત્યારે તેમના પરિવારે તેમની શોધખોળ શરૂ કરી. પરંતુ બે દિવસ પછી, તેમનો મૃતદેહ તેમની કારના ટ્રંકમાંથી મળી આવ્યો, તેમના પગ બાંધેલા હતા અને તેમના ચહેરા પરથી લોહી વહેતું હતું. બચાવ પક્ષે કોર્ટમાં એવી પણ દલીલ કરી હતી કે ફરિયાદ પક્ષ આરોપીની સંડોવણીને સાબિત કરવામાં નિષ્ફળ ગયો. તમામ પુરાવાઓની સમીક્ષા કર્યા પછી, કોર્ટે કહ્યું, ''ફરિયાદ પક્ષનો કેસ પરિસ્થિતિગત પુરાવા પર આધારિત છે. ઘટનાનો કોઈ પ્રત્યક્ષદર્શી નથી. તેથી, આરોપીઓ સામેનો આરોપ શંકાથી પર સાબિત થતો નથી.''

# પુણેમાં જીબીએસનો મરણાંક છ થયો

પુણે: પુણે જિલ્લામાં ૬૩ વર્ષના વૃદ્ધનું મૃત્યુ થયા બાદ ગીઆન-બેરે સિન્ડ્રોમ (જીબીએસ)ના શંકાસ્પદ મૃત્યુનો આંક વધીને છ થયો છે. તેમને સિંહગડ રોડ પરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે તેમને તાવ, ઝાડા અને નબળાઈની તકલીફ હતી અને તપાસ બાદ તેમને જીબીએસ થયો હોવાનું નિદાન થયું હતું. તેમની તબિયત બુધવારે કથળી હતી અને ગંભીર ઈસ્કેમિક સ્ટ્રોક (મગજને લોહીનો પુરવઠો બંધ થઈ જવો) આવતાં તેમનું મૃત્યુ થયું હતું. તેમના મૃત્યુ બાદ જીબીએસને કારણે મૃત્યુનો આંક છ થયો હતો, આમાંથી પાંચ શંકાસ્પદ જીબીએસના મૃત્યુ છે, એક કન્ફર્મ જીબીએસનો દર્દી છે. ત્રણ નવા કેસ મળી આવતાં પુણેમાં જીબીએસના શંકાસ્પદ દર્દીની સંખ્યા વધીને ૧૭૩ થઈ છે.

આ દરમ્યાન, પુણે મ્યુનિસિપલ કોર્પોરેશને જીબીએસના કેન્દ્રસ્થાન ગણાતા નાંદેડ ગામ વિસ્તારમાં ૧૯ ખાનગી આરઓ પ્લાન્ટ સીલ કરી દીધા છે, કારણ કે આ પ્લાન્ટનું પાણી પીવા માટે અયોગ્ય હોવાની પરીક્ષણોમાં પુષ્ટિ મળી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

દરમિયાન, પીએમસીના પાણી પુરવઠા વિભાગના હેડ નંદકિશોર જગતાપે જણાવ્યું હતું કે તેમને આ ૧૯ આરઓ પ્લાન્ટમાંથી એકત્રિત કરાયેલા નમૂનાઓમાં એસ્ચેરીચિયા કોલી બેક્ટેરિયા મળ્યા છે.

# મુંબઈમાં પાંચ નવાં ફાયર સ્ટેશન બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈની વધતી વસતી અને હાઈરાઈસ ઈમારતોનું પ્રમાણ વધી રહ્યું હોવાથી લાંબા સમયથી મુંબઈ મહાનગરપાલિકા મુંબઈના ફાયર સ્ટેશનોનોની સંખ્યા વધારવાની યોજના બનાવી રહ્યું હતું અને હવે આને અનુલક્ષીને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં મુંબઈમાં પાંચ નવા ફાયર સ્ટેશન માટે ભંડોળ ફાળવવામાં આવ્યું છે, તેમાંથી બે ફાયર સ્ટેશન મુંબઈ કોસ્ટલ રોડ (દક્ષિણ છેડા) પાસે બંધાશે.

પાલિકાએ બજેટમાં ફાયરબ્રિગ્રેડના અપગ્રેડેશન તથા નવા ફાયર સ્ટેશન બાંધવા માટે ૨૬૧.૭૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે.શહેરમાં આગ લાગવાથી લઈને બિલ્ડિંગ તૂટી પડવા સહિતની અનેક દુર્ઘટના સમયે ફાયરબ્રિગેડ બચાવ કામગીરી હાથ ધરતી હતી. તેથી ફાયરબ્રિગેડને વધુ સક્ષમ બનાવવામાં આવવાનું છે. ૨૦૨૪-૨૫નાં નાણાકીય વર્ષમાં ફાયરબ્રિગેડ માટે ૧૫૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જેમાં નવા વર્ષમાં ભંડોળમાં વધારો કરવામાં આવ્યો છે, તેને કારણે ફાયરબ્રિગેડ પાંચ નવા ફાયરબ્રિગ્રેડ સ્ટેશન તો બાંધી શકશે સાથે જ નવાં અત્યાધુનિક સાધનો પણ સમાવેશ કરી શકશે.

હાલ મુંબઈમાં ૩૫ મોટાં અને ૧૯ નાનાં ફાયર સ્ટેશન આવેલા છે, તેમાં હવે કાંદિવલી (પૂર્વ)માં ઠાકુર વિલેજમાં બનાવવામાં આવી રહેલા ફાયર સ્ટેશનનું કામ પૂરું થયું છે. કાંજુરમાર્ગ (પશ્ચિમ)માં એલ.બી.એસ. માર્ગ પર પણ બાંધવામાં આવી રહેલા ફાયરબ્રિગેડ સ્ટેશનનું કામ લગભગ પૂરું થવાની તૈયારીમાં છે. સાંતાક્રુઝ (પશ્ચિમ)માં જુહુ તારા રોડ પર નવું ફાયર સ્ટેશન અને ચેમ્બુરમાં માહુલ રોડ પર તથા તિલક નગરમાં ગયા વર્ષે નવું ફાયર સ્ટેશન બાંધવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ભંડોળના અભાવે કામ થોડું અટવાઈ ગયું હતું અને હવે નવા નાણાકીય વર્ષમાં ભંડોળ ફાળવવામાં આવ્યું હોવાથી કામ ઝડપથી પૂરું કરવાનો લક્ષ્યાંક છે.

## હિન્દુ મરણ

**દશા નાગર વણિક**

દહેગામ નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. સુધીરચંદ્ર નટવરલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. અરૂણાબેન (ઉં. વ. ૮૪) તા. ૫-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કાન્તાબેન તથા જીવનલાલના દીકરી. તે શ્રેયસ તથા સંગીતાના માતુશ્રી. દીપા તથા આશિતકુમારના સાસુ. હાર્દિક તથા આયુષના નાની. પ્રાર્થનાસભા તા. ૭-૨-૨૫ના ૧૦થી ૧૨. ઠે. રાજપુરીયા બાગ, વિલેપાર્લે (ઇસ્ટ), એન. પી. ઠક્કર રોડ.

**મચ્છુ કઠિયા સઇ સુથાર જ્ઞાતિ**

કુતિયાણાવાળા હાલ ઘાટકોપર સ્વ. ગુલાબચંદ પૂંજાભાઇ પીઠડીયાના ધર્મપત્ની નિર્મળાબેન ગુલાબચંદ પીઠડીયા (ઉં. વ. ૮૨). તે કેતનભાઇ ગુલાબચંદ પીઠડીયા તથા સરલાબેન હર્ષદભાઇ મકવાણાનાં માતોશ્રી. દક્ષાબેનનાં સાસુ. નિશા અને વિશ્વાના દાદી. નગીનભાઇ, સુરેશભાઇ, વિનોદભાઇના કાકી. સ્વ. માધવજી રઘુ રાઠોડના પુત્રી. પિયરપક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. પ્રાર્થનાસભા તા. ૭-૨-૨૫ના શુક્રવારના ૪થી ૬. ઠે. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, લેવેન્ડરબાગની બાજુમાં, ઘાટકોપર (ઇસ્ટ).

**કચ્છી લોહાણા**

અ. નિ. ભાગીરથીબેન વિશ્રામ પવાણીના પુત્રી મંગળાબેન (ઉં. વ. ૯૫) મુલુંડ ચેકનાકા તા. ૨-૨-૨૫ રવિવારના અક્ષરનિવાસી થયા છે તે સ્વ. જેષ્ઠારામભાઇ, સ્વ. મનસુખભાઇ, સ્વ. અરવિંદભાઇ વિરેન્દ્રભાઇના મોટાબહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

દાદર નિવાસી હાલ ડોમ્બિવલી ભરતભાઇ મહેતા (ઉં. વ. ૬૯) તા. ૨૨-૧-૨૫ના બુધવાર શ્રીજીચરણ પામેલ છે. સ્વ. કમળાબેન શાંતિલાલ મહેતાના સુપુત્ર. સ્વ. જસુબેન ધારશીભાઇ શેઠના જમાઇ. રેખા (રંજન)ના પતિ. વર્ષા અને જીનલના પિતા. અમીષ મહેન્દ્ર શાહના સસરા. સ્વ. હર્ષદભાઇ, સ્વ. હેમંતભાઇ, સ્વ. દિલીપભાઇ, સ્વ. ચિત્રલેખાબેન, સ્વ. ગીતાબેન, રાજુલાબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી મ.ક.સ.સૂથાર**

તરસાઈવાળા હાલ મુંબઈ કાંદીવલી સ્વ. મંજુલાબેન મકવાણા અને છગનલાલ મનજીભાઈ મકવાણાના પુત્ર સ્વ. રાજેશભાઈ મકવાણા (ઉં. વ. ૬૨)નું તા. ૨-૨-૨૫ને રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે દિનેશભાઈ, સ્વ. અશોકભાઈ તેમજ અજયભાઈ, ત્થા પુષ્પાબેન કિરીટકુમાર સોલંકી, ભાનુબેન અશોકકુમાર શાહ (મુંબઈ) તેમજ પ્રવિણાબેન કિશોરકુમાર ચૌહાણના ભાઈ ત્થા મીનાબેનના દેવર ત્થા પાયલબેનના જેઠ તેમજ રશ્મીતાબેન આશિષભાઈના કાકાજી. બેસણું તા. ૮-૨-૨૫ને શનિવારે સાંજે ૪ થી ૬ રાખેલ છે. સ્થળ - વાંઝા ગ્યાતિ યુવક મંડળ (મુંબઈ), વાંઝા ગ્યાતિની વાડી, ધનામલ સ્કુલની સામે, હેમુકલાની મેઈન રોડ, કાંદિવલી વેસ્ટ, મુંબઈ.

**સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

મૂળ વતન વઢવાણ, હાલ મુંબઇ, તે ગુણવંતરાય રામચન્દ્ર ત્રિવેદી (ઉં. વ. ૧૦૦) તા. ૬-૨-૨૫ના ગુરુવારે દેવલોક પામ્યા છે. તે સ્વ.વિદુલાબેનના પતિ. સ્વ. જયેન્દ્ર, મૂકેશ, અતુલ તેમજ ગં.સ્સ્વ. રેખાબેન વિનુભાઈ વ્યાસના પિતા. ગં.સ્વ.હર્ષાબેન, સૌ. ભાવનાબેન, સૌ.જિજ્ઞાબેનના સસરા. તે જૂઈ, વિધિ, ધૈવત, જલ્પા તેમજ અભિરાજના દાદા, કુણાલ અને ઝરણાના નાના. પ્રાર્થનાસભા તા. ૮-૨-૨૫ શનિવારે સાંજે પાંચ થી સાત વાગે, વિશ્વેશ્વર ભવન, પહેલે માળે, સન્યાસ આશ્રમ, વી.પી. રોડ, વિલેપારલે (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૫૬.

**લોહાણા**

થાણા નિવાસી સૌ. રશ્મી વસાણી (ભિવંડીવાળા) (ઉં. વ. ૬૯) બુધવાર તા. ૫/૨/૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે હરીશ મોહનલાલ વસાણીના ધર્મપત્ની. તે મિલીંદ હરીશ વસાણીના માતુશ્રી. તે સ્વ.રમણલાલ તથા મનહરલાલ વસાણીના નાનાભાઈના ધર્મપત્ની. તે સ્વ.પ્રતાપલાલ ડાહ્યાલાલ ગઢીયા (દાદર)ના દિકરી. તે સ્વ.હિરાલક્ષ્મી તથા ભારતીબેન ના દેરાણી. બંને પક્ષની પ્રાર્થના સભા શુક્રવાર તા.૭/૨/૨૫ ના રોજ સાંજે ૪.૩૦ થી ૬. ઠે. શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજનવાડી, ખારકર આળી, થાણા (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

ગામ ત્રાપજવાળા હાલ મલાડ સ્વ ભાગીરથીબેન પ્રાણશંકર ભટ્ટ ના પૌત્ર તથા સ્વ દત્તાબેન શિરીષચંદ્ર ભટ્ટના પુત્ર પ્રણવભટ્ટ (ઉં. વ. ૪૭) તે ૪/૨/૨૫ ના રોજ કૈલાશવાસી પામેલ છે. તે ભક્તિના પતિ. નૈતિકના પિતા. કાર્તિક ના ભાઈ. સ્વ. રામભરોસે ભાવસારના જમાઈ. સ્વ. અનંતરાય, પ્રકાશચંદ્ર તથા પ્રદ્યુમ્ન ના ભત્રીજા.

**લુહાર સુથાર**

ગામ રાજકોટ નિવાસી હાલ બોરીવલી સ્વ.ઇન્દિરાબેન સોલંકી (ઉં. વ. ૬૫) તે ૫/૨/૨૫ રોજ રામશરણ પામેલ છે. તે શાંતિભાઈ બાબુભાઇ મકવાણાના દીકરી. સ્વ આનંદભાઈ ડાહ્યાભાઈ સોલંકીના ધર્મપત્ની. દિનેશ, નરેશ, સોનલ, કવિતાના માતુશ્રી. દેવમ, દેવાંશ, રિષિકા, પલક, કુશ, હિતેષ, કાવ્યાંશના બા. પ્રદીપ, અશ્વિન, જાગૃતિ, ગીતાના સાસુ. તેમની પ્રાર્થનાસભા ૮/૨/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી વેસ્ટ.

## પારસી મરણ

ઓસતી વીલી એરચ કરનજીયા તે મરહુમો ઓસતી આલુ ને એરવદ એરચ માનેકજી કરનજીયાના દીકરી. તે ઓસતા ખુરશેદ એરચ કરનજીયા અને મરહુમ દોલી સાવક મિસ્ત્રીના બહેન. (ઉં. વ. ૭૦) રહે ઠે.: ૬-બી, ૧૦૨, સાલસેથ પારસી કોલોની, પંપ હાઉસ, અંધેરી (ઈ.), મુંબઈ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયા તા. ૮-૨-૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગ્યે સાલસેથ અગિયારી, અંધેરીમાં છે જી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

લુવારીયા નિવાસી (હાલ મંગરૂલપીર) સ્વ. ચુનીલાલ ત્રિભોવનદાસ વોરાના ધર્મપત્ની ઈચ્છાબેન (ઉં. વ. ૯૭) તા. ૫-૨-૨૫, બુધવારે અરિહંતશરણ પામેલ છે. તે રાજેન્દ્ર ચુનીલાલ વોરા, સ્વ. પ્રકાશભાઈ, સ્વ. હરેશભાઈ, કલ્પનાબેન ધીરજલાલ વોરા, પૂનમબેન રાજેશકુમાર મહેતાના માતુશ્રી. તે શીલા, મીતા, ગીતાના સાસુ. તે સ્વ. મયંક ભાવિ, શ્રદ્ધા, સાગર, ઋષભ, સ્વ. હેતવી, હની, સંભવના દાદી. તે પિયરપક્ષે વનમાળીદાસ મહુવાવાળાની દીકરી. તે સ્વ. ખાંતીભાઈ, સ્વ. કાંતીભાઈ, સ્વ. ધીરૂભાઈ, સુશીલાબેન, સ્વ. કુસુમબેન, હંસાબેન, ભારતીબેનના મોટા બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કપાયાના જયવંતી ગોગરી (ઉં. વ. ૭૩) ૪/૨ના અવસાન થયેલ છે. પુરબાઇ વેલજી દેવજીના પુત્રવધુ. ધીરજના પત્ની. પ્રીતેષ, ફેરીલ, દીપાલીના માતા. કસ્તુરબાઇ ખીમજી શીવજીના પુત્રી. કેશવજી, કાન્તીલાલ, ટોકરશી, મણીલાલ, મંજુલા શાંતીલાલ ગાલાના બેન. પ્રા.શ્રી.ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન, મુંબઇ સંચાલિત શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઇ.), સ. ૩ થી ૪.૩૦.

બેરાજાના માતુશ્રી વાસંતી (કસ્તુર) શામજી સાવલા (ઉં. વ. ૭૮) તા. ૫/૨ના અવસાન પામેલ છે. હાંસબાઇ નાનજીના પુત્રવધુ. શામજીના પત્ની. ભાવના, મનીષ, ધીરેનના માતુશ્રી. મણીબેન ખીમજીના સુપુત્રી. મુન્દ્રા હેમલતા જયંતીલાલ, સાડાઉ ગુણવંતી ચીમનલાલ, લાખાપુર ચંદન રાજેશ, રમેશ, અતુલ, ભરતના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન ત્વચાદાન કરેલ છે. નિ.મનીષ સાવલા, બી-૧૨, ગણેશ કૃપા આર.એચ.બી. રોડ, મુલુંડ (વે.), મું. ૮૦.

મોટી ખાખરના વસંત કેશવજી ગાલા (ઉં. વ. ૬૯) મુંબઇમાં ૫/૨/૨૫ના અવસાન પામેલ છે. સ્વ. વેલબાઇ કેશવજીના પુત્ર. પ્રેમીલાના પતિ. નિકીના પિતા. કલ્યાણજી, હેમલતા, દમયંતી, તારા, મુંબઇ હર્ષદ શાહના ભાઇ. ભુજપુર રતનબાઇ નેણશી હંસરાજના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. ફોન આવકાર્ય.એ. વસંત કેશવજી ગાલા, ૩૦૩, ગુરૂકૃપા, કાર્ટર રોડ નં. ૧, બોરીવલી (ઇ), મું. ૬૬.

રામાણીયાના દામજી કાનજી સાવલા (ઉં. વ. ૮૧) તા. ૪/૨/૨૫ ના અવસાન પામેલ છે. રતનબાઇ કાનજીના પુત્ર. હેમલતાના પતિ. કલ્પના, સ્વ. પ્રદિપ, હર્ષાના પિતા. સ્વ. પ્રભાબેન, જેંતી, વલ્લભજીના ભાઇ. ભુજપુરના હાંસબાઇ શીવજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હેમલતા દામજી સાવલા, બી/૪૦૨, પાવાપુરી એપાર્ટમેન્ટ, અશોક નગર, કાંદિવલી (ઇસ્ટ).

ભુજપુરના પ્રભાબેન ગાલા (ઉં. વ. ૭૧) તા. ૧૯/૧/૨૫ના દેશમાં અવસાન થયેલ છે. દેવકાબેન નાનજી કેશવજીના પુત્રવધૂ. ચંપકલાલના ધર્મપત્ની. વૈશાલી, નિખીલના માતાજી. મણીબેન પ્રેમજીના પુત્રી. શાન્તા, હીરાલાલ, ભદ્રા, ઉષા, સુરેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રસ : ચંપકલાલ ગાલા, એ/૧૪ રાધા સ્મૃતિ બિલ્ડીંગ, શાન્તી નગર, ૬૦ ફીટ રોડ, ભાયંદર (વેસ્ટ).

મેરાઉના નીતા દિનેશ દેઢિયા (ઉં. વ. ૬૧) તા. ૪-૨-૨૫ ના અવસાન પામેલ છે. સ્વ. વેલબાઈ શીવજીના પુત્રવધુ. સ્વ. દિનેશના પત્ની. જીગર, પરેશના મમ્મી. સ્વ. વિમળાબેન મેઘજીની પુત્રી. હર્ષા, રક્ષા, હિના, ચંદ્રકાંતના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પરેશ દેઢીયા, ઓમ સાઈ સંકુલ, રૂમ નં. ૧૩, ગાસકોપરી, વિરાર (ઈ).

કોડાય/પૂનાના રેખા કાંતિલાલ ગોગરી (ઉં.વ. ૬૯) તા. ૫.૨.૨૫ ના અવસાન પામ્યા છે. માતુશ્રી ગોમીબાઈ મગનલાલ ભવાનજી ગોગરીના પુત્રવધુ. કાંતિલાલના પત્ની. બીશીર, રોમિલના માતુશ્રી. રાયધણજર વિજ્યાબેન જેઠાલાલ ગાલાના સુપુત્રી. ઉમેશ, પુનડી પારૂલ, પ્રિતચંદ, મો.આસંબીયા નલિની મણીલાલ, કો.મહાદેવ કલ્પના જીતેન્દ્ર, વિઢ સ્વ. ભારતી દિપકના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કાંતિલાલ ગોગરી : ૨૦૩, સંકલ્પ સિધ્ધી લેન, બી/૩૨, ધાયરી, પૂના-૪૧.

**પાટણ જૈન**

શ્રીમતી કોકિલાબેન મણિયાર, (ઉં. વ. ૮૦) ચૌધરીની શેરી. હાલ જુહુ મુંબઈ નિવાસી, તે સ્વ. પ્રવિણચંદ્ર હિંમતલાલ મણિયારના પત્ની, ચી. ચિંતન, અર્ચના અને નીપાના માતુશ્રી. નીલિમા, અમર અને હિરેનના સાસુ. નિષ્ઠા, ટીઆરા તથા જીલ, મેઘ અને પ્રિયલ ના દાદી/નાની, સ્વ. વિનોદભાઈ, સ્વ. ભુપેન્દ્રભાઈ અને પ્રમોદભાઈના ભાભી. સરસ્વતિબેન હિરાલાલ ખુબચંદ લાદીવાલાના દીકરી. તે ગુરુવાર તારીખ ૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ અરિહંત શરણ થયા છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રી માળી જૈન**

દેવગાણા નિવાસી હાલ બોરીવલી સ્વ. ધરમશી માનચંદ શાહના સુપુત્ર જયશુખભાઈ શાહ (ઉં. વ. ૮૦) તા ૪/૨/૨૫ ને મંગળવારના અરિહંત શરણ પામેલ છે, તે પ્રતિભા બેન ના પતિ. પ્રશાંત, દીપ્તિબેન ધીરેન કુમાર દોશી, ચૈતાલીબેન નિશિથ કુમાર પુનાતર, પિન્કીબેન જીગ્નેશ કુમાર દોશી ના પિતાશ્રી. સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ કિશોરભાઈ, સ્વ જયપ્રકાશ , સ્વ સુધીરભાઈ તથા રંજનબેન ચંદ્રકાન્તભાઈ સલોત ના મોટાભાઈ, તથા શ્વસુર પક્ષે અમૃતલાલ તલકચંદ દોશી મહુવાવાળાના જમાઈના તા ૮/૨/૨૫ને શનિવારે પિતૃવંદના સમય સવારે ૧૦ થી ૧૨ કલાકે શ્રી વર્ધમાન સ્થાનકવાસી હોલ, ડાયમંડ ટોકીઝ ની સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

## ક્લાસિફાઈડ

**૯. લગ્ન સંબંધી**

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.) (૧૫૫૫૬-એ)

**૧૦. મહિલાઓ માટે**

નારી સાડી જોગેશ્વરી ઈસ્ટ પ્રસ્તુત
બાંધણી, ઘરચોળા, બનારસી, સેલાનું ભવ્યાતિભવ્ય સેલ
રૂ.૩૫,૦૦૦/- ના રીયલ ઈક્કત પટોળા માત્ર રૂ.૧૭,૫૦૦/- માં
રૂ.૧૫,૦૦૦/- ના રીયલ ઘરચોળા માત્ર રૂ. ૭,૫૦૦/- માં
રૂ.30,000/- ની રીયલ મીનાકારી બાંધણી માત્ર રૂ.૧૫,૦૦૦/- માં
રૂ.૨૦,૦૦૦/- ની રીયલ બનારસી બાંધણી માત્ર રૂ.૧૦,૫૦૦/- માં
રૂ.૭,૦૦૦/- ની ગજી સિલ્ક બાંધણી માત્ર રૂ.૩,૫૦૦/- માં
એવી જ રીતે અસંખ્ય વેરાયટીઝ ફાયદામાં...
ફોન કરીને આવવા નમ્ર વિનંતી
ફોન નં. 8097987978/9820207332
શોપ નં. - ૭, સેટેલાઇટ ક્લાસિક, સ્ટેશન રોડ, જોગેશ્વરી ઈસ્ટ, મુંબઈ-૬૦
(બી-૧૫૫૩૩)

**૧૪. નોકરી ખાલી છે**

■ **જોઈએ છે મહિલા/પુરુષ કુક સુંદરવન, સિટિમોલ નજીક, અંધેરી (પશ્ચિમ)માં વય ૨૫-૪૫, નજીકના વિસ્તારમાંથી પ્રથમ પસંદગી સંપર્ક: ૮૭૭૯૬૫૧૮૧૯ (સ. ૯ ક.થી સાંજે ૫ ક.) (૧૫૫૭૬-એ)**

**૧૭. જગ્યા આપવી છે**

દેવલાલી માં
આધુનિક બંગલા તથા રુમો વીકએન્ડ અથવા લાંબા સમય માટે ભાડા થી મળશે.
ટીવી અને એસી નોન એસી રુમો સાથે નેચરોપથી ટ્રિટમેન્ટ ની પણ સુવિધા ઉપલબ્ધ છે. 24 કલાક ગરમ ઠંડુ પાણી, ચાલવા માટે વિશાળ ટ્રેક,મનોહર ગાર્ડન અને નજીક માં આધુનિક રસોડા રેસ્ટોરન્ટ.
ડબલ ઓક્યુપન્સી 1000/-
બુકિંગ માટે સંપર્ક:
કોરલ ગાર્ડન
લામ રોડ, દેવલાલી.
બિના શાહ - 9860730303
ડૉ. નિશા - 9405438687
(બી-૧૫૩૯૨)

GHATKOPAR EAST
NEELSIDHI BRINDAVAN VALLABH BAUG LANE
3 BHK LUXURY FLATS
₹ 3.51 CR*. ONWARDS
READY POSSESSION
OC RECEIVED
MahaRERA Registration No.: P51800047071, available on https://maharera.mahaonline.gov.in
98334 69305
(B-15368)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**૨૦. ધંધાદારી જગ્યા**

■ ફર્નિશ્ડ ઓફિસ ૩૦૭ ચો. ફૂટ, ૨ કેબીનો સાથે, વર્કસ્ટેશન, અશોકા શોપિંગ કોમ્પલેક્ષ, ક્રાફર્ડ માર્કેટ ૯૮૬૭૩૦૭૮૮૫/૯૮૬૯૦૦૨૬૬૪/૯૯૨૦૨૯૮૪૬૬. (બી-૧૫૪૯૪)

**૩૧. નાણાંકીય**

**ZERO MARGIN**
**Low Margin, Low Brokerage, Trade in Nifty, Bank Nifty, Stock, Commodity. Call 9833009385. (B-15529)**

**૩૩. ધંધાદારી**

''પ્રતાપ પેકર્સ-મુવર્સ''
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

WANTED LENDERS/INVESTors for Clients with Big Projects / Business Finance (Pan India) (Genuine Lenders) Please Contact Mr. Goves - 9920689842. (B-15514)

**૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન**

**INTERIOR WORK**
**By Civil Engineer Dr. Fixit Applicator Licensed Plumber. Mob. 9833521709. (B-15525)**

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

**૫૨. કુરીઅર્સ**

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૪૯૨)

**એસએસ એક્સપ્રેસ**
કુરિયર, યુકે, યુએસએ, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુરોપ, 9699601689/8291516972. (બી-૧૫૪૫૬)

# કોલ્ડપ્લે કોન્સર્ટની ટિકિટના કાળાબજાર સંબંધી તપાસ બંધ કરી દેવાઈ

મુંબઈ: મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ બ્રિટિશ બૅન્ડ કોલ્ડપ્લેની ટિકિટોના બ્લૅકમાર્કેટિંગ કરવા સંબંધી બુકમાયશો વિરુદ્ધની પ્રાથમિક તપાસ બંધ કરી દીધી હતી.

આર્થિક ગુના શાખાની તપાસમાં ટિકિટોના કાળાબજાર સંબંધી મામલામાં ફોજદારી ગુનો નોંધી શકાય એવી કોઈ 'દખલપાત્ર સામગ્રી' મળી નહોતી. તેથી આ પ્રકરણની પ્રાથમિક તપાસ બંધ કરી દેવામાં આવી હોવાની વાતને અધિકારીએ સમર્થન આપ્યું હતું. એડ્વોકેટ અમિત વ્યાસે ગયા વર્ષની ૨૩ સપ્ટેમ્બરે કરેલી ફરિયાદને આધારે આર્થિક ગુના શાખાએ તપાસ હાથ ધરી હતી. નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં આ વર્ષના જાન્યુઆરીમાં થયેલા કોન્સર્ટની ટિકિટના કાળાબજાર થતા હોવાના આક્ષેપ ફરિયાદમાં કરાયા હતા. ફરિયાદમાં ટિકિટ ઑનલાઈન વેચનારી કંપની સહિત ૨૩ જણ વિરુદ્ધ આક્ષેપો કરાયા હતા. આરોપીઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની માગણી પણ કરાઈ હતી. આ કોલ્ડપ્લેના ચાહકો સાથે ઠગાઈ હોવાનું ફરિયાદમાં કહેવાયું હતું.

### ઍક્ટરની મજાક કેમ ઉડાવી?

# સ્ટૅન્ડ-અપ કોમેડિયન પર હુમલો કરવા બદલ ૧૨ જણ સામે ગુનો

સોલાપુર: સોલાપુર જિલ્લામાં અભિનેતા વીર પહાડિયાની મજાક ઉડાવવાને કારણે ક્રોધિત થઇને સ્ટેન્ડ-અપ કોમેડિયન પ્રણિત મોરે પર હુમલો કરવા બદલ પોલીસે ૧૦થી ૧૨ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. વીર પહાડિયા રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સુશિલકુમાર શિંદેનો પૌત્ર છે. તાજેતરમાં રિલીઝ થયેલી એક્શન ડ્રામા ફિલ્મ 'સ્કાય ફોર્સ'માં તેણે કામ કર્યું છે. રવિવારે પ્રણિત મોરેનો સોલાપુરમાં શૉ યોજાયો હતો, જેમાં તેણે પહાડિયા પર જૉક કર્યા હતા. આથી શૉ પત્યા બાદ ૧૦થી ૧૨ જણે મોરેને આંતરી તેના પર હુમલો કર્યો હતો, જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. મોરે વતી તેના સોશિયલ મીડિયા અકાઉન્ટ પર તેના પર હુમલો થયાનું નિવેદન આપવામાં આવ્યું હતું. મોરે વતી તેના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર આપેલા નિવેદનમાં જણાવાયું હતું કે હુમલાખોરોએ ઘાતકી હુમલો કર્યો. તેને મુક્કા અને લાતોથી મારીને ઘાયલ કર્યો છે. (પીટીઆઇ)

છેલ્લા પાનાનું ચાલુ

### રાજ્યના પ્રધાન

લાગે છે. બાન્દ્રા મેજિસ્ટ્રેટ કોર્ટે આ સપ્તાહની શરૂઆતમાં મુંડેની એવી દલીલને પણ ફગાવી દીધી હતી કે તેઓ પરણેલા નથી.

ધનંજય મુંડે સાથેના લગ્નથી બે સંતાન ધરાવતા કરુણાએ ૨૦૨૦માં તેમની સામે ઘરેલુ હિંસાનો કેસ નોંધાવ્યો હતો. તેમણે એ પછી ઘરેલું હિંસા કાયદા હેઠળ વળતર અને વચગાળાના ભરણપોષણની અરજી નોંધાવી હતી.

ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા પ્રધાનનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલ સયાલી સાવંતે સ્પષ્ટતા કરી કે કોર્ટ ઘરેલુ હિંસા કેસમાં પોતાનો અંતિમ ચુકાદો આપી શકી નથી.

મંગળવારે બાંદ્રા ફેમિલી કોર્ટે પહેલી પત્નીની અરજીને આંશિક રીતે મંજૂર કરી અને મુંડેને દર મહિને રૂ. ૧,૨૫,૦૦૦ અને તેમની પુત્રીને દર મહિને રૂ. ૭૫,૦૦૦ વચગાળાના ભરણપોષણ તરીકે ચૂકવવાનો આદેશ આપ્યો.

જોકે, કોર્ટે તેમના બીજા સંતાન માટે કોઈ રાહત આપવાનો ઇનકાર કર્યો હતો, અને કહ્યું હતું કે પુત્ર હોવાને કારણે, તે પુખ્ત હોવાથી ભરણપોષણનો હકદાર નથી.

મધ્ય મહારાષ્ટ્રમાં પ્રધાનનું વતન બીડ છે અને અહીં તેઓ સરપંચ સંતોષ દેશમુખની હત્યા સંબંધિત ખંડણી કેસમાં તેમના નજીકના સહાયક વાલ્મિક કરાડની ધરપકડને લઈને ભારે વિરોધનો સામનો કરી રહ્યા છે.

તેમના વકીલ સાવંતે દાવો કર્યો હતો કે કેટલાક અહેવાલોએ આ બાબતને સચોટ રીતે રજૂ કરી નથી, અને ભાર મૂક્યો હતો કે કોર્ટ એનસીપી નેતા સામેના ઘરેલુ હિંસા કેસમાં અંતિમ નિષ્કર્ષ પર પહોંચી નથી.

નાણાકીય બાબતોના આધારે વચગાળાના ભરણપોષણનો આદેશ પસાર કરવામાં આવ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ બાબતે કેટલાક મીડિયા અહેવાલો ગેરમાર્ગે દોરનારા છે. કોર્ટે મુંડે સામેના કોઈપણ આરોપો પર ચુકાદો આપ્યો નથી, એમ સાવંતે મીડિયા ગૃહોને જવાબદાર અને સચોટ રિપોર્ટિંગ સુનિશ્ચિત કરવા વિનંતી કરી.

એનસીપી મંત્રીની અલગ થયેલી પત્ની કરુણા શર્માએ કહ્યું કે તેઓ ફેમિલી કોર્ટના આદેશને હાઇકોર્ટમાં પડકારશે કારણ કે તેઓ બે લાખ રૂપિયાના વચગાળાના ભરણપોષણથી સંતુષ્ટ નથી.

કરુણાએ કહ્યું કે તેમણે ૧.૭ લાખ રૂપિયાની હાઉસિંગ લોન ઊખઈ (સમાન માસિક હપ્તો) ચૂકવવા પડે છે અને ૩૦,૦૦૦ રૂપિયા દર મહિને ભરણપોષણ ખર્ચ તરીકે જાય છે.

પોતાના પુત્રનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું, ''મુંડે પરિવારનો એકમાત્ર પુત્ર ઘરે બેરોજગાર છે. વાલ્મિક કરાડ, જે એક નોકર હતો, તેની પાસે ૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની મિલકત છે, પરંતુ મુંડે પરિવારના પુત્રના નામે કોઈ મિલકત નથી.'' (પીટીઆઈ)

### બદલાપુરના રેપિસ્ટ

બદલાપુર શહેરની એક શાળાના શૌચાલયની અંદર બે સગીર છોકરીઓનું યૌન શોષણ કરવાનો આરોપ હતો. આરોપી શાળામાં અટેન્ડન્ટ હતો. નવી મુંબઈની તલોજા જેલથી થાણે પૂછપરછ માટે વૅનમાં લઈ જતી વખતે પોલીસ સાથેના કથિત એન્કાઉન્ટરમાં તે માર્યો ગયો હતો. આ મામલે શુક્રવારે વધુ સુનાવણી થશે. (પીટીઆઈ)

### દહિસર ચેકનાકાના

હતી. આ મુક્તિનો હેતુ પ્રદૂષણ ઘટાડવાનો અને ટોલ પ્લાઝા પર ટ્રાફિકની સમસ્યા ઘટાડવાનો હતો. જોકે, ટોલ કોન્ટ્રાક્ટર દ્વારા કથિત ગેરવહીવટને કારણે, દહિસરમાં હાઇવે પર સ્થિત ટોલ પ્લાઝા તરફ જતા રસ્તાઓની બંને બાજુ ટ્રાફિક જામ ચાલુ રહ્યો હતો.

અન્ય એક સંબંધિત ઘટનાક્રમમાં, સરનાઇકે માહિતી આપી હતી કે છત્રપતિ શિવાજી મહારાજ માર્ગ પર એસ.કે.સ્ટોન અને ગોલ્ડન નેસ્ટ પર નિર્માણાધીન બીજા અને ત્રીજા ફ્લાય-ઓવર બ્રિજને શિવ જયંતિ (૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫) અને સ્વતંત્રતા દિવસ (૧૫ ઓગસ્ટ, ૨૦૨૫) ના અવસરે અનુક્રમે પૂર્ણ કરવામાં આવે અને વાહનોની અવરજવર માટે ખુલ્લા મૂકવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે એમએમઆરડીએ અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા.

કેવા પગલાં લેવાશે?

૧) મુંબઈ તરફના હાઇવે પર તાત્કાલિક માત્ર ત્રણ કતાર અને ભારે વાહનોની ટોલ વસૂલાત માટે હાઇવે પર બે કતાર અનામત રાખવી.

૨) બાકીનો રસ્તો હળવા મોટર વાહનો માટે ખાલી કરવો.

૩) વાહન માલિકો તેમના વાહનોને સંબંધિત કતારમાંથી વ્યવસ્થિત રીતે આગળ લઈ જઈ શકે તે માટે આરક્ષિત કતાર વિશે માહિતી આપતા બોર્ડ બંને બાજુ ૫૦૦ મીટર સુધી લગાવવા.

### મુંબઈ મેટ્રો રેલ સેવાઓ દહિસર સુધી લંબાવવામાં આવે: સરનાઈક

મહારાષ્ટ્રના પરિવહન મંત્રી પ્રતાપ સરનાઇકે ગુરુવારે મુસાફરોને રાહત આપવા માટે મુંબઈ મેટ્રો રેલની સેવાઓને ઉપનગરના દહિસર સુધી લંબાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

'મીરા-ભાયંદરના લોકોને ન્યાયની જરૂર છે. સ્થાનિક રહેવાસીઓને મુશ્કેલીમુક્ત મુસાફરી પૂરી પાડવા માટે મુંબઈ મેટ્રો રેલ આ વર્ષના અંત સુધીમાં દહિસર સુધી કાર્યરત થવી જોઈએ, એમ સરનાઇકે જણાવ્યું હતું.

તેમણે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ના અધિકારીને પ્રોજેક્ટને ઝડપી બનાવવા સૂચના આપી હતી અને તેનું વિસ્તરણ વધુ સારી કનેક્ટિવિટી પૂરી પાડવા અને ભીડ ઓછી કરવા માટે પ્રાથમિકતાના ધોરણે કરવામાં આવે એમ કહ્યું હતું.

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

પચ્ચીસમી પુણ્યતિથિએ
સ્મરણાંજલિ



ઈલા પ્રતાપ દોશી
૨-૪-૧૯૩૮ ❁ ૭-૨-૨૦૦૦
પ્રણવ – શિલ્પા
નક્ષત્ર
આશિષ – વૈશાલી
જિયા
પ્રીમિયર ગેસ સર્વિસ
પ્રેસિયસ ગેસ સર્વિસ
ઉર્જા ગ્રુપ

|| Om Shanti ||
In Loving Memory of
Ketan Gandhi



૨૭-૧૨-૧૯૭૭ - ૦૫-૦૨-૨૦૧૫
કેતન પંકજ ગાંધી
શોકસભા તારીખ: ૦૭.૦૨.૨૦૨૫

દશા મોઢ માંડલીયા વણિક
ચી. કેતન, ઉંમર વર્ષ ૪૭, રહેઠાણ મુંબઈ, તારીખ ૦૫.૦૨.૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે હંસા તથા પંકજ પ્રાણજીવનદાસ ગાંધીના સુપુત્ર, ડો. કોમલના પતિ. ચી. રિશાનના પિતાશ્રી. વનિતાબેન સ્વ. કૃષ્ણકાંતભાઈ, સ્વ. સુધાબેન–ભુપેન્દ્રભાઈ, કૈલાસ–અરૂણભાઈ, સ્વ. હંસાબેન, સ્વ. શાંતિબેન, રંજનબેન. સ્વ. અલકાબેનના (રમુબેન), ભત્રીજા તથા વિશાલના ભાઈ અને ગ્રીષ્માના જેઠ, હિના, સંગીતા, રાહુલ, અને હર્ષલના ભાઈ અને અર્પિતાના જેઠ, દીપ્તિ તથા યશવંતભાઈ રતિલાલ દોશીના જમાઈ, જહાનવી તથા પ્રિયમ દોશીના બનેવી.

બન્ને પક્ષ તરફથી પ્રાર્થના સભા તા: ૦૭.૦૨.૨૦૨૫ ના શુક્રવારે સાંજના ૦૫:૦૦ થી ૦૭:૦૦ માં જલારામ હોલ, એન એસ રોડ નં. ૬, જે. વી. પી. ડી. સ્કીમ, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ – ૫૬ માં રાખેલ છે.


# 30 કલાકનાં કામ પછી પાણીપુરવઠો યથાવત્

## નવી ૨,૪૦૦ મિલિમીટર વ્યાસની તાનસા પાઈપલાઈનને લીધે લીકેજ તેમ જ પાણીની ચોરી બંધ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પવઈ એંકર બ્લોકથી મરોશી વોટર ટનલ (ટનલ શાફ્ટ) દરમ્યાન નવી ૨,૪૦૦ મિલિમીટર વ્યાસની તાનસા પાઈપલાઈનને ચાલુ કરવાનું કામ ગુરુવાર, ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના સાંજના પૂરું કરવામાં આવ્યું હતું. ૪૪ એન્જિનિયર અને ૨૦૦ કામગારો અને કર્મચારીઓએ સતત ૩૦ કલાક સુધી કામ હાથ ધરીને આ નવી પાઈપલાઈનને ચાલુ કરવાની સાથે જ સમારકામ પૂરું કર્યું હતું. તેને કારણે હવે મુંબઈના અનેક વિસ્તારમાં પૂરતા દબાણ સાથે પાણીપુરવઠો મળવામાં અને પાઈપલાઈનમાં ગળતર બંધ થવામાં મદદ મળવાની છે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ નવી તાનસા પાઈપલાઈનનું ચાર્જિંગ થયા બાદ તેમાંથી પાણીપુરવઠો કરવાનું ચાલુ કરવામાં આવ્યું છે, તેને કારણે એસ વોર્ડ ભાંડુપ, એલ વોર્ડ-કુર્લા, કે-પૂર્વ વોર્ડના અંધેરી પૂર્વના વિસ્તાર, એચ-પૂર્વ વોર્ડના સાંતાક્રુઝ પૂર્વ તથા જી-ઉત્તર વોર્ડના દાદર-પરેલ જેવા વિસ્તારમાં પાણીપુરવઠો પૂર્વવત્ થશે.

પવઈ એંકર બ્લોકથી મરોશી વોટરટનલ (ટનલ શાફ્ટ) દરમ્યાન નવી ૨,૪૦૦ મિલ્યન લિટર વ્યાસની પાઈપલાઈનના જોડવાનું કામ ગુરુવારે સાંજે પૂરું કરવામાં આવ્યું હતું. તેથી ૧,૮૦૦ મિલિમીટર વ્યાસની પૂર્વ અને પશ્ચિમ આ બંને પાઈપલાઈનને હવે ખંડિત કરી નાંખવામાં આવી છે. આ કામ બુધવાર, પાંચ ફેબ્રુઆરી, ૨૦૨૫ના સવારના ૧૧ વાગે ચાલુ કરવામાં આવ્યું હતું, જે ગુરુવાર, ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સાંજે પાંચ વાગે એટલે કે કુલ ૩૦ કલાકની જહેમત બાદ પૂરું કરવામાં આવ્યું હતું. આ સમારકામ દરમ્યાન ભાંડુપ, કુર્લા, અંધેરી (પૂર્વ), સાંતાક્રુઝ (પૂર્વ) તથા દાદરના અમુક વિસ્તારમાં આ સમય દરમ્યાન પાણીપુરવઠો બંધ રાખવામાં આવ્યો હતો. પાણીપુરવઠા ખાતા દ્વારા ૩૦ કલાકના સમયગાળા હાથ ધરવામાં આવેલા કાર્ય દરમ્યાન અન્ય સમારકામ પણ કરવામાં આવ્યા હતા, જેમાં પવઈ તળાવ, ભાંડુપ, મરોશી, મોરારજીનગર, બાન્દ્રા, વિજયનગર પુલ, સહાર વિલેજ, સહાર કાર્ગો અને ધારાવી જેવા વિસ્તારમાં જુદા જુદા સ્થળે મોટા પ્રમાણમાં રહેલા લીકેજને બંધ કરવામાં આવ્યા હતા. તેમાં પાઈ હાઈ લેવલ રિઝર્વોયર એકની પાઈપલાઈનમાં રહેલા ગળતરનું સમારકામ તથા પાઈપલાઈનના વાલ્વ બદલવાના કામ તેમ જ ભાંડુપ ટેકડી રિઝર્વોયર નંબર-એકમાં સમારકામ, સફાઈકામ જેવા કામ પણ કરવામાં આવ્યાં હતાં. ■

# વીએલટી હેઠળની જમીન પર ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓથોરિટીનો જ અધિકાર: સુધરાઈ

મુંબઈ: બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના જી ઉત્તર વિભાગના મદદનીશ કમિશનર દ્વારા ગઈકાલે જારી કરવામાં આવેલા એક આદેશ મુજબ ધારાવીમાં વીએલટી હેઠળ આવેલી તમામ મિલકત ૨૦૨૧ના એક નોટિફિકેશન હેઠળ ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના અધિકાર ક્ષેત્ર હેઠળ મૂકવામાં આવી છે. આસિસ્ટન્ટ કમિશનરે સંબંધિત વિભાગોને આ નોટિફિકેશનને ટાકીને આદેશ આપ્યો છે કે આવી કોઈ પણ મિલકતને લગતી કોઈ પણ બાબતે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓથોરિટીની પૂર્વ મંજૂરી લીધા વિના કોઈ પણ નિર્ણય લેવો નહીં.

બીએમસીએ ૧૨મી ઑગસ્ટ, ૨૦૨૧ના રોજની ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની ઓથોરિટી હેઠળ આવતી મિલકતો બાબતે તારીખ ૧૨મી ઑગસ્ટ, ૨૦૨૧ના રોજની અધિસૂચના ક્રમાંક ૨૭૭ તેમજ અન્ય અધિસૂચના મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારક્ષેત્ર હેઠળના મિલકત વિભાગ હેઠળની ફ્રી હોલ્ડ, લીઝ હોલ્ડ અને ખાલી જમીન (વીએલટી) તેમજ અન્ય તમામ મિલકતોનો ધારાવી પુનઃવિકાસ પ્રોજેક્ટમાં સમાવેશ થાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને અધિસૂચના (નોટિફિકેશન)ના અમલની તારીખથી ફ્રી હોલ્ડ, લીઝ હોલ્ડ અને ખાલી જમીન (વીએલટી) તેમજ અન્ય તમામ મિલકતો સંબંધિત કોઈ કેસ મિલકત વિભાગ હેઠળ તબદીલ નહીં કરવાની સ્પષ્ટ સૂચના બીએમસીએ સંબંધિત તમામ વિભાગોને આપેલી છે.

બીએમસીએ જણાવ્યું છે કે જો અધિસૂચનાના અમલની તારીખ પછી કોઈ બાબત ટ્રાન્સફર કરવામાં આવી હોય, તો તેવા કેસોને સક્ષમ અધિકારીઓની મંજૂરીથી ઉલટાવી દેવા. ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓથોરિટી હેઠળ આવતા મ્યુનિસિપલ કોર્પોરેશનની જમીન અને અધિકાર હેઠળના વિસ્તારની મિલકત, ભાડાપટ્ટે આપેલી મિલકત અને ખાલી જમીન (વીએલટી) તેમજ અન્ય તમામ મિલકતો અંગે કોઈ નિર્ણય લેતાં પહેલાં આ કેસો બાબતે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓથોરિટીના સક્ષમ અધિકારીઓની પૂર્વ પરવાનગી મંજૂરી અભિપ્રાય મંતવ્ય વગેરે મેળવ્યા પછી જ સક્ષમ અધિકારીની મંજૂરી મેળવવી. ■

### કલ્યાણમાં બળાત્કાર બાદ સગીરાની હત્યા:

# પોલીસ એક સપ્તાહમાં આરોપી વિરુદ્ધ તહોમતનામું દાખલ કરશે

સોલાપુર: કલ્યાણમાં ૧૨ વર્ષની સગીરા પર બળાત્કાર ગુજાર્યા બાદ તેની હત્યાના કેસમાં પોલીસ આગામી એક સપ્તાહમાં આરોપી વિરુદ્ધ આરોપનામું દાખલ કરશે. કલ્યાણના ચક્કી નાકા વિસ્તારમાં સગીરા ૨૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ઘરની બહાર રમી રહી હતી ત્યારે આરોપી વિશાલ ગવળીએ તેની પત્નીની મદદથી સગીરાનું અપહરણ કર્યું હતું. વિશાલે ગવળીએ સગીરા પર બળાત્કાર ગુજાર્યા બાદ તેની હત્યા કરી હતી. દંપતી બાદમાં મૃતદેહને રિક્ષામાં કલ્યાણ-પડઘા માર્ગ પર બાપગાવ ખાતે લઇ ગયું હતું, જ્યાં મૃતદેહ ફેંકી દેવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. સગીરાનો મૃતદેહ બીજે દિવસે મળી આવ્યો હતો અને પોલીસે એ જ રાતે વિશાલની પત્ની સાક્ષી ગવળીની ધરપકડ કરી હતી. સાક્ષીના પતિ વિશાલની બીજે દિવસે બુલઢાણાથી ધરપકડ કરવામાં આવી હતી.

વિશાલ કલ્યાણના કોલસેવાડી વિસ્તારનો રહેવાસી છે, જ્યારે સાક્ષી બેન્કમાં કામ કરતી હતી. સાક્ષી તેની ત્રીજી પત્ની છે. બંને હાલ જુડિશિયલ કસ્ટડીમાં છે. ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૩ કલ્યાણ) અતુલ ઝેંડેએ જણાવ્યું હતું કે આ કેસની તપાસ ચાલી રહી છે અને આગામી સપ્તાહમાં આરોપીઓ વિરુદ્ધ આરોપનામું દાખલ કરાશે. કેસની તપાસ પૂર્ણ થવાને આરે છે અને કેસને મજબૂત બનાવવા માટે વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમ સાથે ચર્ચા ચાલી રહી છે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઇ)■

# કલ્યાણ જ્વેલર્સે કારીગરોના ઉત્થાન માટે ‘ક્રાફ્ટિંગ ફ્યુચર્સ’ પહેલ શરૂ કરી

મુંબઈ: થ્રિસુર, ૦૫મી ફેબ્રુઆરી, ૨૦૨૫: કલ્યાણ જ્વેલર્સે ક્રાફ્ટિંગ ફ્યુચર્સ, એક પરિવર્તનશીલ CSR પહેલ અને વિથ લવ બ્રાન્ડ ફિલોસોફીનો મહત્ત્વપૂર્ણ હિસ્સો લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ પહેલ ઝવેરાત કારીગરોની આજીવિકા સુધારવા, કારીગરી સાચવવા અને સમુદાયના વિકાસને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે.

આ પહેલનો પાયો નાખવા માટે, કલ્યાણ જ્વેલર્સે તેના અમલીકરણ માટે રૂ. ૩ કરોડ પ્રતિબદ્ધ કર્યા છે, જે શરૂઆતથી જ સાર્થક અને કાયમી અસર સુનિશ્ચિત કરી શકાય છે.

મોટી સામૂહિક અસર ઊભી કરવા અને અર્થપૂર્ણ પરિવર્તન લાવવા માટે, કલ્યાણ જ્વેલર્સ તેના ભાગીદારો અને હિતધારકોને આ ચળવળમાં જોડાવા આમંત્રણ આપી રહ્યું છે.

ઝવેરાત માત્ર સોના અને રત્નો વિશે જ નથી, તે કારીગરોની આત્મા અને કલાત્મકતાને વહન કરે છે જે દરેક ભાગને જીવંત બનાવે છે. ક્રાફ્ટિંગ ફ્યુચર્સ સાથે, અમે એ સુનિશ્ચિત કરીએ છીએ કે પરંપરાગત કારીગરી આધુનિક પ્રગતિ સાથે વિકસિત થાય, જેમણે પેઢીઓથી અમારા ઉદ્યોગના વારસાને જાળવી રાખ્યો છે.




(ડાબેથી) શ્રી રાજેશ કલ્યાણરમણ (એક્ઝિક્યુટીવ ડિરેક્ટર), શ્રી ટી. એસ. કલ્યાણરમણ (મેનેજિંગ ડિરેક્ટર) અને શ્રી સંજય રઘુરમણ (CEO), ‘ક્રાફ્ટિંગ ફ્યુચર્સની’ જાહેરાત કરે છે - કલ્યાણ જ્વેલર્સ દ્વારા રૂ. ૩ કરોડની પ્રારંભિક પ્રતિબદ્ધતા સાથે ઝવેરાતના કારીગરોને ઉત્થાન આપવા, કારીગરી જાળવવા અને સમુદાયના વિકાસને પ્રોત્સાહન આપવા માટેની CSR પહેલ.

કલ્યાણ જ્વેલર્સના મેનેજિંગ ડિરેક્ટર ટી. એસ. કલ્યાણરમણે જણાવ્યું હતું કે, અમે અમારા ભાગીદારોને આ મિશનમાં અમારી સાથે જોડાવા માટે આમંત્રિત કરીએ છીએ જેથી ભવિષ્યની ખાતરી કરવામાં આવે કે જ્યાં દરેક કારીગરને મહત્ત્વ આપવામાં આવે છે, સશક્ત બનાવવામાં આવે છે. ક્રાફ્ટિંગ ફ્યુચર્સ માત્ર CSR પ્રોજેક્ટ નથી, તે કાયમી પરિવર્તન લાવવાની ચળવળ છે. ■

# સ્કૂલ રિક્ષાને બદલે સ્કૂટર પર ગઈ ને છોકરીનો જીવ ગયો

## બીકેસીમાં છોકરી ટ્રક નીચે આવી ગઈ: રિક્ષાવાળો રોજ ભાઈ-બહેનને સ્કૂલ લઈ જતો, પણ પોલીસના કડક ચેકિંગથી ડરીને વાંધાજનક પેપર્સવાળી રિક્ષાને બદલે સ્કૂટર પર લઈ ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાળકોને સ્કૂલેથી લાવવા-લઈ જવા વાર્ષિક મહેનતાણા પર રોકેલો રિક્ષાવાળો વાંધાજનક પેપર્સવાળી રિક્ષા પર પોલીસની કાર્યવાહીથી ડરીને સ્કૂટરનો ઉપયોગ કરતો હતો, જેને કારણે ૧૦ વર્ષની માસૂમ બાળકીએ જીવ ગુમાવવો પડ્યો હોવાની ઘટના બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતે બની હતી. પૂરપાટ દોડતું સ્કૂટર રસ્તા પર ઊંધું વળી જવાને કારણે જમીન પર પટકાયેલી બાળકી પરથી સિમેન્ટ કૉન્ક્રીટ મિક્સર ટ્રક ફરી વળ્યું હતું. આ ઘટનામાં રિક્ષાવાળાની બેદરકારી સામે આવી હોવાથી પોલીસે ટ્રક ડ્રાઈવર સહિત રિક્ષા ડ્રાઈવરની પણ ધરપકડ કરી હતી.

બીકેસી પોલીસના જણાવ્યા મુજબ બુધવારની સાંજે સાત વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં ૧૦ વર્ષની શિફા શેખનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે મિક્સર ટ્રકના ડ્રાઈવર મિક્સરના ડ્રાઈવર અલ્તાફ ફારુખ અહમદ (૩૬) અને રિક્ષાવાળા જાફર પઠાણ (૩૬) વિરુદ્ધ પણ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર બાન્દ્રા પૂર્વમાં રહેતા કાપડના વેપારી સોહેલ શેખે તેનાં બે સંતાન શિફા અને સાત વર્ષના ઉમરને ઘરેથી શાળા અને શાળાથી પાછા ઘરે લાવવા માટે કુર્લા પશ્ચિમમાં રહેતા રિક્ષા ડ્રાઈવર જાફર પઠાણને રોક્યો હતો. આ માટે તેને વાર્ષિક પંદર હજાર રૂપિયા ચૂકવવાનું નક્કી થયું હતું. છેલ્લા પાંચેક દિવસથી કોઈ મહત્ત્વનું કામ હોવાથી બાળકોને સ્કૂલે મૂકવા પોતે જઈ શકે એમ નથી, એવું પઠાણે કહ્યું હતું. જોકે બાળકોને સ્કૂલથી ઘરે પોતે લઈ આવશે, એવું પણ તેણે કહ્યું હતું. પરિણામે વેપારી જ પોતાનાં બન્ને બાળકને સ્કૂલમાં મૂકવા જતો હતો અને સાંજે પઠાણ તેમને લેવા જતો હતો. બુધવારની સાંજે પઠાણ બન્ને બાળકને ઘરે છોડવા સ્કૂટર પર લઈ જતો હતો. સ્કૂટર બીકેસીના પ્લેટિના જંક્શન પાસે પહોંચ્યું ત્યારે ટ્રકનો ધક્કો લાગવાથી સ્કૂટર ઊંધું વળી ગયું હતું. પરિણામે પઠાણ સહિત બન્ને બાળકો સ્કૂટર પરથી જમીન પર પટકાયાં હતાં. તે જ સમયે ટ્રકનું ટાયર બાળકી પર ફરી વળ્યું હતું. અકસ્માતમાં બાળકને માત્ર ઉઝરડા પડ્યા હતા, સદ્નસીબે કોઈ મોટી ઇજા થઈ નહોતી. દરમિયાન અકસ્માત બાદ ઘટનાસ્થળેથી રવાના થઈ ગયેલો ટ્રક ડ્રાઈવર બાદમાં પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

વેપારીએ પોલીસને જણાવ્યું હતું કે પઠાણ બાળકોને રિક્ષાને બદલે સ્કૂટર પર લઈ જતો હોવાની તેના પરિવારને જાણ નહોતી અને આ અંગે પઠાણે તેમને કંઈ કહ્યું પણ નહોતું. વળી, સાત વર્ષના ઉમરના કહેવા પ્રમાણે પઠાણ બેદરકારીથી સ્કૂટર ચલાવતો હતો. તેને ધીમેથી સ્કૂટર ચલાવવાનું વારંવાર કહેવા છતાં તે પૂરપાટ ગતિએ દોડાવી રહ્યો હતો.

પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે પઠાણની રિક્ષાના દસ્તાવેજોમાં વાંધાવચકા હતા. અયોગ્ય દસ્તાવેજોને કારણે પોલીસ દ્વારા તેના પર વારેઘડીએ દંડ ફટકારવામાં આવ્યો હતો. પોલીસ કાર્યવાહીથી ડરીને તે રિક્ષાને બદલે સ્કૂટર પર બાળકોને લઈ જતો હતો. ■

# રેલવે ટ્રેક પર સેલ્ફીના ચક્કરમાં યુવાનનું મોત

મુંબઈ: મધ્ય રેલવેમાં તાજેતરમાં ચોંકાવનારો બનાવ બન્યો હતો. વધતા સોશ્યલ મીડિયાના ક્રેઝ વચ્ચે ૨૪ વર્ષના યુવકે જીવ ગુમાવવાની નોબત આવી હતી. રેલવે ટ્રેક પર ઊભા રહીને સેલ્ફી પાડવાના ચક્કરમાં યુવકે જીવ ગુમાવ્યો હતો, જ્યારે રેલવે પોલીસે અકસ્માતનો કેસ નોંધીને તપાસ હાથ ધરી હતી. આ બનાવ અંગે રેલવે પોલીસે કહ્યું હતું કે મધ્ય રેલવેમાં બદલાપુર અને અંબરનાથ વચ્ચે આ અકસ્માત થયો હતો. બદલાપુર અને અંબરનાથ વચ્ચેના એક ફ્લાયઓવરની નીચે બનાવ બન્યો હતો. અકસ્માતનો કેસ નોંધીને રેલવે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. થાણેના અંબરનાથ તાલુકામાં પોતાના સંબંધીને મળવા આવેલ ૨૪ વર્ષનો યુવક આ અકસ્માતનો ભોગ બન્યો હતો. મૃતકનું નામ સાહિર અલી (૨૪ વર્ષ મૂળ રહેવાસી પશ્ચિમ બંગાળ) તરીકે કરવામાં આવી હતી. રેલવે ટ્રેક પર ગ્રુપ ફોટો લીધા પછી સેલ્ફી લેતી વખતે પોતાના પર વધુ ધ્યાન આપતા જીવલેણ અકસ્માતનો ભોગ બન્યો હતો. જોકે, પૂરપાટ ઝડપે આવતી કોયના એક્સપ્રેસે તેને ટક્કર મારી હતી, જ્યાં તેનું ઘટનાસ્થળે મોત થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ઘટનાસ્થળના સાક્ષીઓએ કહ્યું હતું કે સાહિર અલી જ્યારે સેલ્ફી લઈ રહ્યો હતો ત્યારે પૂરપાટ ઝડપે આવતી ટ્રેને ટક્કર મારી હતી. ટ્રેનના ડ્રાઈવરે હોર્ન પણ માર્યો હતો, પરંતુ તેનું ધ્યાન ત્યાં નહીં જતા ટ્રેનની જોરદાર ટક્કર વાગી હતી. ઘટનાસ્થળે જ તેનું મોત થયું હતું. ■





SCAN, QR CODE TO BOOK YOUR TICKETS NOW
bookmyshow
SCAN, QR CODE TO BOOK YOUR TICKETS NOW
PVR INOX PICTURES
FOR GROUP BOOKING RSVP
KAUSHAL SHAH & TUSHAR VORA 9820113571


# મહારાષ્ટ્રમાં ઔદ્યોગિક જમીનના ઉપયોગ માટે બિન-કૃષિ મંજૂરીની જરૂર નથી: બાવનકુળે

મુંબઈ: મહારાષ્ટ્રમાં ઔદ્યોગિક જમીનનો ઉપયોગ કરવા માટે બિન-કૃષિ પરવાનગીની જરૂર રહેશે નહીં કારણ કે રાજ્ય સરકાર આ નિયમના ફેરફારને અમલમાં મૂકવા માટે સંબંધિત કાયદામાં સુધારો કરવાની યોજના બનાવી રહી છે, એમ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું. મહારાષ્ટ્ર જમીન મહેસૂલ સંહિતામાં સુધારો કરવાનો નિર્ણય દેશના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન વિભાગના નેતૃત્વ હેઠળના વ્યવસાય સરળતાના ભાગ રૂપે લેવામાં આવ્યો છે, એમ પ્રધાને બુધવારે જણાવ્યું હતું. અગાઉ જમીન-માલિકોને જમીનના ઔદ્યોગિક ઉપયોગ માટે બિન-કૃષિ (એનએ) દરજ્જાની જરૂર હતી. જોકે, સરકારે નોંધ્યું હતું કે આ પ્રક્રિયા માટે જરૂરી સમય લગભગ ઔપચારિક એનએ રૂપાંતર જેટલો જ હતો, જેના કારણે આ જરૂરિયાત દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો, એમ બાવનકુળેએ નોંધ્યું હતું. ‘આ જરૂરિયાત દૂર કરવાથી ઉદ્યોગો માટે પ્રક્રિયાઓ સરળ બનશે. વ્યવસાયો માટે જમીન સંપાદન અને ઉપયોગને સરળ બનાવવા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે. રાજ્ય સરકાર બિનજરૂરી અમલદારશાહીના અવરોધો ઘટાડીને ઔદ્યોગિક રોકાણને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે,’ એમ તેમણે કહ્યું હતું.

કાનૂની સુધારામાં થોડો સમય લાગશે, તેથી સરકારે સ્પષ્ટતા કરી છે કે ફેરફારો અમલમાં ન આવે ત્યાં સુધી, ઔદ્યોગિક જમીન વપરાશકર્તાઓને એનએ પરવાનગી લેવાની જરૂર રહેશે નહીં, એમ તેમણે જણાવ્યું હતું.■

# ઉદ્યોગોને પજવનારાઓ પર એમસીઓસીએ લગાડો: ફડણવીસ

પુણે: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે પોલીસને એવો નિર્દેશ આપ્યો હતો કે ઉદ્યોગોને હેરાન-પરેશાન કરે છે અને બ્લેકમેલ કરીને ત્રાસ આપે છે એવા લોકો ક્યા પક્ષ સાથે સંકળાયેલા છે તેને ધ્યાનમાં લીધા વગર તેમની સામે મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) લાગુ કરવા જેવા કડક પગલાં લેવામાં આવે.

રાજ્યના વૈશ્વિક ઉદ્યોગો સાથેના સંબંધો અને રાજ્યમાં રોકાણના પ્રવાહને ધ્યાનમાં રાખીને, ઉદ્યોગ માટે અનુકૂળ વાતાવરણ બનાવવું જરૂરી છે, એમ તેમણે જણાવ્યું હતું.

પુણે નજીક નવા પિંપરી-ચિંચવડ પોલીસ કમિશનરેટના શિલાન્યાસ સમારોહમાં બોલતા, ફડણવીસે એમ પણ નોંધ્યું હતું કે રાજ્યભરમાં તમામ રાજકીય પક્ષો દ્વારા ગેરકાયદે રીતે હોર્ડિંગ્સ લગાવવામાં આવી રહ્યા છે.

‘અમને ઉદ્યોગો તરફથી સમયાંતરે હેરાનગતિ, બ્લેકમેલ અને ખંડણીની ફરિયાદો મળે છે. આવા કૃત્યો કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. મુશ્કેલી ઉભી કરનારાઓ અમારા પક્ષના હોય, અજિત દાદા (અજિત પવાર)ના પક્ષના હોય કે (એકનાથ) શિંદે સાહેબના પક્ષના હોય...તેથી કોઈ ફરક પડતો નથી,’ એમ તેમણે કહ્યું હતું. ■


પ્રોસ્ટેટ ગ્રંથિ, કિડનીમાં પથરી
સ્ત્રી–પુરુષનાં મૂત્રવિકાર
Urethral Stricture
ઑપરેશન વગર ઉપચાર



- પ્રોસ્ટેટ ગ્રંથિ
- સ્ત્રીઓના મૂત્રવિકાર
- ખાંસી કે છીંકતી વેળા અજાણતા પેશાબ થવો
- વારંવાર પેશાબ થવો
- કિડનીમાં પથરી
- મુત્રમાર્ગમાં વારંવાર ઈન્ફેક્શન
- Urethral Stricture

વિશેષતા: ઑપરેશન, કાપકૂપ, એડમીટ થવાની મૂંઝવણમાં પડવાની જરૂર નથી.
૨૦ વર્ષનો અનુભવ
ડૉ. સુનીલ પાટીલ કહાલેકર
કહાલેકર યુરોલોજી સેંટર
(આયુર્વેદિક મૂત્રવિકાર ઉપચાર કેંદ્ર)
મુંબઈ, પૂના, ઔરંગાબાદ, નાંદેડ
મુંબઈ વિઝીટ: રવિવાર, ૯ ફેબ્રુઆરી ૨૦૨૪
મહિનાનો દર બીજો અને ચોથો રવિવાર
પૂના વિઝીટ: સોમવાર, ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪
(સમય: સવારે ૯.૦૦થી બપોરે ૪.૦૦)
સ્થળ: પાલકર પૉલિક્લિનિક, રાનડે રોડ, દાદર (પ)
95031 16222
94221 88788
www.readycureayurveda.com


# મધ્ય રેલવેની ટ્રેનસેવા ફરી ખોરવાઈ

મુંબઈ: મધ્ય રેલવેમાં લોકલ ટ્રેનની સર્વિસ રોજ મોડી પડવાનું રોજની વાત બની ગઈ છે, જેમાં ગુરુવારે વહેલી સવારે ફરી ટેક્નિકલ સમસ્યાઓને કારણે સેન્ટ્રલ રેલવેની તમામ લાઇનો પરની ઉપનગરીય ટ્રેન સેવાઓ ખોરવાઇ ગઇ છે. મેઈન લાઈનમાં ખાસ કરીને ભીવપુરી રોડ અને કર્જત સ્ટેશન વચ્ચે કંઇક ટેક્નિકલ સમસ્યા નિર્માણ થઇ હતી. સેન્ટ્રલ રેલવેના મુંબઈ ડિવિઝને સોશ્યલ મીડિયાપર પોસ્ટ કરીને આ અંગે માહિતી આપી છે. ગુરુવારે ભીવપુરી રોડ અને કર્જત સ્ટેશન વચ્ચે ટેક્નિકલ સમસ્યાને કારણે બધી જ ટ્રેનો અપ અને ડાઉન લોકલ તેમ જ મેલ/એક્સપ્રેસ ટ્રેનો પ્રભાવિત થઇ છે.

સવારે ઑફિસ જવાના સમયે જ ટ્રેન સેવાઓ ખોડંગાઇ જતા કામધંધે જનારા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. લોકો જણાવી રહ્યા છે કે ટ્રેન મોડી પડવાનું તો હવે લગભગ રોજનું જ થઇ પડ્યું છે. ■


સર્વે ભાવિકોને જણાવવાનું કે
હજરતપીર કમલીશાહ બાબાનો ઉરસ
આવતી કાલે શનિવાર તા. ૮.૨.૨૦૨૫
ગામ શીરગાંવ, સ્ટેશન પાલઘર (વે. રેલવે) ખાતે ઉજવવામાં આવશે. તો સર્વે ભાવિકોને દર્શન અને ન્યાજનો લાભ લેવા ભાવભીનું આમંત્રણ છે.
લી. બીલાલ ફારૂક અહમદમિયા મુઝાવર

# હર્ષિત રાણાએ એક ઝાટકે કપિલ, ઝહીર, બુમરાહને ઝાંખા પાડીને રચ્યો ઇતિહાસ



નાગપુરઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઊભરી રહેલા ભારતના નવા ફાસ્ટ બોલર હર્ષિત રાણાએ ગઈ કાલે ભારત માટે નવો ઇતિહાસ રચ્યો હતો. તે ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, ટી-૨૦, વન-ડે)ની ડેબ્યૂ મૅચમાં ત્રણ કે વધુ વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર બન્યો છે.

કપિલ દેવ, ઝહીર ખાન તથા જસપ્રીત બુમરાહ પણ જે ન મેળવી શક્યા એ સિદ્ધિ હર્ષિત રાણાએ પ્રાપ્ત કરી છે.

હર્ષિતે ગઈ કાલે ૫૩ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. ડિસેમ્બરમાં તેણે પર્થમાં ઑસ્ટ્રેલિયા સામે ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું અને એના પ્રથમ દાવમાં ૪૮ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. ગયા મહિનાની (જાન્યુઆરીની) ૩૧મીએ હર્ષિત પહેલી વાર ટી-૨૦ ઇન્ટરનૅશનલ રમ્યો હતો. ઇંગ્લૅન્ડ સામેની એ ટી-૨૦માં તેણે ૩૩ રનમાં ત્રણ વિકેટ લીધી હતી.

હર્ષિતે ગઈ કાલે નાગપુરમાં બેન ડકેટ, હૅરી બ્રૂક અને લિઆમ લિવિંગસ્ટનની વિકેટ લીધી હતી.

૨૩ વર્ષનો હર્ષિત પ્રદીપ રાણાનો જન્મ ૨૦૦૧ની બાવીસમી ડિસેમ્બરે દિલ્હીમાં થયો હતો. દિલ્હી વતી તેણે ૧૨ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં ૪૭ વિકેટ લીધી છે. આઇપીએલમાં તે કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) વતી રમ્યો છે. કેકેઆરના માલિકોએ તેને ચાર કરોડ રૂપિયામાં રીટેન કર્યો છે.



**કાવ્યા મારન કોણ છે?**

૩૩ વર્ષની કાવ્યા મારન સન ગ્રૂપના સ્થાપક અને ચૅરમૅન કલાનિધિ મારનની પુત્રી છે. કાવ્યા મારન હૈદરાબાદની ટીમનો સંપૂર્ણ અખત્યાર સંભાળે છે. તેણે ટીમના ખેલાડીઓ સિલેક્ટ કરવાની શરૂઆત કરી ત્યારથી ટીમના પર્ફોર્મન્સમાં જબરદસ્ત પરિવર્તન આવ્યું છે.

# કાવ્યાની કંપનીએ ઇંગ્લૅન્ડની ટીમ ૧,૦૯૪ કરોડ રૂપિયામાં ખરીદી

હૈદરાબાદ/લંડનઃ ૨૦૨૪ની આઇપીએલમાં બૅટિંગમાં ધમાલ મચાવનાર સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમની માલિકી ધરાવતી કાવ્યા મારને ક્રિકેટજગતમાં મોટી ખરીદી કરીને સનસનાટી મચાવી દીધી છે. તેની માલિકીના સન ગ્રૂપે ઇંગ્લૅન્ડની 'ધ હન્ડ્રેડ' નામની ૧૦૦-૧૦૦ બૉલના ફૉર્મેટમાં રમાતી લીગ ટૂર્નામેન્ટની નૉર્ધર્ન સુપરચાર્જર્સ નામની ટીમ ૧,૦૯૪ કરોડ રૂપિયામાં ખરીદી છે.

'ધ હન્ડ્રેડ' ટૂર્નામેન્ટ અગાઉ ખૂબ લોકપ્રિય નહોતી, પરંતુ આઇપીએલના ફ્રૅન્ચાઇઝીઓએ એની ટીમ ખરીદવાની શરૂઆત કરી છે ત્યારથી આ ટૂર્નામેન્ટની ખ્યાતિ વધતી ગઈ છે. સનરાઇઝર્સ હૈદરાબાદ આઇપીએલની એવું ત્રીજું ફ્રૅન્ચાઇઝી છે જેણે 'ધ હન્ડ્રેડ'ની ટીમ ખરીદી છે. મુંબઈ ઇન્ડિયન્સે ઓવલ ઇનવિન્સિબલ્સ ટીમનો ૪૯ ટકા ઇક્વિટી હિસ્સો તથા લખનઊ સુપર જાયન્ટ્સે મૅન્ચેસ્ટર ઑરિજિનલ્સનો ૪૯ ટકા હિસ્સો ખરીદ્યો હતો. હવે સનરાઇઝર્સે નોર્ધનો ૪૯ ટકા હિસ્સો ખરીદ્યો છે.

કાવ્યા મારનની હૈદરાબાદ ટીમનો ૨૦૨૪ની ૨૬મી મેએ ચેન્નઈમાં કોલકાતા નાઇટ રાઇડર્સ સામેની ફાઇનલમાં આઠ વિકેટે પરાજય થયો હતો અને હૈદરાબાદની ટીમ રનર-અપ રહી હતી.

યૉર્કશર ક્રિકેટ ક્લબના ચીફ એક્ઝિક્યૂટિવ ઑફિસર સંજય પટેલે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે 'નૉર્ધર્ન સુપરચાર્જર્સને નવી ઊંચાઈએ લઈ જવા અમારી ક્લબ અને સન ગ્રૂપ પ્રતિબદ્ધ છે.'

સન ગ્રૂપે બીજી વિદેશી ટીમ ખરીદી છે. આ પહેલાં કાવ્યા મારનના આ ગ્રૂપે સાઉથ આફ્રિકાની 'એસએ૨૦' નામની લીગ સ્પર્ધાની ઇસ્ટર્ન કેપ ટીમ ખરીદી હતી જેને સનરાઇઝર્સ ઇસ્ટર્ન કેપ નામ આપવામાં આવ્યું છે. માર્કરમના સુકાનમાં આ ટીમ 'એસએ૨૦'ની બન્ને સીઝનમાં ચૅમ્પિયન બની હતી અને આ વખતે પ્લે-ઑફમાં પહોંચ્યા બાદ એની કસોટી થવાની છે.

હૈદરાબાદની ટીમ ૨૦૧૬માં આઇપીએલની ટ્રોફી જીતી હતી. હાલમાં પૅટ કમિન્સ આ ટીમનો કૅપ્ટન છે.

# વિરાટને જાન્યુઆરીમાં ગરદનમાં દુખાવો અને ફેબ્રુઆરીમાં ઘૂંટણમાં ઈજા

## પ્રથમ વન-ડેમાં ન રમ્યો, હવે રવિવારની બીજી મૅચમાં રમશે કે નહીં એ અનિશ્ચિત

નાગપુરઃ બૅટિંગ-લેજન્ડ વિરાટ કોહલી ઇંગ્લૅન્ડ સામે ગઈ કાલે સિરીઝની પ્રથમ વન-ડેમાં ન રમ્યો એનું કારણ એ છે કે તેને ગોઠણમાં ઈજા થઈ છે.

જાન્યુઆરી વિરાટને ગરદનમાં દુખાવો હોવાથી તે રણજી ટ્રોફીની સૌરાષ્ટ્ર સામેની મૅચમાં નહોતો રમ્યો. ત્યાર બાદ તે રેલવે સામેની રણજી મેચમાં રમ્યો હતો પરંતુ ફક્ત ૬ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. એ જોતાં વિરાટને હાલમાં નબળું ફૉર્મ અને ઈજાઓ ખૂબ નડે છે.

બેથી ત્રણ રેકૉર્ડ વિરાટ કોહલીની રાહ જોઈ રહ્યા છે. તે આ મૅચ રમવાનો જ હતો અને બુધવાર બપોર સુધી તેણે ભરપૂર પ્રેક્ટિસ કરી હતી. જોકે બુધવારે સાંજે તેને પ્રેક્ટિસ દરમિયાન જમણા ઘૂંટણમાં ઈજા થઈ હતી અને તેણે ન રમવાનો નિર્ણય લીધો હતો. બુધવારે તેણે જમણા ઘૂંટણમાં ઘણી પટ્ટીઓ લગાડાવી હતી અને બૅટિંગ-પ્રૅક્ટિસ નહોતી કરી. તેણે ટીમ-ફિઝિયો કમલેશ જૈનની મદદ લીધી હતી. હવે તે રવિવારે કટકની બીજી મૅચમાં રમશે કે કેમ એમાં શંકા છે.

ચૅમ્પિયન્સ ટ્રૉફીમાં ભારતની પાકિસ્તાન સામેની મૅચ ૨૩મી ફેબ્રુઆરીએ દુબઈમાં રમાશે અને ત્યાં સુધીમાં વિરાટે ૧૦૦ ટકા ફિટ થઈ જ જવું પડશે.




તેની ગેરહાજરીમાં યશસ્વી જયસ્વાલને વન-ડેમાં ડેબ્યૂ કરવાનો મોકો મળી ગયો હતો જેમાં તે ફક્ત ૧૫ રન બનાવી શક્યો હતો.

વિરાટને વન-ડે ક્રિકેટમાં ૧૪,૦૦૦ રન પૂરા કરવા માટે ફક્ત ૯૪ રનની જરૂર છે. ૧૪,૦૦૦ રન પૂરા કરી ચૂકેલા માત્ર બે બૅટર સચિન અને સંગકારા કરતાં પણ વધુ ઝડપે આટલા રનની સિદ્ધિ હાંસલ કરવાની વિરાટને તક છે. તે આ સિદ્ધિ ગઈ કાલે જ મેળવી શક્યો હોત, પરંતુ ઈજાગ્રસ્ત થવાને કારણે હવે તેણે થોડી રાહ જોવી પડશે. વિરાટના સ્થાને ડેબ્યૂ કરનાર યશસ્વીની સાથે ફાસ્ટ બોલર હર્ષિત રાણાને પણ વન-ડેમાં કરીઅર શરૂ કરવાનો મોકો મળ્યો હતો.




**વન-ડે ટ્રોફી કોની?:**

રોહિત શર્મા અને જૉસ બટલરે ગઈ કાલે નાગપુરની પ્રથમ વન-ડે પહેલાં ટ્રોફી સાથે પોઝ આપ્યો હતો. બ્રિટિશરો સામેની પાંચ મૅચની ટી-૨૦ સિરીઝની ટ્રોફી ભારતે સૂર્યકુમાર યાદવના સુકાનમાં ૪-૧થી જીતી લીધી હતી. હવે વન-ડે ફૉર્મેટમાં ભારતની કસોટી છે. (પીટીઆઇ)



**ભૂલનું પરિણામ, રૅકેટનો સત્યાનાશઃ**

ચેન્નઈમાં ગઈ કાલે એટીપી ચૅલેન્જર ચેન્નઈ ઓપન ટેનિસ સ્પર્ધા દરમ્યાન એક પૉઇન્ટ ગુમાવતાં પોતાની ભૂલો પર જ ગુસ્સે થઈને રૅકેટ તોડતો રશિયાનો અસલાન કારાત્સેવ. તેની આ પ્રી-ક્વૉર્ટર ફાઇનલ કઝાખસ્તાનના ટિમોફી સ્કાતોવ સામે હતી. સ્કાતોવનો ૬-૪, ૭-૫થી વિજય થયો હતો.

# શુભમન ગિલ મૅન ઑફ ધ મૅચ

નાગપુરઃ વન-ડાઉન બૅટર અને વાઇસ કૅપ્ટન શુભમન ગિલને ગઈ કાલે ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ વન-ડેમાં મૅચ-વિનિંગ ૮૭ રન બનાવવા બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. તેની અને શ્રેયસ ઐયર વચ્ચે ત્રીજી વિકેટ માટે ૯૪ રનની ભાગીદારી થઈ હતી.

યશસ્વી (૧૯ રન)ની પ્રથમ વિકેટ પડતાં ગિલ બૅટિંગમાં આવ્યો હતો અને ગિલ ટીમને વિજયની લગોલગ પહોંચાડી દીધી હતી છેક ત્યારે વિકેટ ગુમાવી હતી. તેણે ૧૩૩ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ભારતનો સ્કોર ૨૩૫ રન સુધી પહોંચાડ્યો છેક ત્યારે (જીતવા માટે ફક્ત ૧૪ રન બાકી હતા ત્યારે) વિકેટ ગુમાવી હતી.

ખુદ ગિલે જ મૅચ કહ્યું હતું કે '૧૯ રનમાં પહેલી વિકેટ પડી ત્યારે મેં હકારાત્મક અભિગમ સાથે રમવાનું શરૂ કર્યું હતું. મેં બૅકફૂટ પર બહુ જવાનું ટાળ્યું હતું અને સમજદારીથી જ શૉટ મારવાનું નક્કી કર્યું હતું. જ્યારે કોઈ ખેલાડી આવી પૉઝિટિવ માનસિકતા સાથે રમે ત્યારે હરીફો પણ બૅકફૂટ પર જતા રહેતા હોય છે.'

ગિલ વાઇસ-કૅપ્ટન છે એટલે ફીલ્ડિંગ દરમ્યાન પણ તેની ઘણી જવાબદારી હોય છે. તેણે કહ્યું, 'હું ફીલ્ડિંગ દરમ્યાન રોહિતભાઈ પાસેથી ઘણું જાણતો હોઉં છું અને તેમને મદદરૂપ પણ થાઉં છું.'




ગિલ-શ્રેયસ વચ્ચે ૯૪ રનની ભાગીદારી થઈ હતી. (પીટીઆઇ)

# રોહિત અને ગંભીર વચ્ચે કડવાશ છે?! હોટેલમાં તો તેમની ગાઢ દોસ્તી દેખાઈ

નાગપુરઃ ગઈ કાલે અહીં ઇંગ્લૅન્ડ સામે શરૂ થયેલી વન-ડે સિરીઝ કેપ્ટન રોહિત શર્મા તેમ જ હેડ-કોચ ગૌતમ ગંભીર માટે ટર્નિંગ સાબિત થશે એવી સંભાવના વચ્ચે કેટલાક અહેવાલો જણાવે છે કે આ બંને દિગ્ગજ વચ્ચે કંઈક ખટપટ ચાલી રહી છે. જોકે વાઈરલ થયેલા એક વીડિયોમાં એવું કંઈ નથી જોવા મળ્યું. ઊલ્ટાનું, બંને વચ્ચે બહુ સારી દોસ્તી હોય એવું દેખાઈ રહ્યું છે.

નાગપુરની વન-ડેની પૂર્વ સંધ્યાએ હોટલમાં ડિનરની મોજ માણ્યા પછી ભારતીય ખેલાડીઓ તેમના રૂમ તરફ જઈ રહ્યા હતા ત્યારે લૉબીમાં રોહિત શર્મા અને ગૌતમ ગંભીર ગુસપુસમાં મગ્ન હતા. બન્નેએ જમ્યા પછી આ હળવી પળો માણી એનો વીડિયો વાઈરલ થયો છે.

વીડિયોમાં જોવા મળે છે કે રોહિત કંઈક રમૂજી વાત કરી રહ્યો હતો અને ગૌતમ ગંભીર ચહેરા પર સ્મિત રાખીને તેની વાત ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો.

બીસીસીઆઈના ઉપ-પ્રમુખ રાજીવ શુક્લાએ તાજેતરમાં જ એક પત્રકાર પરિષદમાં રોહિત-ગંભીર વચ્ચેના સંબંધો બગડ્યા હોવાનો આક્ષેપ સાફ શબ્દોમાં નકારી કાઢ્યો હતો.

ઉલ્લેખનીય છે કે રોહિત શર્મા તાજેતરમાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં પર્થની પ્રથમ ટેસ્ટમાં નહોતો રમ્યો અને ભારતના પરાજયનો સિલસિલો ચાલ્યા પછી સિડનીની છેલ્લી ટેસ્ટમાં તેણે રમવાનું ટાળ્યું હતું. ભારત સિરીઝ ૧-૩થી હારી ગયું એટલે હેડ-કોચ ગૌતમ ગંભીરની પ્રતિષ્ઠાને પણ નુકસાન થયું હતું.

# અમેરિકાના ક્રિકેટરોની આણંદમાં પાણીપૂરીની મોજ

આણંદઃ ગયા વર્ષે વેસ્ટ ઈન્ડિઝ સાથે મળીને ટી-૨૦ વર્લ્ડ કપનું સહ આયોજન કરનાર અમેરિકાના ક્રિકેટ બોર્ડે પોતાના રાષ્ટ્રીય ખેલાડીઓને નામિબિયાની ટીમ સામે ક્રિકેટ મૅચ રમવા માટે ભારત મોકલ્યા છે. જોકે એ પહેલાં અમેરિકાના ક્રિકેટરોએ ગુજરાતમાં થોડું સ્ટ્રીટ-ફૂડ માણ્યું હતું. ખાસ કરીને તેમણે આણંદમાં પાણીપૂરીની ખૂબ મોજ માણી હતી.

આઇસીસી વર્લ્ડ કપનો ક્વૉલિફાઈંગ રાઉન્ડ ચાલી રહ્યો છે અને એના લીગ-૨ ગ્રૂપમાં અમેરિકા અને નામિબિયાનો સમાવેશ છે.

નામિબિયા સામેની મૅચ અગાઉ અમેરિકાના ખેલાડીઓને થોડું સ્ટ્રીટ-ફૂડ માણવાની ઈચ્છા થઈ અને તેઓ આણંદમાં એક ફેમસ પાણીપૂરીવાળાને ત્યાં પહોંચી ગયા હતા. દરેક ખેલાડીએ સંખ્યાબંધ ટેસ્ટી પાણીપૂરીની મોજ કરી હતી.

આ ખેલાડીઓમાં સંજય કૃષ્ણમૂર્તિ, આરૉન જોન્સ અને ઉત્કર્ષ શ્રીવાસ્તવ વગેરે ખેલાડીઓનો સમાવેશ હતો.

અમેરિકાના ક્રિકેટરોએ આણંદમાં પાણીપૂરીની લહેજત માણી એનો વીડિયો વાઈરલ થયો છે.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે છઠ્ઠી જૂને ટી-૨૦ વર્લ્ડ કપમાં અમેરિકાની ટીમે પાકિસ્તાનને ટાઈમાં હરાવીને સનસનાટી મચાવી દીધી હતી.

આણંદમાં પાણીપૂરી સહિતનું સ્ટ્રીટ ફૂડ માણ્યા પછી નામિબિયા સામેની મૅચ માટેની પ્રેક્ટિસ કરનાર અમેરિકાના ખેલાડીઓમાંથી આરૉન જોન્સ એવો ટોચનો બેટર છે જેણે ગયા વર્ષે વર્લ્ડ કપમાં બાબર આઝમની ટીમ સામે બે સિક્સર અને બે ફોરની મદદથી ૨૬ બૉલમાં અણનમ ૩૬ રન બનાવ્યા હતા. તેણે મૅચને ટાઈ કરાવવામાં સૌથી મહત્ત્વનું યોગદાન આપ્યું હતું અને પછી સુપર ઓવરમાં ૧૧ રન બનાવ્યા હતા. અમેરિકા એ સુપર ઓવરમાં મૅચ જીતી ગયું હતું.

૩૮ બૉલમાં ૫૦ રન બનાવનાર અમેરિકાના કેપ્ટન મોનાંક પટેલે એમાં મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતી લીધો હતો.

# શનિવારે કર્ણાટકમાં ભારત-શ્રીલંકાના દિગ્ગજ ક્રિકેટરો વચ્ચે ટી-૨૦ મુકાબલો

બેન્ગલૂરુઃ શનિવાર, ૮મી ફેબ્રુઆરીએ અહીંના વિમાની મથકથી ૩૦ મિનિટ દૂર મુડેનહલી ખાતેના સત્ય સાઈ ગ્રામના મેદાન પર ભારત અને શ્રીલંકાના ભૂતપૂર્વ ખેલાડીઓની ટી-૨૦ મૅચ રમાશે.

ગયા વખતે 'વન વર્લ્ડ વન ફૅમિલી કપ' તરીકે જાણીતી આ સ્પર્ધાની પ્રથમ સીઝનમાં સચિન તેન્ડુલકર અને યુવરાજ સિંહ સહિત ઘણા જાણીતા ખેલાડીઓ રમ્યા હતા, જ્યારે આ વખતે બીજી સીઝનમાં ભાગ લેનાર ભારતીય ખેલાડીઓમાં ઇરફાન પઠાણ, યુસુફ પઠાણ, વેન્કટેશ પ્રસાદ, પીયૂષ ચાવલા, પાર્થિવ પટેલ, નમન ઓઝા, એસ. બદરીનાથ, સુનીલ જોશી, મનોજ તિવારી, ડોડા ગણેશ અને સ્ટુઅર્ટ બિન્નીનો સમાવેશ છે.

શ્રીલંકન ખેલાડીઓમાં અરવિંદ ડિસિલ્વા, માર્વન અટાપટ્ટુ, મુથૈયા મુરલીધરન, રોમેશ કાલુવિથરણા, અસેલા ગુણરત્ને, અજંથા મેન્ડિસ, નુવાન જોયસા, ચામિન્ડા વાસ, ઉપુલ થરંગા વગેરે સામેલ છે.

આ મૅચમાં ભારતની ટીમ 'ઇન્ડિયા વન વર્લ્ડ' અને શ્રીલંકાની ટીમ 'શ્રીલંકા વન વર્લ્ડ' તરીકે ઓળખાશે.

આ મૅચનું એક જાણીતા બ્રૉડકાસ્ટર દ્વારા જીવંત પ્રસારણ પણ થવાનું છે.



મુંબઈમાં 'વન વર્લ્ડ વન ફૅમિલી કપ'ની જાહેરાત વખતે સુનીલ ગાવસકર. એ પ્રસંગે વિશ્વનાથ-ગાવસકર ક્રિકેટ ઍકેડેમીની ઘોષણા પણ કરાઈ હતી. (અમય ખરાડે)

# મૅચ પૂરી થતાં જ હરીફ ખેલાડીઓ બર્થ-ડે બૉય નેમાર સાથે સેલ્ફી લેવા દોડી આવ્યા!

## બ્રાઝિલના ૩૩ વર્ષીય સુપરસ્ટાર ફૂટબોલરનું વિરાટ કોહલીની જેમ ૧૨ વર્ષે નિષ્ફળ કમબૅક




સૅન્ટોસ (બ્રાઝિલ)ઃ બ્રાઝિલનો ટોચનો ફૂટબોલર નેમાર ઈજાને કારણે છેલ્લા થોડા મહિનાઓથી પરેશાન છે, પણ ઈજામાંથી મોટા ભાગે મુક્ત થયા બાદ તે બુધવારે ઘણા લાંબા સમય બાદ બાળપણની ક્લબ સૅન્ટોસ ફૂટબૉલ ક્લબની ટીમ વતી પાછો રમવા આવ્યો અને મૅચ જેવી પૂરી થઈ કે તરત જ હરીફ ટીમના ખેલાડીઓ આ સુપરસ્ટાર પ્લેયર સાથે સેલ્ફી પડાવવા તેની પાસે દોડી આવ્યા હતા અને નેમારે તેમને સેલ્ફી લેવા દીધી હતી.

નેમારનો બુધવારે જન્મદિન હતો. તે ૩૩ વર્ષનો થયો છે. હમણાં સુધી તેનો સાઉદી અરેબિયાની અલ હિલાલ ક્લબ સાથે કૉન્ટ્રૅક્ટ હતો, પરંતુ વારંવાર ઈજા થવાને લીધે નેમાર અલ હિલાલ વતી સીઝનમાં માત્ર સાત મૅચ રમી શક્યો હતો અને એમાં તેનો પર્ફોર્મન્સ સાધારણ હતો. થોડા દિવસ પહેલાં જ અલ હિલાલની ક્લબે નેમાર સાથેનો કૉન્ટ્રૅક્ટ અધવચ્ચેથી જ રદ કરી નાખતાં નેમાર સૅન્ટોસ સાથે છ મહિનાનો કરાર કરવામાં સફળ થયો છે.

ખરેખર તો નેમારની હાલત તાજેતરમાં વિરાટ કોહલીની રણજી ટ્રોફીમાં થઈ એવી થઈ છે. વિરાટ ૧૨ વર્ષે હોમ-ટીમ દિલ્હી વતી રણજી ટ્રોફીમાં પાછો રમવા આવ્યો અને એમાં ફ્લૉપ ગયો હતો. જેમ ગયા અઠવાડિયે ૧૨,૦૦૦થી ૧૫,૦૦૦ પ્રેક્ષકો માત્ર વિરાટને રમતો જોવા રણજી મૅચ દરમ્યાન સ્ટેડિયમમાં આવ્યા હતા.

નેમાર બુધવારે ૧૨ વર્ષે સૅન્ટોસ વતી રમ્યો અને બૉટાફોગો સામેની મૅચમાં એકેય ગોલ નહોતો કરી શક્યો. તેને રમતો જોવા ૨૦,૦૦૦ પ્રેક્ષકો સૅન્ટોસના સ્ટેડિયમમાં આવ્યા હતા. નેમાર આ પહેલાં ૨૦૧૩માં ૨૧ વર્ષનો હતો ત્યારે તેણે સૅન્ટોસ ક્લબ છોડી હતી અને પ્રૉફેશનલ ફૂટબોલર બની જતાં વિશ્વભરમાં રમ્યો હતો અને કરોડો રૂપિયા કમાયો હતો.

સૅન્ટોસ-બૉટાફૉગો વચ્ચેની મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી. બન્યું એવું કે ડ્રૉ તરફ જઈ રહેલી મૅચને અંતે રેફરીએ ફાઇનલ વ્હીસલ વગાડી કે તરત જ બૉટાફૉગો ટીમના ખેલાડીઓ નેમાર સાથે ફોટો પડાવવા તેની પાસે દોડી ગયા હતા.

નેમાર ૨૧ વર્ષની ઉંમર સુધી સૅન્ટોસ ક્લબ વતી ૨૨૫ મૅચ રમ્યો હતો જેમાં તેણે ૧૩૮ ગોલ કર્યા હતા અને એ ક્લબને છ ટાઇટલ જિતાડી આપ્યા હતા.

# શમીનું ૪૪૩ દિવસ બાદ વન-ડેમાં કમબૅક

નાગપુરઃ ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને ગઈ કાલે છેક ૪૪૩ દિવસ બાદ ફરી વન-ડેમાં રમવા મળ્યું હતું. તેણે ઇંગ્લૅન્ડ સામે સિરીઝની પ્રથમ મૅચમાં આઠ ઓવરની બોલિંગમાં એક ઓવર મેઇડન રહ્યા બાદ ૩૮ રનમાં એક વિકેટ લીધી હતી. તેનું કમબૅક ખાસ કંઈ ન કહેવાય, પણ હવે શ્રેણીની બાકીની બે મૅચમાં તેને રમવા મળે છે કેમ અને રમવા મળશે તો તેની ફિટનેસ કેવી રહેશે એના પર બધો આધાર છે.

જો બ્રિટિશરો સામે શમી સારું રમશે તો ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થનારી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં તેના પર ઘણો આધાર રાખી શકાશે, કારણકે જસપ્રીત બુમરાહ પીઠના દુખાવાને કારણે ડાઉટફુલ છે. બુમરાહ ઇંગ્લૅન્ડ સામેની સિરીઝની બહાર થઈ ગયો છે અને ચૅમ્પિયન્સ ટ્રૉફીમાં રમશે કે કેમ એમાં શંકા છે.

ભારત-ઇંગ્લૅન્ડની બીજી વન-ડે રવિવારે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) કટકમાં અને છેલ્લી વન-ડે બુધવારે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) અમદાવાદમાં રમાશે.

# મૅટિની



# સાઉથનું શરણું કે પછી પ્રેમનો પાલવ...

## અંગત જીવન અને ફિલ્મ કારકિર્દીમાં પણ અત્યંત કપરા કાળમાંથી પસાર થઈ રહેલો સલમાન ખાન નવા સમીકરણની શોધમાં છે.

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

'ભાઈ, તુમ એક સુપરહિટ ફિલ્મ કબ દોગે?'

સલમાન ખાનના ચાહકો - પ્રેમીઓ તારસ્વરે ચિલ્લાઈ રહ્યા છે. એક પછી એક બ્લોકબસ્ટર ફિલ્મ આપવાની આદત પાડનારા ભાઈજાનની એવરેજ હિટથી કે ખર્ચ નીકળી ગયો જેવી સફળતા ચણા મમરા લાગે એ સ્વાભાવિક છે.

ભૂતકાળમાં સલમાન ખાનની ઘણી ફિલ્મોએ નિર્માતાની તિજોરી છલકાવી છે, પણ છેલ્લા સાત વર્ષમાં ભાઇજાનના નામે એક સુપરહિટ ફિલ્મ સમ ખાવા પૂરતી પણ નથી. 'મૈંને પ્યાર કિયા'ના બધાના લાડકા પાત્ર 'પ્રેમ'ની છેલ્લી હિટ ફિલ્મ : 'ટાઈગર ઝિંદા હૈ' (૨૦૧૭) છે. 'યશરાજ ફિલ્મ્સ'ના બેનર હેઠળ બનેલી આ ફિલ્મ 'એક થા ટાઇગર' (૨૦૧૨)ની સિક્વલ હતી અને ૩૪૦ કરોડનો ચોખ્ખો નફો કરવામાં સફળ રહી હતી. આ ફિલ્મ પછી એક જબરદસ્ત હિટ અને સલમાનને અણબનાવ થઈ ગયો છે. છેલ્લાં સાત વર્ષ દરમિયાન થિયેટરમાં રિલીઝ થયેલી ભાઈજાનની પાંચ ફિલ્મ ફ્લોપ થઈ છે. 'ટાઈગર ઝિંદા હૈ' પછી આવેલી ફિલ્મ હતી 'રેસ ૩' (૨૦૧૮). રેમો ડિસોઝા દિગ્દર્શિત રેસ સિરીઝની આ ત્રીજી ફિલ્મ એવરેજ હિટ સાબિત થઈ. ભાઇજાનના સ્ટાન્ડર્ડ અનુસાર એનો બોક્સ ઓફિસ પર વકરો નહોતો. ત્યારબાદ ૨૦૧૯માં 'ભારત' અને 'દબંગ ૩' આવી જે સુધ્ધાં ઠીક ઠીક રહી. આ સિવાય 'રાધે' અને જેની પર ઊંચો મદાર હતો એ 'કિસી કા ભાઈ કિસી કી જાન' પીટાઈ ગઈ.

આ બધા વચ્ચે તાસકમાં એક હિટ માટે ટળવળતો સલમાન ખાન સાઉથના શરણે જવા તૈયાર થયો છે અને સાથે સાથે 'પ્રેમ'નો પાલવ પકડવા પણ તૈયાર થયો છે. બનતી બધી કોશિશ કરવા એક્ટર ઉત્સુક છે.

સાઉથની જે ફિલ્મ પર મદાર બાંધ્યો છે એ છે એ. આર. મુરુગોદાસની 'સિકંદર'. ૨૦૦૮માં આમિર ખાનને લઈ સાઉથની 'ગજની'ની રિ-મેક હિન્દીમાં એ જ નામ સાથે બનાવી ૧૦૦ કરોડની ક્લબનો પાયો નાખનારા મુરુગોદાસએ ૨૦૧૪માં અક્ષય કુમાર સાથે તમિલ ફિલ્મની રિ-મેક 'હોલિ-ડે: અ સોલ્જર ઇઝ નેવર ઓફ ડ્યૂટી' બનાવી ફરી સફળતા મેળવી હતી.

જોકે, સલમાન સાથેની 'સિકંદર' સાઉથની કોઈ ફિલ્મની રિ-મેક નથી બલકે સાજીદ નડિયાદવાલાના કથાબીજ પરથી તૈયાર કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સાથે સાથે એ તમિળ ફિલ્મ 'સરકાર'ની રિ-મેક હોવાની વાત પણ થાય છે. સાચું ખોટું તો રિલીઝ થશે ત્યારે ખબર પડશે, પણ સલમાન સાઉથના શરણે છે એ વાત નક્કી છે. આ ફિલ્મનું શૂટિંગ પણ ચાલી રહ્યું છે.

'સિકંદર' ઉપરાંત સલમાન એટલીની ફિલ્મમાં કામ કરવાનો છે એવી અટકળો વહેતી થઈ છે. ત્રણ સુપરહિટ તમિલ ફિલ્મનું દિગ્દર્શન કર્યા બાદ શાહરુખ ખાન સાથે બ્લોકબસ્ટર 'જવાન' બનાવી હિન્દી ફિલ્મના દર્શકોમાં એટલીનું નામ જાણીતું બન્યું છે. 'સિકંદર'ના સેટ પર સલમાન અને હીરોઈન રશ્મિકા મંધાનાની કેમેસ્ટ્રીના વખાણ ચારેકોર ફેલાઈ ગયા હોવાથી એટલીને આ જોડીને લઈ ફિલ્મ બનાવવાની પ્રેરણા થઈ હોવાનું માનવામાં આવે છે. સલમાન માટે આ હરખના સમાચાર બેવડાઈ ગયા છે. એટલીની આ ફિલ્મમાં મેગા સ્ટાર રજનીકાંતને પણ સાઈન કરવામાં આવે એ દિશામાં વાત આગળ વધી રહી છે. જો બધું બરાબર પાર ઉતરે તો રજની સર - ભાઇજાનની જુગલબંધી દર્શકોમાં જબરું કુતૂહલ જન્માવશે એટલું નક્કી.

બીજી એક મહત્ત્વની વાત એ છે કે મુરુગોદાસ અને એટલી હિન્દી ફિલ્મ જોતા દર્શકોની નાડ પારખી ગયા છે. એટલે આ બંને ફિલ્મ સલમાનની સફળતાનો અધ્યાય ફરી શરૂ કરવામાં નિમિત્ત બને એવી સંભાવના મજબૂત છે એમ કહી શકાય ખરું.

સાઉથની ફિલ્મો સિવાય સલમાનની લગભગ નક્કી થઈ ગયેલી ફિલ્મમાં સૂરજ બડજાત્યાની આગામી મોડર્ન સેટઅપમાં પારિવારિક ફિલ્મનો પણ સમાવેશ છે. એક્ટર ડિરેક્ટર વચ્ચેનો સંબંધ ૩૫ વર્ષ જૂનો છે. સલમાનની કારકિર્દીની પહેલી બ્લોકબસ્ટર 'મૈંને પ્યાર કિયા' રાજશ્રી પ્રોડક્શન - સૂરજ બડજાત્યાનો કરિશ્મા હતો. પ્રેમના પાત્રને અફાટ પ્રેમ મળ્યો અને સૂરજ ભાઈએ પ્રેમનું પુનરાવર્તન ચાલુ રાખી 'હમ આપકે હૈં કૌન', 'હમ સાથ સાથ હૈ' અને 'પ્રેમ રતન ધન પાયો' બનાવી સફળતા મેળવી. જોકે, 'વૉન્ટેડ' (૨૦૦૯)થી શરૂ થયેલા એક્શન ફિલ્મોના દોરમાં રોમેન્ટિક ફિલ્મોનું બાષ્પીભવન થઈ ગયું. ૨૦૧૫માં પ્રેમનું પુનરાગમન થયું, સફળતા મળી, પણ અગાઉની સરખામણીમાં ઓછી. પ્રેમ માટેના પ્રેમમાં પહેલા જેવી ભરતી ન જોવા મળી. દસકા પછી સૂરજ બડજાત્યા ફરી સલમાનને પ્રેમ સ્વરૂપે રજૂ કરવા થનગની રહ્યા છે. હવે સલમાન ૬૦ વર્ષનો થવા આવ્યો. આ ઉંમરે અત્યાર સુધી જોવા મળેલા પ્રેમના પાત્રમાં સલમાન શોભે નહીં અને પ્રેક્ષકો પસંદ પણ ન કરે. આ વાત મિસ્ટર બડજાત્યા જાણે છે અને એટલે એની ઉંમરને છાજે એવો નવો પ્રેમ તૈયાર કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. 'અલબત્ત, એ જ મજાક મસ્તી, એ જ પારિવારિક મૂલ્યોનું જતન કરી નવા પ્રેમનું સર્જન કરવું જરૂરી છે' એમ સૂરજ બડજાત્યા જણાવે છે.

આ ઉપરાંત કબીર ખાન દિગ્દર્શિત 'બજરંગી ભાઈજાન'ની સિક્વલ 'બજરંગી ભાઈજાન ૨' (જેનું નામ પવનપુત્ર ભાઈજાન રાખવામાં આવ્યું હોવાની વાતો વહેતી થઈ હતી) પણ બનશે એવા સમાચાર વહેતા થયા હતા. હીરોઈન તરીકે પહેલા કરીનાનું નામ ચર્ચાયું હતું પણ પછી પૂજા હેગડેને સાઈન કરવામાં આવશે એવી વાત હતી. જોકે, ગયા વર્ષે રિલીઝ કરવામાં આવેલા ટ્રેલરમાં દિશા પટણી નજરે પડી હતી. સાજીદ નડિયાદવાલાની 'કિક -૨'માં પણ સલમાનની હાજરી છે. આમ સાઉથની ફિલ્મ અને 'પ્રેમ'ની ફિલ્મ ઉપરાંત ભાઈજાન સિક્વલ પર પણ મદાર બાંધી બેઠો છે. ■

# આ છે આપણા કમાલના કૉમેડિયનો... મનોરંજનના અસ્સલ હીરો!

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

ભારત સ્વભાવે જરા ગંભીર દેશ છે અથવા કળાની વાત કરો તો એવું જ લાગે. કોઈ માનશે કે એક જમાનામાં ઑલ ઇંડિયા લેવલ પર કૉમેડી ફિલ્મો ચાલતી નહીં. મુંબઈ ટેરેટેરી એટલે કે મહારાષ્ટ્ર અને ગુજરાતનાં શહેરોમાં ચાલતી, પણ આખા દેશમાં વિતરકો કૉમેડી ફિલ્મોથી દૂર ભાગતા. એકાદ-બે અપવાદને બાદ કરીએ અગાઉ ટેલેન્ટેડ કૉમેડિયનને પણ એવાં માન-સમ્માન કે પૈસા નહોતા મળતા. કિશોરકુમારને અભિનય માટે કોઇ એવોર્ડ મળ્યો નથી તેમ છતાંય અમુક હાસ્ય કલાકારોએ કૉમેડીની મશાલ ઝળહળતી રાખી,જેમ કે



**મહેમૂદઃ** મહેમૂદ એટલે જોકરનાં આંસુની મીઠાશ. હાવભાવ કે ડાયલોગ ફેંકવાની અદાથી મહેમૂદ એવો સુપરસ્ટાર કૉમેડિયન હતો, જેને ક્યારેક ધર્મેન્દ્ર, જિતેન્દ્ર કે વિશ્વજિત જેવા હીરો કરતાં વધારે પૈસા મળતા. મહેમૂદને કારણે ફિલ્મો વેચાવા માંડેલી ને માત્ર એમની કૉમેડી જોવા લોકો આવતા.

હાસ્યકારની કલા પાછળ દર્દ છુપાયેલ હોય છે. નાનાં ભાઈ-બહેનો, ભણતરનો અભાવ, કારમી ગરીબી, અસંખ્ય અપમાન ને દિમાગ કામ ન કરે એવા સંઘર્ષે જ મહેમૂદને દિમાગ ફાડી નાખે એવો શાર્પ-ચતુર કલાકારમાં પલટાવી નાખ્યો હતો.

'ગુમનામ'માં હૈદરાબાદી લઢણને-બોલીને અમર કરી દીધી અને તેય માત્ર એક જ શબ્દ 'ખયાલો મેં?' બોલીને! તો 'ચિત્રલેખા' જેવી ગંભીર ફિલોસોફિકલ ફિલ્મમાં પણ જુનિયર સાધુના રોલમાં મહેમૂદ અવિસ્મરણીય છે.

મહેમૂદમાં માણસ તરીકે અનેક કમજોરી, પણ કલાકાર તરીકે રંગબેરંગી દિલ હતું. એકમાત્ર મહેમૂદ જ પૉલિયોની જાગૃતિ માટે 'કુંવારા બાપ' જેવી સંવેદનશીલ ફિલ્મ બનાવી શકે. એમણે જ ફિલ્મોદ્યોગને આર.ડી. બર્મન, રાજેશ રોશન જેવા નવા સંગીતકારોની ભેટ આપી. એ છ ફૂટના અમિતાભ જેવા કોઈ નવાસવા નિષ્ફળ ગંભીર હીરોને રહેવા માટે ઘર અને 'બૉમ્બે ટુ ગોવા' જેવી ફિલ્મ અપાવી શકે છે.


આમ આદમીનો કલાકાર મહેમૂદ સદાય મનોરંજનનો મહારથી બની રહેશે.



**કિશોર કુમારઃ** જિનિયસ-સિમ્પલી અફલાતૂન ગીતકાર-સંગીતકાર, ગાયક-હીરો, કૉમેડિયન એની શું વ્યાખ્યા કરીએ? એને માત્ર કૉમેડિયન કહેવું એ કિશોર કુમારનું અપમાન છે. 'ઉઈ હુઈ હુઈ' હોય કે 'અરે બાંગડું' હોય કે 'ભોલે... ભોલે સૂર કો પકડ' હોય કે પછી હાફ ચડ્ડીમાં બાળકનો અભિનય હોય... કિશોર કુમાર એટલે અપ્રતિમ કલાકાર અને કેલિડોસ્કોપ જેવો એક રંગબેરંગી મિજાજા ધરાવતો કલાકાર.

અભિનેત્રી યોગીતા બાલીને પરણ્યા બાદ હનીમૂનમાં બીજે દિવસે સવારે યોગીતાજી ટોઇલેટમાંથી નીકળી તો કિશોર કુમારે પૂછ્યુંઃ 'અરે, તારા જેવી સુંદરી પણ ટોઈલેટ વાપરે?'

આવી મેડ, હ્યુમરવાળા હતા જીનિયસ કલાકાર કિશોર કુમાર.




**જોની વોકરઃ** તીણો અવાજ, હોઠની અદા, ગમે ત્યારે કૅમેરા સામે જોઈ વાત કરવાની સ્ટાઈલે એમને બસ કંડક્ટરમાંથી સેલેબલ કૉમેડી સ્ટાર બનાવ્યા. પ્યાસા, નયા દૌર જેવી ગંભીર કલાસિકલ ફિલ્મોમાં પણ એનાં ગીત વિના ડિસ્ટ્રિબ્યુટરો ફિલ્મ ખરીદવા તૈયાર નહોતા એ જ એમની સફળતાની ઊંચાઇ સૂચવે છે. મિત્રોને બોલાવીને પોતાના ઘટિયા શેર સંભળાવતી વખતે જો કોઈનું ધ્યાન આમતેમ જાય તો તરત કહે કે 'નાશ્તે કા ખયાલ રહે મિયાં!'



**સુંદરઃ** બોલ્યા પછી તરત કૅમેરા સામે જોઈ ચોંકવું એટલે કે ડબલ થોટ... આ શૈલીને હિંદી ફિલ્મોમાં કૉમેડિયન સુંદર લાવ્યો. અતિશય રમૂજી ચહેરો, 'દેખ કબીરા રોયા' જેવી લવસ્ટોરીનો આખેઆખો ક્લાઈમેક્સ સુંદર પર હતો. પડદા પર અને અંગત જીવનમાંય ભારે રમૂજી. કિશોર કુમારના ઘરે માતાનું ઉઠમણું હતું. સુંદર ત્યાં આવ્યો. કિશોર કુમારે તરત એને સાઈડમાં લઈ જઈને કહ્યું, 'પ્લીઝ તમે જાઓ, તમને જોઈને મારાથી હસી પડાશે!'



**જોની લીવરઃ** મિમિક્રીનો બેતાજ બાદશાહ, કૉમન મેનનું પ્રતીક, અનેક ભાષા જાણનાર ૧૯૮૦-૯૦માં એના વિના ફિલ્મો બનવી અસંભવ. અનેક ફિલ્મોનો અને સ્ટેન્ડ-અપ કૉમેડીનો કિંગ. જોની લીવર જેટલો ઉમદા હાસ્યકલાકાર એટલો જ ઉમદા દાનવીર અને દર્દીઓનું હિલિંગ કરનાર અદના ઇન્સાન તરીકે બોલિવૂડ અને લોકોમાં સદા લોકપ્રિય છે.



**અસરાનીઃ** ફિલ્મશિક્ષક, અનેક સ્ટાર્સ એને 'સર' કહે છે. 'શોલે'ના 'અંગ્રેઝો કે ઝમાને કા જેલર' કે 'ગુડ્ડી'નો સ્ટ્રગલર એક્ટર કે 'અભિમાન'નો ફિલ્મી સેક્રેટરી... અસરાનીના ઉચ્ચારોની શૈલી અને અદાએ વર્ષો સુધી એને ટોપ પર રાખ્યા, પણ દરેક સ્ટારની જેમ પોતાની ઈમેજના બોજમાં એક હદ સુધી આવીને અટકી ગયા.



**રાજેન્દ્રનાથઃ** યાની કે 'મિસ્ટર પોપટલાલ' આંખો ઊંચી-નીચી કરવાની અદા અને બેવકૂફ જેવા ચહેરે કંઈ પણ બોલવાની અદા. 'જબ પ્યાર કિસી સે હોતા હૈ'નો આ પોપટલાલ આજે ૫૦ વર્ષે પણ લોકોને યાદ છે.

**કાદર ખાનઃ** 'ઇતિહાસ મત પૂછો..' જેવા તકિયા કલામ લખનાર-બોલનાર, મૂળ સ્ટેજનો અને ફિલ્મનો સ્ટાર એક્ટર, અનેક પંચલાઇન આપી, સંવાદ લેખક



તરીકે અમિતાભ બચ્ચનને 'અમર-અકબર-એન્થની' અને 'નમક હલાલ'માં કૉમેડી ટેપ પર અભિનય સાથે મોકલતા અને અમિતાભે એને સાંભળી સાંભળીને પડદા પર બેનમૂન કૉમેડી કરી છે. કાદર ખાનની ફિલ્મજગતના લોકોએ ક્યારેય ખરી કદર નથી કરી, પણ અમિતાભને કૉમેડી કરાવવાનું શ્રેય જાણે-અજાણે એને જાય છે અને એમાં બધું આવી જાય છે.



**જગદીપઃ** હીરો તરીકે 'ભાભી' જેવી ફિલ્મ કરનારો કે બાળકલાકાર તરીકે 'દો બીઘા ઝમીન'માં કામ કરનારો જગદીપ પોતાની સંવાદશૈલીથી અમર છે. 'આ..ચા..ચૂ..ચે.. છે..છું' એવું કંઈ પણ વિચિત્ર બોલીને નજીવા સીનને ચમકાવી શકે.' 'શોલે'નો 'સુરમા ભોપાલી' જે માત્ર ૩-૪ સીનમાં આવે છે એ હિંદી ફિલ્મ ઇતિહાસનું યાદગાર પાત્ર છે.



**પરેશ રાવલઃ** 'હેરાફેરી'નો બાબુરાવ કે 'ગોલમાલ'નો અંધજન કે 'દોડ'નો વિલન કે 'માલામાલ'નો ગ્રામીણ માણસ.... પરેશ રાવલે કૉમેડીને એક સ્ટાન્ડર્ડ આપ્યું છે. ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ હોય તો કૉમેડીનો બ્રાન્ડ એમ્બેસેડર પરેશ રાવલ છે - ગુજરાતનું પ્રાઇડ. સક્ષમ ઑલરાઉન્ડર અદાકાર. સૌથી ચતુર, શાર્પ ને વિચારવંત કલાકાર. પરેશ રાવલને માત્ર કૉમેડિયન કહેવા એ અન્યાય છે. એમણે વિલનની જાનલેવા ઈમેજને તોડીને કૉમેડીને એક દરજ્જો આપ્યો છે.

આમ તો અનેક કૉમેડિયનોનો કાફલો છે.. કિસ કિસ કા નામ લેં.. પણ એ બધા વિશે ફરી ક્યારેક! ■

# મનના માલિક બનવાનું શીખાય... ગુલામ નહીં



સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

*એટલે તો કાળ સામે છું અડીખમ આજ પણ.*
*બાજીઓ હારી હશે, હિંમત હજી હારી નથી.*
*-- શૂન્ય પાલનપુરી*

આ મારી નાટ્ય-સફર કલાકાર-કસબીઓને પસંદ આવે છે એ એમનાં પ્રતિભાવથી ખ્યાલ આવે છે. આજે રંગભૂમિની સ્થિતિ સંતોષકારક નથી,છતાં રંગભૂમિ ટકી રહી છે એનું પરોક્ષ કારણ 'શૂન્ય' આપણને ઉપરોક્ત શેરમાં કહે છે.

આજે ખાસ નાટ્ય-રસિકો માટે એક ખુશખબર છે કે 'ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય-અકાદમી'નાં આર્થિક સહયોગથી 'શ્રુજન એમ એલ ડી સી પ્રાયોજિત ભવન્સ કલ્ચરલ અંધેરી' આયોજિત ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા આજે ૧૭મા વર્ષે પણ અડીખમ છે.

ગત સપ્તાહે મેં ભવન્સ-ચોપાટી થિયેટરના મેનેજર રમેશ જમીનદારની વાત કરેલી. મેં ૧૫ ઓગસ્ટ સાંજનાં સમયની તારીખ બુક કરાવેલી જેનું ભાડું લઈ 'બોસે' પૈસા મળ્યાની રસીદ પણ ભ.જો. ને આપી હતી પછી શું થયું કે મને 'બોસ'નો ફોન આવ્યો : 'તેં જે તારીખના પૈસા ભર્યા છે એ તારીખ તારી નહિ કોઈ બીજાની છે.'

મને નવાઈ લાગી.એ દિવસે મારો જન્મ-દિવસ હતો એટલે શો કરવાની ખાસ ઈચ્છા હતી. ત્યાં 'બોસે' આ 'બોમ્બ' અચાનક ફોડ્યો.

મારે ખુબ દલીલો થઈ. મેં કહ્યું, 'જો તારીખ બીજાને આપી હતી તો પૈસા તમારે લેવાય જ કેમ? બહુ બોલાચાલી પછી મને કહે, ' તારી તારીખ બપોરની છે'. પહેલા તો હું એમની વાતમાં આવી ગયો. પછી ખ્યાલ આવ્યો કે એ સમયે ભવન્સનું બપોરનું ભાડું તો રૂ: ૧૨૫૦/- હતું. જ્યારે સાંજનું ભાડું રૂ: ૧૫૦૦/- હતું , જે મેં ભરેલું. એ પોઈન્ટ ઉપર મેં દલીલ કરી. મારું મન એમની ખોટી વાત સાંભળવા તૈયાર જ નહોતું. મેં ફોન પરની દલીલો પડતી મૂકી સીધો ભવન્સની એમની ઓફીસમાં જ પહોંચી ગયો. ભાડાની વાત મેં કરી તો એમના તેવર બદલાયા. મને કહે, ' આ વખતથી બપોરનું ભાડું ૧૫૦૦/- કરી નાંખ્યું છે'

હકીકતમાં કોઈને 'સારું' લગાડવા બલીનો બકરો મને બનવવા માંગતા હતાં. મેં કહ્યું,' મારે નાટકની જા.ખ. સાંજ સુધીમાં આપવી પડશે. જો મારો પ્રોબ્લેમ સોલ્વ નહિ થાય તો હું ઉપર સુધી જઈશ.' મેનેજર રમેશ જમીનદાર મારા વડીલ હતાં પણ એમનું આ પ્રર્કાર્નું 'હું' પણું મને ખટકતું હતું.

મને એક નાટક યાદ આવી ગયું, 'નાજુક સવારી'. જે ડિરેક્ટ રમેશ જમીનદારે કરેલું. મારી નોકરીનાં ટેન્સનમાં મારે એ નાટક છેલ્લી ઘડીએ છોડી દેવું પડેલું. એનો ગુસ્સો આ માણસ 'આ' રીતે તો નહિ કાઢતા હોયને? આમ પણ એ નાટક '...સવારી' એક શો પણ પૂરું નહોતું કરી શક્યું. વાત એમ હતી કે નાટક બે સેટમાં વહેચાયેલું , નાટકની સેટ-ડિઝાઈન શરદ સ્માર્તે તૈયાર કરેલી, જે એમાં રોલ પણ કરતાં હતાં.સેટ સુંદર બનાવેલો, પણ વિંગ્સ નટબોલથી ઉભી કરવામાં આવેલી. પહેલો અંક પત્યો. બીજા અંકમાં બીજો સેટ લગાડવાનો હતો. નસીબ બે ડગલાં આગળ.. પહેલા સેટના ખુબ મહેનત પછી પણ નટબોલ ખુલ્યા જ નહિ.છેવટે સમયમર્યાદા ને લીધે શો રદ કરવો પડેલો. એમનો 'ઈગો' હજી એ જ હતો. જે એમના સ્વભાવથી પરિચિત હશે એમને ખબર હશે જ! હું જાણું છું કે ઈગો અને ક્રેડિટ કાર્ડ, બંને સરખા.આજે ફ્રી વાપરવા મળે, પણ પાછળથી પેમેન્ટ તો કરવું જ પડે.

મેં ઉપર જવાની વાત કરી એટલે મને કહે, 'બે કલાક પછી આવ....' ક્યાં વિચારે, 'બોસે' મારી પાસે બે કલાકનો સમય માંગ્યો.? બે કલાક એમની સામે બેસવાનું ફાવે એમ નહોતું. સમસ્યા એ જીવનનો ભાગ છે, તેનો સામનો કરવો એ જીવનની કળા છે.


મેં ભ.જો. અને નિર્માતા રમણિક ગોહિલ સાથે બહાર નીકળી બધી વાત કરી. તારકનાથ ગાંધીને પણ જા.ખ. નો લે-ઓઉટ તૈયાર કરવાનું કહી દીધું. બે કલાક પછી 'આ પાર કે પેલે પાર ' નિવેડો તો આવવાનો હતો. હું મારાં નિર્ણયમા અને એમની ખોટી વાત ન સ્વીકારવામાં મક્કમ હતો. મને હતું કે સત્તા આગળ શાણપણ હારી જશે તો થોડું રડી લઈશું. આમ પણ આપણા આંસુ આપણે જ લુંછી લેવા, લોકો લુંછવા આવે તો હિસાબ માગે અને 'બોસ' તો જે રીતે દલીલ કરતાં હતાં, એ માગશે જ... જોઈએ! કારણ કે નિર્ણય સાથે પરિણામ પણ બદલાઈ જશે એ નક્કી હતું.

બે કલાક પુરા કરી હું ફરી 'બોસ' ની ઓફિસમાં દાખલ થયો તો વાતાવરણ જુદું હતું. મને કહે, ' તું બહુ જીદ્દી છે. ઠીક છે, ૧૫ ઓગષ્ટની સાંજ તું કરજે, બસ!'

મને હાશકારો તો થયો પણ કોને 'ફેવર' કરવા માટે એમણે આટલું 'નાટક' કર્યું હશે? જેને થિયેટર આપવાનું હશે એમને પણ જણાવ્યું નહિ હોય. બાકી મારાં કોઈ દુશ્મન તો હતા નહિ. કદાચ બંને સામસામે આવ્યા હોત તો આ વચગાળાનો 'ઝઘડો' થયો જ ન હોત.

એ પછી અમે બહુ ઓછું બોલ્યા- મળ્યાં. હવે તો એ હયાત નથી, મારા મનમાં એમને માટે કોઈ કડવાશ પણ નથી.ભગવાન છે

એની પ્રતીતિ પ્રભુ કરાવતો જ રહે છે. હું પ્રાર્થના કરું છું કે સુખ આપો તો એટલું આપજો કે અભિમાન ન આવી જાય અને દુઃખ આપો તો એટલું જરૂર આપજો કે આસ્થા ન ચાલી જાય.! ■



**ડબ્બલ રિચાર્જ**

*ફેસબુકમાં એક પોસ્ટ હતી, પાર્ટીમાં મેં પાંચ પેગ પીધા હતા. જવાબદાર નાગરિક તરીકે મેં દારૂ પીધો હતો એટલે મારી કાર ત્યાંજ મુકીને હું રિક્ષામા ગયો.*

*એને ૪૦૦ લાઈક્સ અને ૮૦ કોમેન્ટ્સ આવી. બેસ્ટ કોમેન્ટ હતી.: 'ભાઈ, તું રિક્ષામા કોને ઘરે ગયો? પાર્ટી તો તારા ઘરે જ હતી...!'*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક



# ૧૯૨૫: ૪૦% ફિલ્મ ગુજરાતી ડિરેક્ટરની..!

## ૧૦૦ વર્ષ પહેલાં મણિલાલ જોશીએ બનાવેલી 'મોજીલી મુંબઈ' ફિલ્મની જાહેરાતથી પ્રેક્ષકોમાં ઉત્કંઠા જાગી હતી

'ગુજરાતીઓને લક્ષ્મી સાથે સંબંધ ખરો, સરસ્વતી સાથે નહીં...' એવું મજાકમાં કે દાઢમાં બોલાતું હોય છે. કલાજગત સાથે ઘરોબો નહીં, પણ 'અર્થજગત' સાથે સાત જન્મનો સહવાસ એવો અર્થ કાઢવામાં આવે છે.

ફિલ્મ જગત એ કલા વિશ્વનો જ હિસ્સો છે અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વિવિધ પહેલુઓ સાથે ગુજરાતીઓને વિવિધ તબક્કે નિકટનો નાતો રહ્યો છે એ હકીકત છે. ફિલ્મઉદ્યોગના ઇતિહાસ પર નજર નાખતા એક વાત ઊડીને આંખે વળગે છે કે મૂંગી ફિલ્મોના દોરમાં તેમ જ બોલપટ શરૂ થયા પછી માઈથોલૉજિકલ અને સ્ટંટ ફિલ્મોના દિગ્દર્શનમાં ગુજરાતી મેકરોની બોલબાલા હતી.

આજથી ૧૦૦ વર્ષ પહેલાં એટલે કે ૧૯૨૫માં રિલીઝ થયેલી ફિલ્મો પર નજર નાખતાં આ દલીલને સમર્થન મળે છે. એટલું જ નહીં, મરાઠી ભાષિક ફિલ્મ મેકરોનું પણ એ વર્ષે નોંધપાત્ર યોગદાન રહ્યું હતું. ભરોસાપાત્ર માહિતી અનુસાર ૧૯૨૫માં ૯૬ ફિલ્મ રિલીઝ થઈ હતી. આ ૯૬માંથી ૩૮ ફિલ્મના દિગ્દર્શક ગુજરાતી હતા. ટકાવારી ગણીએ તો ૩૯.૫૮ થાય. એટલે કે ૪૦% ફિલ્મ ગુજરાતી દિગ્દર્શકોએ બનાવી હતી. અન્ય ૫૮ ફિલ્મોમાંથી ૨૭ ફિલ્મ મરાઠી દિગ્દર્શકોએ તૈયાર કરી હતી. એકંદરે ૯૬ ફિલ્મમાંથી ૬૫ ફિલ્મમાં સુકાન ગુજરાતી+મરાઠી દિગ્દર્શકોએ સંભાળ્યું હતું. મતલબ કે ૬૮% (૬૭.૭૦) ફિલ્મ આ બે ભાષાના દિગ્દર્શકોએ ડિરેક્ટ કરી હતી. ગુજરાતીઓ અને મરાઠીઓનો ફિલ્મ મેકિંગમાં કેવો દબદબો હતો એ સમજાય છે.

ગુજરાતી દિગ્દર્શકોની વાત કરીએ તો મણિલાલ જોશી ૧૦ ફિલ્મ સાથે નંબર-વનના સ્થાન પર છે. મૂંગી અને બોલપટ એમ બંને દોરમાં ડિરેક્શન કરનારા જોશી સાહેબે દિગ્દર્શનની શરૂઆત 'વીર અભિમન્યુ' નામની પૌરાણિક ફિલ્મથી કરી હતી. અરદેશર ઈરાની અને ભોગીલાલ દવેએ શરૂ કરેલા 'સ્ટાર ફિલ્મ કંપની લિમિટેડ'ના બેનર હેઠળ બનેલી આ ફિલ્મ એ સમયની બિગ બજેટ ફિલ્મ તરીકે ચર્ચામાં હતી. જે સમયે આખી ફિલ્મ ૬૦-૭૦ કે ૭૫ હજારમાં બની જતી એ સમયે એક લાખનું બજેટ હતું 'વીર અભિમન્યુ'નું. ૧૯૨૫માં મણિલાલભાઈએ બનાવેલી ૧૦ ફિલ્મ (દેશના દુશ્મન, દેવદાસી, ઈન્દ્રસભા, કાલા ચોર, ખાનદાની ખવીસ, મોજીલી મુંબઈ, રાજ યોગી, સતી સીમંતિની, સુવર્ણા અને વીર કુણાલ)માંથી સૌથી વધુ ગાજી હતી 'મોજીલી મુંબઈ'.




મણિલાલ જોશીની ફિલ્મનું ટાઇટલ કુતૂહલ પેદા કરે છે

મુંબઈના સામાજિક જીવન પર પ્રકાશ ફેંકતી આ ફિલ્મની જાહેરખબર સિનેરસિકોમાં ગજબનું કુતૂહલ નિર્માણ કરી શકી હતી. એડવર્ટાઈઝમેન્ટ આ પ્રમાણે હતી:

***'વાહ રે મુંબઈ! અલબેલી અને મોજીલી મુંબઈ. ઊંચા કાંગરા અને બરછીના ભાલા જેવાં શિખરોથી દીપતી. ઉપરથી અચ્છી ઔર ભીતર કી રામ જાને જેવી ધમાચકડી અમે દમામદાર ડાકણની દીકરી પેઠે છલકાતી મલકાતી દીપી રહી છે. આવી આ મુંબઈ નગરીની એક કથા 'મોજીલી મુંબઈ.'***

સમયાંતરે મોહમયી નગરી મુંબઈ ફરતે આકાર લેતી કથા પરથી બનેલી ફિલ્મો અને એને કેન્દ્રમાં રાખી તૈયાર થયેલાં ગીતો માટે પ્રેક્ષકોને આકર્ષણ રહ્યું છે. જોકે, મૂંગી ફિલ્મોના દોરમાં આવી કોશિશ અને હિંમત મણિલાલ જોશીએ કરી હતી.

કનૈયાલાલ માણેકલાલ મુનશીની પ્રસિદ્ધ નવલકથા 'પૃથ્વીવલ્લભ' પરથી ૧૯૪૩માં સોહરાબ મોદીએ ફિલ્મ બનાવી હતી એ સહુ કોઈ જાણે છે. જોકે, જાણવા જેવી વાત એ છે કે મુનશીની આ નવલકથા હપ્તાવાર પ્રગટ થઈ રહી હતી એ સમયે મણિલાલ જોશીનું ધ્યાન એના પર પડ્યું અને આના પરથી સરસ મજાની ફિલ્મ બની શકે એવું એમનું માનવું હતું. આ માન્યતાને એમણે અમલમાં મૂકી 'પૃથ્વીવલ્લભ' ફિલ્મ બનાવી, જે હિટ સાબિત થઈ હતી. ૧૯૨૫માં મણિલાલ જોશીએ 'સતી સીમંતિની' નામની ફિલ્મ બનાવી હતી. સીમંતિની એટલે જેની અઘરણી કે સીમંત થઈ ગયું હોય એવી સ્ત્રી. ગર્ભાવસ્થાના છઠ્ઠા કે સાતમા મહિને કરવામાં આવતી આ વિધિ પછી સ્ત્રી સંતાનને જન્મ આપવાના આનંદમાં રાચતી હોય છે. આવે સમયે સતી થવાની વાતનો વિચાર દૂર દૂર સુધી ન આવે. તો પછી 'સતી સીમંતિની' ફિલ્મની કથા શું હશે એ કુતૂહલ પેદા કરે છે.

કમનસીબે ફિલ્મની વાર્તા વિશે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. જોકે, એટલું જરૂર સમજાય છે કે છેક ૧૯૨૫માં આવી ફિલ્મ બનાવવાનો વિચાર એક ગુજરાતી દિગ્દર્શકને આવ્યો હતો.

પારસીઓ ગુજરાતી જ ગણાય અને એ નાતે ૧૯૨૫માં હોમી માસ્તરે ૯ ફિલ્મ (ઘર જમાઈ, ફાંકડો ફિતૂરી, હીરજી કામદાર, કુલીન કાંતા, કુંજ વિહારી, લંકાની લાડી, મારી ધણિયાણી, રાજનગરની રંભા અને સંસાર સ્વપ્ન) બનાવી હતી. કૉમેડી અને સામાજિક ફિલ્મોને પ્રાધાન્ય આપનારા આ પારસી કલાકારની કારકિર્દીનો પ્રારંભ એક્ટર તરીકે થયો હતો. સેન્સર બોર્ડ દ્વારા બેન કરવામાં આવેલી પ્રથમ ભારતીય ફિલ્મ 'ભક્ત વિદુર'માં હોમીજીએ દુર્યોધનનો રોલ કર્યો હતો. એમની ફિલ્મોની એક લાક્ષણિકતા એ છે કે ૧૯૨૫માં એમણે બનાવેલી બે ફિલ્મ 'ઘર જમાઈ' અને 'ફાંકડો ફિતૂરી' અનુક્રમે ૧૯૩૫ અને ૧૯૩૯માં બોલપટ સ્વરૂપમાં ફરી બનાવવામાં આવી હતી. એમાંથી 'ઘર જમાઈ' બૉક્સ ઑફિસ પર હિટ સાબિત થઈ હતી.


એક આડવાત : 'ઘર જમાઈ' ફિલ્મના મુખ્ય કલાકારમાં એક નામ છે નૂર જહાં, પણ પાકિસ્તાન ચાલી ગયેલી એક્ટ્રેસ - સિંગર નૂર જહાં નહીં, કારણ કે એમનો જન્મ ૧૯૨૬માં થયો હતો અને બાળ કલાકાર તરીકે એમણે પ્રથમ ફિલ્મ ૧૯૩૫માં ૯ વર્ષની ઉંમરે કરી હતી. ■

---

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### ફરીથી સંભળાશે 'કબીરા સ્પિકિંગ...'



જેના એક ફોન કોલે રાજુ-ઘનશ્યામ અને બાબુ ભૈયાના જીવનમાં 'હેરાફેરી' આણી દીધી હતી એ કબીરા પરત આવી રહ્યો છે...!

સાજીદ નડિયાદવાલા 'હેરાફેરી'નો ત્રીજો ભાગ અનાઉન્સ કરી ચૂક્યા છે અને એમણે ગુલશન ગ્રોવર સાથે વાત પણ કરી લીધી છે. હાલમાં જ 'બેડમેન' ગ્રોવરે એક ઇન્ટરવ્યૂમાં કન્ફર્મ કર્યું છે કે 'કબીરા ઈઝ બેક!'

ગુલશનના કહેવા અનુસાર આ વખતનો કબીરા એ 'હેરાફેરી'ના કબીરા કરતાં થોડો અલગ હશે. એના પાત્રમાં નેગેટિવ ઉપરાંત પોઝિટિવ શેડ્સ પણ જોવા મળશે.... આથી વિશેષ કોઈ માહિતી ન આપતાં ગુલશને હોઠ સીવી લીધા છે. વર્ષ ૨૦૦૦ની 'યુનિક એન્ડ એપિક' કૉમેડી 'હેરાફેરી'માં પોતાના ભારેખમ અવાજથી 'કબીરા સ્પીકિંગ...' બોલીને એક અલગ જ ભાત ઉપસાવનાર ગુલશન ગ્રોવરનું એ પાત્ર ફિલ્મનાં અન્ય પાત્રોની જેમ જ યાદગાર થઈ ગયું છે.

આજે પણ એના ડાયલોગથી શરૂ થતા સીન્સ યુટ્યુબ પર એટલા જ 'વાયરલ' થાય છે અને લોકો એટલા જ એને માણે છે.

'હેરાફેરી'નો બીજા ભાગ એટલે કે 'ફિર હેરાફેરી'માં આ પાત્ર ગેરહાજર હતું, ઑડિયન્સે તેને મીસ પણ કર્યું હતું, પરંતુ હવે 'કબીરા ઈઝ બેક'ની જાણ થતાં 'હેરાફેરી' ફ્રેન્ચાઈઝના ફેન્સ જરૂર રાજી થયા હશે. આ ફેન્સનો રાજીપો વધે એવું અન્ય કારણ એ છે કે હાલમાં પોતાના જન્મદિવસે અક્ષય કુમારે આપેલી શુભેચ્છાના જવાબમાં 'હેરાફેરી'ના ડાયરેક્ટર પ્રિયદર્શને ત્રીજા ભાગને ડાયરેક્ટ કરવાની તૈયારી દર્શાવી છે.


### બોલિવૂડની ફિલ્મો ખરાબ... શું કારણ?

બોલિવૂડ સતત ખરાબ ફિલ્મ્સ આપી રહ્યું છે. મોટા ભાગના ફેન્સ અને ફિલ્મ પંડિતો આના માટે નબળી સ્ક્રિપ્ટને કારણભૂત ગણે છે. 'દેઢ ઈશ્કિયા' જેવી ફિલ્મ લખનાર દરાબ ફારૂકીએ હવે બોલિવૂડ ફિલ્મોની નબળી સ્ક્રિપ્ટ હોવા પાછળનું સચોટ કહી શકાય તેવું કારણ પણ જણાવી દીધું છે.

હાલમાં જ 'એક્સ' પર દરાબે એક લાંબી પોસ્ટ લખી છે, જે અનુસાર બોલિવૂડ સ્ક્રિપ્ટ રાઈટરને શરૂઆતમાં સ્ક્રિપ્ટ લખવા માટે તેની કુલ ફીના ૧૦થી ૨૦ ટકા જ આપે છે પછી એ સ્ક્રિપ્ટ મંજૂર થાય પછી બીજા દસેક ટકા આપે છે. આ થયા બાદ મોટા ભાગના નિર્માતાઓ લેખકને એક્ટર્સ સાઈન થવાની રાહ જોવાનું કહે છે. હવે જો એક્ટર્સ સાઈન ન થાય કે કોઈ બીજાં કારણોસર આખો પ્રોજેક્ટ પડતો મુકાય તો સ્ક્રિપ્ટ રાઈટરને બાકીના પૈસા ભૂલી જવાનું કહી દેવામાં આવે છે.

દરાબનું કહેવું છે કે આ ખરેખર અમારું શોષણ છે. જ્યારે આવું શોષણ થતું હોય ત્યારે અમે જબરદસ્ત સ્ક્રિપ્ટ કેવી રીતે લખી શકીએ? એણે ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે કે બોલિવૂડની અત્યારની પરિસ્થિતિ માટે સ્ક્રિપ્ટ રાઈટર્સને અપાતી ઓછી રકમ જ જવાબદાર છે. એ કહે કે કોવિડના સમયમાં ઇન્ડસ્ટ્રી દ્વારા એક બહાના તરીકે શરૂ થયેલી આ પ્રવૃત્તિ હવે કાયમી થઈ ગઈ છે.

### 'ક્રિશ ૪' માટે મારી પાસે પૈસા જ નથી!



હિતિક અને રાકેશ રોશનની હીટ ફ્રેન્ચાઈઝ 'ક્રિશ'ના ત્રીજા ભાગની સફળતાની તુરંત બાદ તેના ચોથા ભાગની જાહેરાત કરી દેવામાં આવી હતી. આ જાહેરાત કર્યાને વર્ષો વીતી ગયાં, પણ 'ક્રિશ'નો ચોથો ભાગ આવે એવા કોઈ જ એંધાણ દેખાઈ રહ્યાં નથી.

જોકે, હાલમાં રાકેશ રોશને આ વિશે સ્પષ્ટતા કરી છે. એમણે કહ્યું કે 'ક્રિશ'ના ચોથા ભાગ માટે એમની પાસે બજેટ (પૈસા) જ નથી.... બોલો!

અલબત્ત, આ પાછળ રોશનનો તર્ક છે કે જો 'ક્રિશ'ની સિક્વલ ઓછા બજેટમાં બનાવે તો એ 'સુપર હીરો' સ્તરની ફિલ્મ નહીં બને જેની દર્શકો રાહ જોઈને બેઠા છે. ઉપરાંત આજના જમાનામાં જ્યારે રિમોટનું એક બટન દબાવવાથી વિશ્વભરની સુપર હીરો ફિલ્મ્સ ઘેરબેઠાં જોવા મળે છે એવામાં નિમ્નસ્તરની 'ક્રિશ' બનાવવાથી બાળકો નિરાશ થશે ને મોટેરાઓ એની ટીકા કરશે.

રાકેશ રોશન ઉદાહરણ આપતાં કહે છે કે વિદેશમાં સુપર હીરોની ફિલ્મ બનાવવા માટે જો ૧૦૦૦ રૂપિયાનું બજેટ હોય તો આપણને એવી જ ફિલ્મ બનાવવા માટે માત્ર ૪ રૂપિયા જ મળે છે..! આવી પરિસ્થિતિમાં વિદેશી ગ્રાન્ડ લેવલની સુપર હીરો ફિલ્મ આપણે કેવી રીતે બનાવી શકીએ?

ટૂંકમાં રાકેશભાઈની વાત સાંભળીને તો એવું લાગે છે કે હવે આપણે શું 'ક્રિશ'ને ભૂલી જવાનો?! ■

### કટ એન્ડ ઓકે..




*પોતાના વિશે ફેક ન્યૂઝ પબ્લિશ કરવા જણાવતી-ક્લિપ ઑનલાઈન મૂકવા બદલ અભિષેક-ઐશ્વર્યા બચ્ચનની પુત્રી આરાધ્યાએ 'ગુગલ' અને એક વેબસાઈટ પર દિલ્હીની કોર્ટમાં માનહાનિનો દાવો ઠોકી દીધો છે!*

---




# લો, 'નામ'માં તે વળી શું રાખ્યું છે?

મહેશ નાણાવટી




કોઈ ગુજરાતીને પૂછો કે 'ભાઈ, કેશ આપું કે ક્રેડિટમાં લખાવી દઉં?' તો તરત જવાબ મળશે :

'કેશ જ હોય ને?'

જોકે, મનોરંજનની દુનિયામાં 'ક્રેડિટ'નો બહુ મોટો મહિમા છે. એ જ કારણસર ક્રેડિટને લગતા કિસ્સા અનેક છે.

સલીમ-જાવેદ દ્વારા લખાયેલી ફિલ્મ 'જંજીર' જ્યારે રિલીઝ થઈ ત્યારે મુંબઈના અમુક વિસ્તારોમાં કંઈક વિચિત્ર ટાઈપનાં પોસ્ટરો દેખાઈ રહ્યાં હતાં. ક્યાંક અમિતાભ બચ્ચનના ચહેરા ઉપર મોટા અક્ષરે લખ્યું છેઃ Written by SALIM JAVED તો ક્યાંક પ્રાણના ચહેરા ઉપર પણ એવું લખાણ છે! અમુક પોસ્ટરોમાં તો 'જંજીર' નામની ઉપર જ સલીમ-જાવેદનાં નામો છે! એ તો ઠીક, અમુક દીવાલો ઉપર લાગેલાં પોસ્ટરોમાંથી સલીમ-જાવેદનાં નામ બહાર નીકળીને દીવાલ ઉપર ધસી આવ્યાં છે!

આખો મામલો એમ હતો કે જ્યારે પ્રોડ્યુસર - ડિરેક્ટર પ્રકાશ મહેરાએ સલીમ-જાવેદની સ્ક્રીપ્ટ પસંદ કરી ત્યારે મહેનતાણું આપવા ઉપરાંત એવી વાત થઈ હતી કે ફિલ્મનાં પોસ્ટરોમાં સલીમ-જાવેદનાં નામ પ્રોમિનેન્ટલી-આગવી રીતે -બધાનું ધ્યાન ખેંચાય એમ મૂકવાનાં રહેશે. પ્રકાશ મહેરાએ હા પણ પડી હતી, પણ રિલીઝ વખતે આખી વાત ભૂલાઈ ગઈ એટલે દાઝે ભરાયેલા સલીમ-જાવેદે પોતાના પૈસે પોતાનાં નામની 'સ્ટેન્સિલ' બનાવીને પેઈન્ટરોને મોકલી આપ્યા હતા કે 'રાતોરાત જઈને જેટલાં પોસ્ટર દેખાય એની ઉપર અમારાં નામ 'ચીતરી આવો!'

જોકે પ્રકાશ મહેરાએ ત્યાર બાદ સલીમ-જાવેદ સાથે 'હાથ કી સફાઈ' બનાવી હતી. આમ જુવો તો સલીમ-જાવેદે તો પોતાની ક્રેડિટ માટે આવો ખેલ કરીને મુંબઈમાં પબ્લિસિટી મેળવી લીધી હતી, પરંતુ ચેતન ભગત સાથે કંઈ જુદી જ રમત રમાઈ ગઈ હતી.

'થ્રી ઈડિયટ્સ' જે મૂળ ચેતન ભગતની ખુબ જ લોકપ્રિય થયેલા પુસ્તક 'ફાઈવ પોઈન્ટ સમવન' ઉપર આધારિત હતી અને જે સુપરહિટ પણ નીવડી હતી, તે રિલીઝ થતાંની સાથે જ ચેતન ભગતે પ્રેસ કોન્ફરન્સ કરીને આરોપ મુક્યો હતો કે ફિલ્મમાં મને સરખી રીતે ક્રેડિટ આપવામાં આવી નથી. ચેતન ભગતે તો કોર્ટમાં કેસ કરવાની પણ ધમકી આપી દીધી હતી!

વાત એમ હતી કે ફિલ્મની શરૂઆતમાં પટકથા - સંવાદ માટે અભિજીત જોશી, રાજકુમાર હિરાની અને વિધુ વિનોદ ચોપરાનાં નામો મોટા અક્ષરે સ્પષ્ટ રીતે વંચાય તેમ મૂકવામાં આવ્યાં હતાં, જ્યારે ચેતન ભગતનું નામ છેક છેલ્લે, ફિલ્મ પૂરી થાય ત્યારે જે 'સરકતાં જતાં' સેંકડો નામો હોય તેમાં ક્યાંક લખેલું: 'બેઝ્ડ ઓન ધ બુક બાય ચેતન ભગત'!

આનો ખુલાસો આપતાં પ્રોડ્યુસર વિધુ વિનોદ ચોપરાએ કોન્ટ્રાક્ટમાં લખેલી લાઈન્સ બતાડી હતી, જેમાં લેખકને 'યોગ્ય ક્રેડિટ' આપવાની વાત હતી, પરંતુ ક્યાંય એવું નહોતું લખ્યું કે ફિલ્મની 'શરૂઆતમાં' એનું નામ હશે!


આ તો થયા 'સરખી' ક્રેડિટ ન આપવાના કિસ્સા, પણ જ્યાં સર્જકનું ક્યાંય નામ જ ના હોય તો? નહીં ફિલ્મમાં, નહીં પોસ્ટરોમાં, નહીં પબ્લિસિટીમાં, નહીં પ્રેસ-રીલિઝમાં... ક્યાંય ન હોય તો? વળી એ નામ કોઈ લેખક, ગીતકાર કે એક્ટરનું નહીં, આખી ફિલ્મના ડિરેક્ટરનું હોય તો?

વેલ, આવો કિસ્સો બન્યો હતો ૧૯૮૧માં. ફિલ્મ હતી રાજેન્દ્ર કુમારના દીકરાને પહેલીવાર પરદા ઉપર ચમકાવતી 'લવ સ્ટોરી'. આના ડિરેક્ટર હતા રાહુલ રવૈલ, પરંતુ એમનું ક્યાંય નામ જ નહીં! હા, એવું પણ નહોતું કે રાહુલ રવૈલને બદલે કોઈ બીજાનું નામ હોય... બસ, દિગ્દર્શકનું નામ જ બધેથી ગાયબ?!

ઈન્ડસ્ટ્રીની વાયકા એવી છે કે ફિલ્મ બની રહી હતી ત્યાં લગી પ્રોડ્યુસર રાજેન્દ્ર કુમાર અને રાહુલ રવૈલ વચ્ચે બધું બરોબર હતું, પરંતુ શૂટિંગ પછીના તબક્કામાં બન્ને વચ્ચે કંઈ મોટી તકરાર થઈ ગયેલી, જેનો 'ખાર ખાઈને' રાજેન્દ્ર કુમારે રાહુલ રવૈલનું નામ જ રદ કરી નાખ્યું હતું!

ખેર, મુંબઈની ફિલ્મ લાઈન આ વાતની સૌને ખબર હતી એટલે રાહુલ રવૈલની કરિયરને કોઈ જ ફરક પડ્યો નહોતો. સારી વાત એ પણ હતી કે રાજેન્દ્ર કુમારે પોતાને નામે ફિલ્મ ચડાવી મારી નહોતી. બાકી, એ. આર. રહેમાન એકવાર સાવ અજાણતામાં આવી ભૂલ કરી બેઠા હતા.

મામલો છે ૨૦૦૯માં આવેલી ફિલ્મ 'દિલ્હી-૬'નો. એમાં એક ઠેકાણે ટિપિકલ યુપીના લોકગીતની જરૂર હતી. રહેમાન સાહેબને શોધખોળ કરતાં એક ગીત ગમી ગયું. એમણે એ સીધું ઉઠાવીને એમાં પોતાની વેસ્ટર્ન બિટ્સનો વઘાર કરીને રેકોર્ડ પણ કરી લીધું! પછી જ્યારે ગીત રિલીઝ થયું ત્યારે ખબર પડી કે આ કોઈ બેનામી પરંપરાગત વરસો જુનું લોકગીત નથી, પરંતુ હાલમાં જ કોઈ ગાયિકાએ રચેલું ઓરિજનલ લોકગીત છે! એ ગીત હતું: 'સૈંયા છેડ દેવે, નનદ ચૂટકી લેવે, સાસ ગારી દેવે, દેવરજી સમઝા લેવે... સસુરાલ ગેંદા ફૂલ...'!




જે રીતે ગુજરાતીમાં આજે વિક્રમ ઠાકોર, જિજ્ઞેશ કવિરાજ તથા કિંજલ દવે જેવાં લોકગાયકો ઓરીજિનલ લોકગીતો બનાવીને બજારમાં મુકે છે એ જ રીતે ઉત્તર પ્રદેશની 'એન્જલ અરુણા' નામની ગાયિકાનું આ પોતાનું સર્જન હતું, જેમાં રહેમાનભાઈ ભૂલભૂલમાં ભરાઈ પડયા! જોકે પાછળથી પતાવટ રૂપે રૂપિયા પણ ચૂકવાયા હતા.

આ તો થઈ ગફલતમાં ક્રેડિટ લઈ લેવાની વાત, પણ શું તમે માનશો, અંગ્રેજી સાહિત્યના મશહુર નાટયકાર, શેકસપિયરે 'અજાણતા' અને 'યોગાનુયોગે' રામાયણના પ્લોટ ઉપરથી નાટક લખ્યું છે!?


જીહા, રામાયણના ઉત્તરકાંડમાં જે વાત છે, કે રામ સીતાનો ત્યાગ કરે છે ત્યારે એમને ખબર નથી કે તે ગર્ભવતી છે અને જ્યારે લવ-કુશ રામના જ અશ્વમેઘ લઈને જઈ રહેલા સૈન્યને હરાવે છે ત્યારે ખબર પડે છે કે આ તો મારાં જ સંતાનો છે...


બસ, એવી જ કંઈક વાર્તા શેક્સપિયરના એક નાટકમાં છે! જેમાં કોઈની કાનભંભેરણીથી રાણીને જંગલમાં મોકલી આપે છે. પછી આગળ જતાં ખુદ રાજાના સૈન્ય સામે રાજાનો જ પુત્ર યુદ્ધ લડવા માટે સામે ઉતરે છે! છેવટે રહસ્ય ખુલે છે અને હેપ્પી એન્ડિંગ! ■

પ્રકરણઃ ૩૨

# ચહેરા મોહરા

**બળવંતરાય, તમે તો જાણો છો કે હું આ માળાનો માલિક નથી..... મારે તો તમારી પાસેથી લીધેલી પૂરેપૂરી કેશ રકમ પેલા વેપારીને પહોંચાડવાની છે....**





**પ્રફુલ્લ કાનાબાર**

**શતરંજ** ભલે એમણે પાથરી છે, પણ આ છેલ્લી ચાલ તો આપણી જ હશે, જેમાં એમના ચહેરા પરનાં મહોરાં

આપણે જ ઉતારીશું ..! '

હું સમજ્યો નહીં દાદાજી.

ખેલ એ લોકો એ શરૂ કર્યો છે, પૂરો આપણે કરીશું. આપણે સૌથી પહેલાં એ તમામની વિરુદ્ધમાં પાકા પુરાવા ભેગા કરવા પડશે...

બળવંતરાયના અવાજમાં મક્કમતાનો રણકો હતો.

'અને હાં, તું ખરેખર મારો પૌત્ર છે એ રહસ્ય હાલ આપણા બે વચ્ચે જ રહેશે.'

'દાદાજી, ખાસ મારી જાસૂસી કરવા માટે જ બે દિવસ બાદ અંકુશ અહીં આવી રહ્યો છે. એ નોકરી કરવાના બહાને આપણા બંગલામાં જ રહેવા માગે છે.'

'ગુડ, આપણે એને કાર સાફ કરવાના અને અન્ય પરચૂરણ કામ માટે રાખી લેશું. શિકાર સામેથી જ આવે એનાથી બીજું રૂડું શું?'

'બે દિવસ બાદ અંકુશ આવ્યો. ગોઠવેલા તખ્તા મુજબ સોહન એને દાદાજી પાસે લઈ ગયો અને એને નોકરીએ રાખી લેવામાં આવ્યો. બંગલાના કમ્પાઉન્ડમાં જ સર્વન્ટ કવાર્ટર્સમાંથી એક રૂમ એને સોંપી દેવામાં આવ્યો.

એકાદ સપ્તાહ બાદ દાદાજીને પુના જવાનું થયું. રાત્રે બધા ઊંઘી ગયા હતા ત્યારે લાગ જોઈને અંકુશ લપાતોછુપાતો સોહનના બેડરૂમમાં આવી પહોંચ્યો.

'અંકુશ તું અહીં? કોઈએ તને અહીં સુધી આવતાં જોયો તો નથી ને? સોહનના અવાજમાં કૃત્રિમ ગભરાટ હતો.

'ના, ના બિલકુલ નહિ. બાપુ તારી સાથે વાત કરવા માંગે છે.'

અંકુશે એના ખિસ્સામાંથી સેલફોન કાઢીને બાપુને વીડિયો કોલ લગાડ્યો. સ્ક્રીન પર તુલસીરામ બાપુનો દિવ્ય ચહેરો ઝળક્યો.

'જય સિયારામ બાપુ.' સોહને શાલીનતાથી કહ્યું.

'બળવંતરાય પુના ગયા છે એ જાણ્યું. સાંભળ્યું છે કે એમના ભાણિયા રણજિતનું દાર્જીલિંગમાં ખૂન થઈ ગયું છે.'

સોહન સમજી ગયો કે અંકુશને આ સમાચાર નોકરચાકરના વર્તુળમાંથી જ મળ્યા હોવા જોઈએ.

'હા..એ વાત મને પણ જાણવા મળી છે.' સોહને ધીમા અવાજે કહ્યું.

'સોહન, તારા રસ્તા વચ્ચેનો એક કાંટો તો આપોઆપ દૂર થઈ ગયો છે. દાદાજીના વીલમાં તારું નામ એકાદ સપ્તાહમાં આવી જવું જોઈએ.' સોહને નોંધ્યું કે બાપુના અવાજમાં આદેશ હતો.

બાપુ ત્રણેક મહિનાનો સમય આપો.

'પંદર દિવસથી વધારે સમય હું આપવા માંગતો નથી. માઈન્ડ વેલ, મારે કોઈ ચાલાકી ન જોઈએ. એકવાર તારા નામે ઝડપથી વીલ થઈ જાય પછી દાદાજીને તો ઉપર પહોંચાડવાની વ્યવસ્થા હું અહીં બેઠો બેઠો કરી શકીશ.'

'એ કઈ રીતે?' સોહને ભોળા થઈને પૂછ્યું.

'રાત્રે તારા દાદાજીને દૂધ પીને સૂવાની આદત છે. અંકુશ સાથે મેં ઝેર મોકલ્યું જ છે. લાગ જોઈને એ દૂધમાં ભેળવી દેશે.' બાપુએ ખંધુ હાસ્ય કર્યું.

બારીની બહાર કૂતરાનો રડવાનો અવાજ આવતાં સોહને ગભરાઈને અંકુશની સામે જોયું.

અંકુશે તરત ફોન કટ કરી દીધો. સામે છેડે તુલસીરામ બાપુને પણ કાંઈક અડચણ આવ્યાનો અંદેશો આવી ગયો. અંકુશ લપાતો-છુપાતો સર્વન્ટ ક્વાર્ટર્સમાં જવા નીકળી ગયો.

અંકુશના ગયા બાદ સોહન પથારીમાં પડખાં ઘસતો રહ્યો. જેલમાંથી છૂટ્યા બાદ અહીં સુધી પહોંચવાની એની સફરની એક એક ક્ષણ એ યાદ કરી રહ્યો. અચાનક એને અડાલજમાં રહેતા નંદગીરી ગોસ્વામી અને ભોલુ યાદ આવી ગયા. ભોલુએ કહેલી પેલી સવા લાખ રૂપિયાના એક રુદ્રાક્ષવાળી વાત યાદ આવી ગઈ. જોકે એ વાત દાદાજીને કરવાની રહી જ ગઈ હતી.

બે દિવસ બાદ દાદાજી મુંબઈ પરત આવ્યા કે તરત સોહને સવા લાખના રુદ્રાક્ષની વાત કરી. તુલસીરામ બાપુના પ્લાનમાં નંદગીરી પણ સામેલ હતા એ વાત તો સોહન અને દાદાજી જાણતા જ હતા.

'સોહન, એક કામ કર, અંકુશ મારફતે મારે એવા સો રુદ્રાક્ષ જોઈએ છે, એવું તુલસીરામ અને નંદગીરીને કહેવડાવી દે.'

'દાદાજી, એની કિંમત તો સવાસો કરોડ થાય.'

'ભલે ને થાય.. આપણે ક્યાં એને પૈસા આપી દીધા છે. એ લોકો લાલચમાં આવીને અહીં સુધી આવી જાય એટલે ભયો ભયો..'

બીજે દિવસે રાત્રે બાર પછી સોહને અંકુશને ફોન કરીને કહ્યું.. 'અંકુશ, એક સમાચાર છે.. દાદાજીને કોઈકે નેપાળના સ્પેશિયલ મોંઘા ભાવના સો રુદ્રાક્ષની માળા પહેરવાની સલાહ આપી છે. એમાં તુલસીરામ બાપુ મદદરૂપ થઈ શકે ખરા?'

અંકુશે બીજે જ દિવસે તુલસીરામ બાપુને સમાચાર પહોંચાડી દીધા. તુલસીરામ બાપુએ નંદગીરીને ફોન લગાવ્યો.

'ગોસ્વામી, રુદ્રાક્ષનો મોટો ઓર્ડર આવે એવી શક્યતા છે. સો સવાસો કરોડનો..''

નંદગીરીની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

'માલ કેટલો પડ્યો છે? બાપુ માલ તો છે પણ નકલી છે.'

'તો મેં ક્યાં અસલી માલની વાત કરી છે?' બાપુ ખંધુ હસ્યા.

'લેનાર પાર્ટીને મારા પર પૂરેપૂરો ભરોસો છે.'

ચારેક દિવસ બાદ સારું મુહૂર્ત કઢાવીને મોંઘા રુદ્રાક્ષની માળા સાથે તુલસીરામ બાપુની દાદાજીના બંગલે સોહને પધરામણી કરાવી દીધી. દાદાજી પાસે વિધિવત્ પૂજા કરાવીને બંગલાના તમામ નોકરચાકરોની હાજરીમાં તુલસીરામ બાપુએ બળવંતરાયના ગળામાં સો કરોડની માળા પહેરાવી.

બળવંતરાયે માળા પહેર્યા બાદ અગાઉથી તૈયાર રાખેલો સો કરોડનો ચેક તુલસીરામના ચરણોમાં અર્પણ કર્યો. તુલસીરામ ચમક્યા.. 'બળવંતરાય, આપણે રોકડ રકમની વાત થઈ હતી.'

'હા.. બાપુ, પણ મજબૂરી છે.. આજકાલ બૅન્કમાંથી મોટી રકમની કેશ ઉપાડવા પર પ્રતિબંધ છે.'

'તમારી તિજોરીમાં તો રોકડ હોય જ ને?'

'બાપુ, રોકડ રકમ આવશે ખરી, પણ ચાર-પાંચ દિવસ લાગશે.'

'બળવંતરાય, તમે તો જાણો છો કે હું આ માળાનો માલિક નથી. મેં તો માત્ર સેવાના ઉદ્દેશથી આ વ્યવસ્થા કરી છે. મારે તો તમારી પાસેથી લીધેલી પૂરેપૂરી કેશ રકમ જે તે જગ્યાએ વેપારીને પહોંચાડવાની છે.'

'લો આ રાખો તમારી માળા.. ચેક ક્લીઅર થાય પછી જ મને પહેરાવજો.' બળવંતરાયે માળા ગળામાંથી કાઢીને ત્રાગું કર્યું.

માળા પાછી લેવાય નહી અને નકલી માળાનો આવડી મોટી રકમનો ચેક ગોસ્વામી લે નહિં.

તુલસીરામ બાપુ મૂંઝાયા. અચાનક એમના દિમાગમાં પ્લાન સૂઝ્યો. 'બળવંતરાય, એક કામ કરો. આપને વાંધો ન હોય તો હું કેશની વ્યવસ્થા થાય ત્યાં સુધી એટલે કે ચાર-પાંચ દિવસ સુધી અહીં જ રોકાઈ જાઉં તો?'

બળવંતરાય મનમાં જ મલકાયા. શિકાર અહીં રોકાય તો જ એની વિરુદ્ધ વધારે પુરાવા ભેગા કરી શકાય.

'એ તો અમારું સદ્ભાગ્ય કહેવાય.' બળવંતરાયે ત્વરિત ગતિથી માળા પહેરી લીધી.

તુલસીરામ બાપુને બંગલામાં જ એક અલાયદો રૂમ સોંપી દેવામાં આવ્યો. એ જ રાત્રે અંકુશ છુપાઈને બાપુને મળવા આવ્યો.



'બાપુ, આમાં મારો ભાગ પચીસ કરોડ રાખજો.'

'બાપુ તાડૂક્યા એટલા તો મને પણ નથી મળવાના.'

'બાપુ, મને ખબર છે આ નકલી રુદ્રાક્ષની માળા છે. તમને ગોસ્વામી પચાસ કરોડ કરતાં પણ વધારે રકમ આપશે જ.'

અંકુશ અને તુલસીરામબાપુને એ ખ્યાલ નહોતો કે અત્યંત આધુનિક ગુપ્ત કૅમેરા દ્વારા એમની તમામ ગતિવિધિનું વીડિયો રેકોર્ડિંગ થઈ રહ્યું છે. અગાઉ અંકુશ અને બાપુની વાતચીતનું પણ રેકોર્ડિંગ થઈ ચૂક્યું હતું, જેમાં બાપુ બળવંતરાયને ઉપર પહોંચાડવા સુધીની વાત કરી ચૂક્યા હતા.

OOOOOO

બે દિવસ બાદ મોડી રાત્રે મુંબઈ પોલીસ કમિશનર એમની ઑફિસમાં બળવંતરાયના બંગલામાંથી સોહને મોકલેલ વીડિયો રેકોર્ડિંગ મોટા સ્ક્રીન પર ધ્યાનપૂર્વક નિહાળી રહ્યા હતા. નકલી રુદ્રાક્ષ વેચીને કરોડોનો ફ્રોડ તથા સાગરીત અંકુશ સાથે મળીને બળવંતરાયને મારી નાખવાનું કાવતરું કરવાના આ પુરાવા પૂરતા હતા. તુલસીરામ અને અંકુશની ધરપકડનું વૉરંટ કાઢવામાં આવ્યું. સોહન તાજનો સાક્ષી બનવા તૈયાર હતો તેથી હવે એક પણ આરોપી છટકી શકે તેમ નહોતો.

એ જ સમયે અડાલજની સીમમાં ગાંધીનગરથી પોલીસનો કાફલો ઠલવાઈ રહ્યો હતો. નીચેના એક પણ સ્ટાફને ખબર નહોતી કે ક્યાં છાપો પાડવાનો છે. ડીજીપી જયદેવસિંહ જાડેજા સતત મુંબઈ પોલીસના સંપર્કમાં હતા. છેલ્લે મુંબઈમાં પકડાયેલ ડ્રગ્સના મોટા જથ્થાનું પગેરું અહીં સુધી પહોંચ્યું હતું. હા..નંદગીરી ગોસ્વામીના નેપાળથી આવતા નકલી રુદ્રાક્ષનું રેકેટ ડ્રગ્સ સાથે પણ સંકળાયેલું હતું!

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...


હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| तश्तरी | ચાવી |
| पतीली | છીબું |
| धागा | કોથળો |
| बोरा | દોરો |
| कुंजी | તપેલી |

### ઓળખાણ પડી?

મેડિકલનો અભ્યાસ કરી 'ઈએનટી સર્જન' બની પછી નાટક અને ત્યારબાદ ફિલ્મોમાં કામ કરનારા એક્ટરની ઓળખાણ પડી?

અ) મોતીલાલ
બ) નાના પળશીકર
ક) શ્રીરામ લાગુ
ડ) મદન પુરી



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભ | ૨ ર | ૩ પૂ | ર | ■ | ૪ વા | ૫ ર | ૬ સ | દા | ૭ ર |
| ૮ ડ | ગ | ર | ■ | ૯ આ | ■ | ૧૦ વા | ડો | ■ | ખ |
| ૧૧ કી | ડો | ■ | ૧૨ ક | ડે | ૧૩ ધ | ડે | ■ | ૧૪ પા | ડ |
| યું | ■ | ૧૫ ગ | ણ | ધ | ર | ■ | ૧૬ મ | ન | પા |
| ■ | ૧૭ અ | ડા | બી | ડ | ■ | ૧૮ જા | ■ | ૧૯ ખ | ટ |
| ૨૦ અ | ■ | કુ | ■ | ■ | ૨૧ ઘ | ન | ૨૨ ઘો | ર | ■ |
| ૨૩ ન | ૨૪ વા | ■ | ૨૫ બા | ૨૬ પ | રે | ■ | ઘ | ■ | ૨૭ ત |
| ૨૮ હ | ર | ૨૯ સ | ■ | રિ | ■ | ૩૦ ક | ર | તા | લ |
| દ | ■ | ગ | ■ | ૩૧ શ્ર | વ | ણ | ■ | ■ | વા |
| ■ | ૩૨ અ | ડી | ખ | મ | ■ | ૩૩ ક | ર | તા | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | | | | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| | ■ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | ■ | |
| ■ | ૧૪ | ■ | ૧૫ | | ■ | ૧૬ | | ૧૭ | ■ |
| ૧૮ | | ■ | | ■ | ૧૯ | | | ૨૦ | ૨૧ |
| | ■ | ૨૨ | | ૨૩ | | | ■ | ૨૪ | |
| ૨૫ | | | ■ | ૨૬ | | ■ | ૨૭ | ■ | |
| | ■ | | ■ | | | ૨૮ | | ૨૯ | |
| | ■ | ૩૦ | | | ■ | ૩૧ | | | |

**આડી ચાવી**

૧. ભેદ, ફરક (૪)
૩. કરોડોનો માલિક (૫)
૭. બારમી તિથિ (૩)
૮. માટે, કાજે (૨)
૯. વૈરાગી સ્ત્રી (૪)
૧૦. કઈ વ્યક્તિની? (૨)
૧૧. નાનો છોડ (૨)
૧૨. ઉમેદ, ઈચ્છા, ધારણા (૨)
૧૫. સાંભળ (૨)
૧૬. તાબૂત (૩)
૧૮. બગાડ, કોહવાટ, ખરાબી (૨)
૧૯. વજન, બોજ (૨)
૨૦. મિજાજ, ખુમારી, ગુમાન (૨)
૨૨. પાસે જવું તે, ફરવું તે (૫)
૨૪. બક્ષી --- ચંદ્રકાંત બક્ષીની આત્મકથા છે (૨)
૨૫. વધુ પાક માટે --- નાખો (૩)
૨૬. રેતીનો સાગર (૨)
૨૮. સરળ (૪)
૩૦. પોષણ, ગુજારો, નિભાવ (૩)
૩૧. સંકટવેળા, સાબિતી, સચ્ચાઈ (૪)

**ઊભી ચાવી**

૧. પાણીમાં તરનાર (૪)
૨. ભૂતપ્રેત, આડો સંબંધ (૪)
૩. ખોબો, અંજલિ (૪)
૪. અજવાળું (૩)
૫. ફેલાવો, પથરાવો (૩)
૬. દક્ષિણનું પ્રખ્યાત ધર્મસ્થાનક (૪)
૧૨. --- વર્તવી એટલે સત્તા ચાલવી (૨)
૧૩. ખુશી (૨)
૧૪. કીટક (૨)
૧૫. સુગંધ (૩)
૧૬. સાર, તાત્પર્ય (૩)
૧૭. દોસ્તી (૩)
૧૮. તુલના, બરાબરી (૫)
૧૯. દબાણ, વશીકરણ (૩)
૨૧. પ્રામાણિકતા (૫)
૨૨. આકાંક્ષા, અભિલાષા, ઈચ્છા (૪)
૨૩. ઈનામ, ખિલત, શાબાશી (૪)
૨૭. ભાવ --- થી સૌ પરેશાન (૩)
૨૮. શીખ, ગજ (૨)
૨૯. સાક્ષી, ઝાડ પરનું પાકું ફળ (૨)

### ગુજરાત મોરી મોરી રે

'ખિલાડી', 'બાઝીગર' જેવી સુપરહિટ ફિલ્મો આપનારા અબ્બાસ - મસ્તાન દ્વારા દિગ્દર્શિત ગુજરાતી ફિલ્મનું નામ જણાવો.

અ) ડોક્ટર રેખા  બ) સાજણ તારા સંભારણાં
ક) શેતલને કાંઠે  ડ) કરિયાવર

### જાણવા જેવું

'અનારકલી' અને 'નાગિન' જેવી યાદગાર હિન્દી ફિલ્મો બનાવનારા દક્ષિણ ગુજરાતના વતની નંદલાલ જશવંતલાલ ભટ્ટએ એક પણ ગુજરાતી ફિલ્મ નહોતી બનાવી. જોકે, તેમના પુત્ર રજની નંદલાલે 'અબીલગુલાલ' દિગ્દર્શિત કરી હતી અને 'લાખા લોયણ'નું નિર્માણ કર્યું હતું.

### સુડોકુ-૮૦૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | | | | | | | |
| | | | ૭ | | | | | ૫ |
| ૨ | ૮ | | ૬ | | | | ૭ | |
| ૭ | | ૩ | ૪ | | | | | |
| ૮ | | | | ૨ | | | | ૪ |
| | | | | | ૧ | ૫ | | ૭ |
| | ૪ | | | | ૯ | | ૮ | ૧ |
| ૧ | | | | | ૩ | | | |
| | | | | | | | ૪ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૮ | ૬ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ |
| ૧ | ૨ | ૭ | ૮ | ૩ | ૫ | ૯ | ૪ | ૬ |
| ૬ | ૯ | ૫ | ૪ | ૭ | ૨ | ૧ | ૮ | ૩ |
| ૮ | ૧ | ૨ | ૩ | ૬ | ૪ | ૭ | ૫ | ૯ |
| ૩ | ૪ | ૯ | ૫ | ૮ | ૭ | ૬ | ૨ | ૧ |
| ૫ | ૭ | ૬ | ૨ | ૧ | ૯ | ૮ | ૩ | ૪ |
| ૯ | ૫ | ૧ | ૭ | ૪ | ૮ | ૩ | ૬ | ૨ |
| ૨ | ૮ | ૩ | ૯ | ૫ | ૬ | ૪ | ૧ | ૭ |
| ૭ | ૬ | ૪ | ૧ | ૨ | ૩ | ૫ | ૯ | ૮ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

બલરાજ સાહની, પ્રાણ, અજીત અને અનવર હુસેનને ચમકાવતી હીરો - હિરોઈન વગરની ફિલ્મ વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) કાબુલીવાલા  બ) મેમ દીદી  ક) બારાદરી  ડ) નન્હા ફરિશ્તા

### નોંધી રાખો

જીવનમાં ખોટા માણસો તરત ઓળખાઈ જાય એવું બને, પણ સાચા માણસોને જીવન પર્યંત ઓળખી ન શકાય એવું બનતું હોય છે.

### માઈન્ડ ગેમ

'દરાર', 'યારાના' અને 'અગ્નિસાક્ષી' આ ત્રણેય હિન્દી ફિલ્મ જે હોલિવૂડ ફિલ્મ પર આધારિત હતી એનું નામ કહી શકશો?

અ) Chinatown  બ) The sting
ક) Sleeping with Enemy  ડ) Falling in Love

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| गोता | ડૂબકી |
| गोंद | ગુંદર |
| गौर | ધ્યાન |
| गेंद | દડો |
| गैर | પરાયું |

ગુજરાત મોરી મોરી રે: શ્રીરામ બોહરા

ઓળખાણ પડી?: વામિકા ગબ્બી

માઈન્ડ ગેમ: મીના કુમારી

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: કનૈયાલાલ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) નીતા દેસાઈ (૯) ભારતી બુચ (૧૦) ભારતી બુચ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) મહેશ દોશી (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) મીનળ કાપડિયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અશોક સંઘવી (૨૭) નુતન વિપીન (૨૮) પ્રવીણ વોરા (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) ભાવના કર્વે (૩૨) કલ્પના આશર (૩૩) વિણા સંપટ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) વિજય આસર (૩૮) પુષ્પા ખોના (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) અરવિંદ કામદાર (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) સુરેખા દેસાઈ (૪૪) રમેશ દલાલ (૪૫) હિના દલાલ (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) નિતીન બજરિયા (૪૯) નયના ગિરીશ મિસ્ત્રી (૫૦) નંદકિશોર સંજાણવાળા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) ઓ સનમ હમ દોનો સાથ રહે જનમ જનમ.. ૨) હમ બેવફા હરગીસ ના થે પર હમ વફા કરના..... ૩) બારા મહિને મે બારા તરીકે સે તુજકો પ્યાર.. ૪ ) યે લડકી મેરે સામને મેરા દિલ લિયે જાય જાય... ૫) એજી ઓજી લોજી સુનોજી કેહતા હું મૈં વો... ૬) નઝરે મિલી દિલ ધડકા મેરી ધડકન ને કહા લવ... ૭) નયનો મેં સપના, સાપનો મેં સજના, સજના પે દિલ આ ગયા....

**ક્વિઝ (બ)** ૧) સચ્ચા-ઝુઠા ૨) ગોરા ઔર કાલા ૩) યકીન ૪) ડુપ્લિકેટ ૫) અફલાતૂન ૬) બોલ રાધા બોલ ૭) સત્તે પે સત્તા

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# આર્ટિસ્ટ્સની સમાજ પ્રત્યે જવાબદારી કેટલે સુધી?

## ‘ગ્રેમી એવોર્ડ્સ’ની અનેરી અલપ -ઝલપ

આ ૩ ફેબ્રુઆરીએ યોજાયેલા વિશ્વના સૌથી મોટા મ્યુઝિક એવોર્ડ ‘ગ્રેમી’માં સંગીતના એવોર્ડ્સ સાથે અમુક સામાજિક મુદ્દા પણ ચર્ચાનો વિષય બન્યા છે. આર્ટિસ્ટસ એવોર્ડ જીતે ત્યારે એવોર્ડ વિનિંગ સ્પીચ આપતી વખતે એ સ્ટેજનો પોતાની વાત કરવા માટે ઉપયોગ કરતા હોય છે. એવા ઘણા કિસ્સાઓ બન્યા છે, જેમાં આર્ટિસ્ટસે થેન્કયુ સ્પીચમાં પોતાના રાજનૈતિક કે સામાજિક મંતવ્ય રજૂ કર્યા હોય.


ચેપલ રોન

ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના બીજી વખત પ્રેસિડન્ટ બન્યા એ પછી પોતાની શપથવિધિમાં જે સ્પીચ આપી તેમાં એમની અનેક નીતિની વાત કરી છે. એ નીતિ સાથે સહમત કે અસહમત હોઈને ઘણાં બયાન વૈશ્વિક સ્તરે અખબારે ચડ્યાં હતાં. તેનો જ પડઘો ‘ગ્રેમી એવોર્ડ્સ’માં પણ પડ્યો છે. ખ્યાતનામ સિંગર લેડી ગાગાને એનાં ગીત ‘ડાય વિથ અ સ્માઈલ’ માટે બેસ્ટ પોપ ડ્યુઓ ઓર ગ્રુપ પરફોર્મન્સનો એવોર્ડ સિંગર બ્રુનો માર્સ સાથે મળ્યો છે. એ એવોર્ડ સ્વીકારતી વખતે લેડી ગાગાએ સ્ટેજ પરથી ટ્રમ્પની જ એક નીતિનો વિરોધ કરતાં કહ્યું કે ‘ટ્રાન્સ(જેન્ડર) લોકો કંઈ અદૃશ્ય નથી. એ પણ આ સમાજનો ભાગ છે. એ લોકો પણ પ્રેમને લાયક છે. કવિયર કમ્યુનિટીને પણ તેનો દરજ્જો મળવો જોઈએ.’



ડોનલ્ડ ટ્રમ્પનું એક વિધાન કે અમેરિકામાં માત્ર પુરુષ અને સ્ત્રી બે જ લિંગ છે એ તરફ લેડી ગાગાનો આ એક આડકતરો જવાબ હતો..

અમેરિકાની એન્ટરટેઇન્મેન્ટ જગત સાથે સંકળાયેલી અનેક સેલિબ્રિટીઝે ટ્રમ્પની આ રીતે જ અમુક વિચારધારાનો વિરોધ કર્યો છે. એ જ રીતે ‘ગ્રેમી એવોર્ડ્સ’ સંગીત ઉપરાંત પોતાનો સામાજિક મત રજૂ કરવાનો પણ એક અવસર સેલિબ્રિટીઝ માટે બન્યો હતો.

લેડી ગાગા ઉપરાંત વિખ્યાત સિંગર શકિરાએ પણ એક મુદ્દાને પોતાને મળેલાં સ્ટેજનો ઉપયોગ કરતાં રજૂ કર્યો હતો.

અગાઉ ટ્રમ્પે પોતાના ભાષણમાં ઇમિગ્રેશન પોલિસીમાં વધુ કડકાઈની જાહેરાત કરી હતી. એ જ સંદર્ભે શકિરાએ ‘ગ્રેમી એવોર્ડ્સ’માં પોતાનો એવોર્ડ સ્વીકારતી વખતે કહ્યું કે ‘મને મળેલો આ એવોર્ડ હું આ દેશમાં રહેતાં મારાં ઇમિગ્રેટેડ ભાઈ-બહેનને સમર્પિત કરું છું. તમે વર્થ છો અને તમારાં હક માટે હું હંમેશાં લડતી રહીશ!’


ટ્રેવર નોઆહ

ટ્રમ્પે મોટી સંખ્યામાં લોકોને ડિપોર્ટ કરવાના અને જન્મ સાથે નાગરિકત્વ આપી દેવાના નિયમોમાં ફેરફાર કરવાની જે વાત કરી એનો ઇમિગ્રેટેડ સિટીઝન્સ વિરોધ કરી રહ્યા છે. સેલિના ગોમેઝે પણ આ વિરોધમાં સામેલ થઈને એક વીડિયો ઓનલાઇન મૂક્યો હતો (જોકે પછીથી તેણે એ ડિલિટ કરી દીધો હતો.)

આર્ટિસ્ટસ પોતાના ગ્લોબલ ઇન્ફલુએન્સનો ઉપયોગ ‘ગ્રેમી’ જેવા એવોર્ડ્સ થકી આ મુદ્દાઓ વિશે વાત કરવા કરી રહ્યા છે.

‘બેસ્ટ ન્યુ આર્ટિસ્ટ’નો એવોર્ડ જીતેલી સિંગર ચેપલ રોન પોતાની જેમ જ નવા આર્ટિસ્ટ્સના પક્ષે સ્ટેજ પરથી વાત રજૂ કરી હતી. રોન પોતાની સાથે એક નોટબૂક લઈને આવી હતી. એણે કહ્યું હતુંઃ ‘મેં હંમેશાં વિચાર્યું હતું કે જો મને આવી રીતે કોઈ સ્ટેજ મળશે તો હું આ નોટમાં મેં મારાં માટે નોંધેલી વાતો શેર કરીશ. મેં ખુદને કહી રાખેલું કે જો હું ‘ગ્રેમી’ એવોર્ડ જીતીશ તો સંગીતના સૌથી પાવરફૂલ લોકો સમક્ષ મારી વાત મૂકીશ. મ્યુઝિક લેબલ્સ અને આખી ઇન્ડસ્ટ્રી આર્ટિસ્ટર્સના ટેલેન્ટ થકી અઢળક કમાય છે. મારી વિનંતી છે કે એમાંથી આર્ટિસ્ટ્સ અને એ પણ ખાસ કરીને નવા આર્ટિસ્ટ્સ માટે બહેતર હેલ્થકેર સર્વિસ પૂરી પાડે. એક વખત મને એક પ્રોજેક્ટમાંથી પડતી મુકાઈ હતી ત્યારે ન તો મારી પાસે કામ, અનુભવ કે હેલ્થકેર સિસ્ટમ હતી. મને દગો મળ્યો હોય એવું લાગ્યું હતું. આ સ્થિતિ બદલો એ મારી અપીલ છે.’


લેડી ગાગા

‘ગ્રેમી’ના હોસ્ટ ટ્રેવર નોઆહે પણ સંગીત સંધ્યામાં પોતાનો સૂર પુરાવ્યો હતો. જોકે હોસ્ટ હોવાના ફાયદારૂપે એણે પોતાની વાત મજાકમાં કહી હતી કે ‘વોશિંગ્ટનમાં થોડાં ફેરફારો થયા છે એટલે આજની સાંજ હું ભરપૂર માણી લેવા માંગું છું કેમ કે મને ખબર નથી કે હું ક્યાં સુધી અમેરિકામાં રહી શકીશ. કદાચ હું આ છેલ્લી ઇવેન્ટ અહીં હોસ્ટ કરી રહ્યો છું.’

ટ્રેવર નોઆહે ટેરિફસની ચાલી રહેલી ચર્ચા વિશે પણ રમૂજ કરતાં ઉમેર્યું હતું કે ‘મેપલ સિરપ પચાસ ડોલરની કિંમતે વેચાશે.’

આમ સંગીતની દુનિયાના દિગ્ગજ લોકો પોતાના સંગીત ઉપરાંત આવા ‘ગ્રેમી’ જેવડા જાહેર સ્ટેજ પરથી ભેગા થઈને સમાજને સ્પર્શતા મુદ્દાઓની ચર્ચા કરે એ મોટી વાત ગણાય. એ દરેક સાથે સહમત થવું કે નહીં એ અંગત મત છે. પરંતુ અહીં મૂળ વાત એ છે કે આર્ટિસ્ટ્સ ફક્ત પોતાના આર્ટમાં જ જીવન કે સમાજની વાત કરીને દર્શકો કે સંગીતના કિસ્સામાં શ્રાવકોને આકર્ષતા નથી, એ લોકો જાહેર મંચ પરથી પણ એ કરી બતાવે છે એ મનોરંજન જગત માટે હરખાવા જેવી ચીજ તો ખરી જ! ■

**લાસ્ટ શોટ**

*‘મ્યુઝિક ઇઝ લવ!’ - લેડી ગાગા*

---

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ શબ્દો કયા ગીતની શરૂઆતમાં આવે છે?**

૧) ગાપુચી ગાપુચી ગમ ગમ કીશીકી કીશીકી...

૨) ઝીંગાલાલા હો ઝીંગાલાલા હો હૂર હૂર...

૩) ઢીંકા ચિકા ઢીંકાચિકા એ એ એ, ઢીંકા ચિકા હો..

૪) હાય હુકુ હાય હુકુ હાય હાય...

૫) ધીના ધીન દા, રમ પમ રમ પમ રમ પમ ...

૬) ડમ ડમ ડારી ડમ ડમ, ડારા રી રા રા,ડમ ડમ...

૭) તા થૈયા તા થૈયા હો તુમ તાના તુમ તાના તુમ...

## ક્વિઝ (બ)

**આ કલાકારોએ નાયક અને ખલનાયક બંને ભૂમિકા એક જ ફિલ્મમાં ભજવી હોય એવી ફિલ્મનાં નામ જાણો છો ?**

૧) રાજેશ ખન્ના

૨) રાજેન્દ્ર કુમાર

૩) ધર્મેન્દ્ર

૪) શાહરુખ ખાન

૫) અક્ષય કુમાર

૬) રિશી કપૂર

૭) અમિતાભ બચન




જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

---

ફિલ્મનામા
નરેશ શાહ

## બ્લેક વોરંટઃ

# કાલી દુનિયા કા કચ્ચાચિઠ્ઠા...




ભલે તમને કંપારી છૂટે કે કમકમાટી આવી જાય, પણ એ સત્ય છે કે જેલમાં અપાતી ફાંસી વખતે વપરાયેલા લાકડાંના ખપાટિયાંની અમુક વર્ગમાં જબરી ડિમાન્ડ હોય છે. એવી માન્યતા છે એ લાકડું સંકટ મોચન ગણાય છે. અમુક લોકો એવું પણ માને છે કે આ લાકડાંનો ટુકડો બાળકોના રૂમ કે બેડ નીચે રાખવાથી એનો માનસિક ભય દૂર થાય છે. એ રાતે બાળક પથારીને ભીનું કરતું બંધ થઈ જાય છે. પરીક્ષાનો હાઉ પણ તેનાથી ઓછો થાય છે...

હજુ ય તમારા કુતૂહલને ઠારી નાખવાની જરૂર નથી. જેલમાં અપાતા કેદીઓનાં ભોજનની પણ ભારે માંગ હોય છે. લબ્ધપ્રતિષ્ઠિત ગણાય એવા પણ અનેક લોકો ટાંગામેળ કરીને જેલમાં ભોજનનું ટિફિન મંગાવીને ખાતાં હોય છે, કારણકે ‘લાલ કિતાબ’ જેવાં પુસ્તકોમાં એવું દર્શાવાયું છે કે, તમારી કુંડળીમાં જેલયોગ હોય તો તમારે નોર્મલ જિંદગી જીવતા હોય ત્યારે જેલમાં બનેલું ભોજન આરોગી લેવું જોઈએ, જેથી જેલયોગનો ‘ઘર બેઠા’ જ અમલ થઈ ગયો ગણાય.!

ભારતની સૌથી કુખ્યાત ગણાતી દિલ્હીની તિહાડ (કેટલાક તિહાર પણ લખે છે) જેલમાં ૩૫ વરસ સુધી જેલર રહેલાં અને રંગા-બિલ્લા, મકબૂલ બટ, અફઝલ ગુરુ, ઈન્દિરા ગાંધીના હત્યારાઓ સહિત આઠ આઠ ફાંસીની તૈયારી કરનારા તેમજ નજરોનજર તેના સાક્ષી બનનારા જેલર સુનીલ ગુપ્તા પાસે ફાંસીનું લાકડું, જેલનું ભોજન અને તેની માટી અવારનવાર માગવામાં આવી હતી અને સામેવાળાનું ‘મન’ રાખવા એમણે માગણી પૂરી પણ કરી હતી.

પોતાના જેલજીવન અને ફાંસી અનુભવનાં સ્મરણો ‘બ્લેક વોરંટ’ નામનું પુસ્તક સુનેત્રા ચૌધરી સાથે મળીને લખનારા તિહાડ જેલના જેલર સુનીલ ગુપ્તાના કહેવા પ્રમાણે રંગા-બિલ્લાને ફાંસી દેવામાં આવી (૩૧ જાન્યુઆરી, ૧૯૮૨) ત્યારે બિલ્લા હીબકા ભરીને રડતો હતો, પણ રંગા ફાંસીનું કાળું કપડું ઓઢાડાયું ત્યાં સુધી એક જ નારો લલકારતો રહેલોઃ ‘બોલે તો નિહાલ, સત શ્રી અકાલ!’




આ પુસ્તક પરથી અને એ જ નામથી ૨૦૨૫ની બોણીમાં સજ્જ ફિલ્મમેકર વિક્રમાદિત્ય મોટવાનીએ ‘નેટફલિક્સ’ માટે બનાવેલી વેબસિરિઝ ‘બ્લેક વોરંટ’ તમને જેલની એકદમ અજાણી અને આઘાત આપતી દુનિયામાં લઈ જાય છે. ગુનેગાર તરફથી ફાંસીની સજાને ઉપલી કોર્ટમાં પડકારવામાં આવે, છતાંય ફાંસીની સજા બરકરાર રહે તો રાષ્ટ્રપતિને ‘દયાની અરજી’ થતી હોય છે. આ અરજીનો પણ જો નકારાત્મક નિકાલ થઈ જાય તો તરત જ જેલરે જજ પાસે જઈને ફાંસીની તારીખ લેવાની હોય છે. તેને ‘બ્લેક વોરંટ’ કહે છે. આ તારીખના કાગળ ફરતે કાળા રંગની પટ્ટી અંકિત હોય છે. બ્લેક વોરંટ જારી થઈ ગયા પછી કેદી જે જેલમાં હોય તેના જેલ પ્રશાસકો તેની તૈયારી કરવામાં લાગી જાય છે.

સૌથી પહેલાં તો ‘ફાંસીગર’ને તેડાવવામાં આવે છે. ૨૦૨૨ની સૌથી ટ્રેજિકોમિક વાત એ છે કે આપણે ત્યાં હવે એક આંગળીના વેઢે ગણી શકાય એટલાં ફાંસી દેનારા (હેંગમેન-આ નામે ઓમપુરીની ફિલ્મ પણ બની છે) માંડ છે. સામાજિક રીતે ફાંસી આપવાનું કામ (પોસ્ટમોર્ટમની જેમ) એકદમ ઘૃણાપાત્ર તેમજ અધમ કક્ષાનું ગણાય છે. તેમના માટે ‘જલ્લાદ’ શબ્દ જાણીતો છે. ૧૯૮૨માં ઈન્ડિયન નેવીના કેપ્ટન મદનમોહન ચોપરાની ૧૬ વરસની દીકરી ગીતા અને ૧૪ વરસના પુત્ર સંજયને આકાશવાણી જવા માટે લિફ્ટ આપીને (બળાત્કાર પછી) બન્નેની હત્યા કરનારા રંગા (કુલજીત સિંઘ) અને બિલ્લા (જસબીર સિંઘ)ને ફાંસી આપવામાં આવેલી ત્યારે એ સમાચાર જાણીને બિલ્લા રડવા લાગેલો. એ જોઈને રંગાએ એની મજાક ઉડાવેલીઃ ‘દેખો, મર્દ હો કે રો રહા હૈ!’

આ રંગા-બિલ્લાને ફાંસી આપવા માટે પંજાબ અને મેરઠથી એક-એક જલ્લાદ બોલાવવામાં આવ્યા હતા અને એમને પ્રત્યેક ફાંસીનું મહેનતાણું દોઢસો રૂપિયા તિહાડ જેલે ચૂકવ્યું હતું. આ ‘બ્લેક વોરંટ’ સિરિઝમાં આ ફાંસી ઉપરાંત મકબુલ બટની ફાંસી પણ દેખાડવામાં આવી છે. જે.કે.એલ.એફ.ના સ્થાનક મકબુલ બટને એકદમ ગુપ્ત રીતે ૧૯૮૪માં ફાંસી આપીને તિહાડ જેલમાં જ દફનાવી દેવામાં આવ્યો હતો. જેલમાં રહેલાં એનાં પુસ્તકો સહિતની એકપણ વસ્તુ પણ એના ઘરનાઓને આપવામાં આવી નહોતી કારણ કે, એ યાદગીરી પણ લોકોનું માનસ ભડકાવી શકતી હતી. જેલમાં જ દફન કરાવાનો મકબુલ બટ પ્રથમ કિસ્સો હતો એટલે વરસો સુધી તિહાડ જેલમાં એનો આત્મા ભટકતો હોવાની વાતો ચાલી હતી. જેલનો સ્ટાફ પણ અપવાદરૂપ તેમાં માનતો હતો.

બેશક, આટલી બારીક વાતોનો સમાવેશ સિરિઝમાં નથી કરવામાં આવ્યો. એમ તો ઈન્દિરા ગાંધીના હત્યારાઓની વાતો પણ ‘બ્લેક વોરંટ’ સિરિઝમાં નથી. શક્યતા છે કે તેની બીજી સિઝન બને પણ સાત એપિસોડ અને પાંચ કલાક આઠ મિનિટની ‘બ્લેક વોરંટ’માં દરેક એપિસોડમાં તિહાડ જેલમાં બનેલો એક એક મુદો લેવામાં આવ્યો છે. માથાભારે અને ગેંગ ચલાવતા ડોનની જેલમાં ચાલતી દાદાગિરી, જેલના સ્ટાફ સાથેની સાંઠગાંઠ, જેલરનું પણ એમનાથી સાવધ રહેવું, જેલ સ્ટાફની ખટપટ, ફાંસી વખતની વાતો, કેદીઓનો બળવો... આ બધું આપણને આ સિરિઝ એક પરદા (સળિયા) પાછળની દુનિયામાં લઈ જઈને આંચકો આપે છે.

મૂળ પુસ્તક વધુ શોકિંગ છે, છતાં ‘ન મામા કરતાં, કાણો મામા સારો’ મહાવરા મુજબ સિરીઝને ફાઈવ સ્ટાર આપવા રહ્યા. તિહાડના જેલર સુનીલ ગુપ્તા તરીકે શશી કપૂરનો પૌત્ર ઝેહાન કપૂર છે તો તેના વડા જેલર તરીકે રાહુલ ભટ્ટ અને સાથી જેલર તરીકે અનુરાગ ઠાકુર, પરમવીર ચીમાની એક્ટિંગ પણ સુપર્બ છે.

તિહાડ જેલ વિશે તમે ઘણું સાંભળ્યું હશે, છતાં એની અમુક ઝલક અહીં તમારે જરૂર તાદૃશ્ય નિહાળવી જોઈએ...■

---

ફોકસ પ્લસ
રશ્મિ શુક્લ

# ‘મૈ હૂં ના’ની સિક્વલ માટે શાહરુખની ‘કભી હા કભી ના’



શાહરુખ ખાન અને ડિરેક્ટર-કોરિયોગ્રાફર ફારાહ ખાન કુંદર જ્યારે એક સાથે આવે ત્યારે સ્ક્રીન પર જાદુ રેલાવે છે એમાં કોઈ શક નથી. આ બન્નેએ ‘મૈ હૂં ના’, ‘ઓમ શાંતિ ઓમ’ અને ‘હેપ્પી ન્યુ યર’માં સાથે કામ કર્યું હતું. જોકે હવે ‘મૈ હૂં ના’ની સિક્વલ બને એવી શક્યતા વર્તાઈ રહી છે. જોકે શાહરુખની ઇચ્છા નથી કે આ ફિલ્મનો બીજો પાર્ટ બને. સાથે જ અંદરખાને તેનું મન ચાહે છે કે આ ફિલ્મની સિક્વલ બને. તેનું એવું માનવું છે કે માત્ર બનાવવા ખાતર ફિલ્મ ન બનાવવી જોઈએ.

સેકેન્ડ પાર્ટ એવો હોવો જોઈએ, જે પહેલા પાર્ટ કરતાં પણ જબરદસ્ત હોય. આ જ કારણ છે કે ફારાહ પણ ફિલ્મમાં કોઈ કચાશ બાકી નથી રાખવા માગતી. આ પહેલી એવી ફિલ્મ છે જેને શાહરુખે તેની વાઇફ ગૌરી ખાન સાથે મળીને તેમના રેડ ચિલીઝ એન્ટરટેઇનમેન્ટના બેનર હેઠળ પ્રોડ્યુસ કરી હતી. આ ફિલ્મ તેમના દિલની પણ ખૂબ નજીક છે. ‘મૈ હૂં ના ૨’ માટે ફારાહને આઇડિયા પણ મળી ગયો છે અને તે પોતાની ટીમ સાથે મળીને ફિલ્મની સ્ટોરી પર કામ કરી રહી છે.

સૂત્રો પાસેથી એવું પણ જાણવા મળ્યું છે કે શાહરુખ એ વાત સારી રીતે જાણે છે કે આ ફિલ્મના ફૅન ફોલોઇંગ પણ અઢળક છે. એથી જ તેણે ફારાહ અને તેની ટીમને સખત શબ્દોમાં કહી રાખ્યું છે કે સ્ક્રીનપ્લે પર પ્રામાણિકતાથી કામ કરવામાં આવે. તેની તમન્ના તો એવી પણ છે કે લોકો પર આ સિક્વલ અમીટ છાપ છોડી જાય. એવી શક્યતા છે કે શાહરુખ આ વર્ષે આ ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચી શકે છે. ત્યારબાદ જ જાણી શકાય છે કે તે આ ફિલ્મને હા કહે છે કે ના.

હાલમાં તો કિંગ ખાન તેની દીકરી સુહાના ખાન સાથેની ફિલ્મ ‘કિંગ’માં બિઝી છે. આ પ્રોજેક્ટ તેના માટે ખૂબ અગત્યનો છે, કેમ કે આ ફિલ્મ દ્વારા તેની લાડલી સુહાના સિલ્વર સ્ક્રીન પર એન્ટ્રી કરવાની છે. ■

# નિફ્ટીના તમામ શૅર નેગેટિવ ઝોનમાં ખાબક્યા, સેન્સેક્સ ૭૮,૦૦૦ની સપાટી તોડી પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એફઆઇઆઇની વેચવાલી સાથે રિઝર્વ બેન્કના નિર્ણય અગાઉની સાવચેતીના માનસ વચ્ચે વેચવાલીનું દબાણ ચાલુ રહેતા સેન્સેક્સે ૭૮,૦૦૦ની સપાટી તોડી નાંખી હતી, જ્યારે નિફ્ટીના તમામ શેર નેગેટીવ ઝોનમાં ખાબક્યા હતા. નોંધવુ રહ્યું કે, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા દ્વારા મેક્સિકો અને કેનેડા પર ટેરિફ એક મહિના માટે મોકૂફ રાખી છે, પરંતુ ચીન પર યથાવત્ રાખી હોવાથી સેન્ટિમેન્ટમાં આશંકા છે.

મંગળવારના લગભગ ૧૪૦૦ પોઇન્ટના ઉછાળા બાદ સતત બીજા સત્રની પીછેહઠમાં સેન્સેક્સ ૨૧૩.૧૨ પોઇન્ટ અથવા તો ૦.૨૭ ટકાના ઘટાડા સાથે ૭૮,૦૫૮.૧૬ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો છે, જે સત્ર દરમિયાન ૪૨૭.૨૯૬ પોઇન્ટ ગબડીને ૭૭,૮૪૩.૯૯ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૯૨.૯૫ પોઇન્ટ અથવા ૦.૩૯ ટકા ગબડીને ૨૩,૬૦૩.૩૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. ભારતી એરટેલ, ટાઇટન, એન્ટીપીસી, સ્ટેટ બેન્ક, આઇટીસી, ટાટા સ્ટીલ, મહિન્દ્રા અને ટોટો મોટર્સ સૌથી વધુ ગબડનારા શેરોની યાદીમાં હતા. કાર્લાઈવ ગ્રુપની માલિકીની હેક્સાવેર ટેક્નોલોજી રૂ. ૮૭૫૦ કરોડના આઇપીઓ સાથે ૧૨ ફેબ્રુઆરીએ મૂડીબજારમાં પ્રવેશ કરશે. આ સંપૂર્ણ ઓફર ફોર સેલના જાહેર ભરણાં માટે પ્રાઇસ બેન્ડ રૂ. ૬૭૪ થી રૂ. ૭૦૮ નક્કી થઇ છે. મિનિમમ લોટ ૨૧ શેરનો છે. ભરણું ૧૪ ફેબ્રુઆરીના રોજ બંધ થશે. એન્કર ઇન્વેસ્ટર માટે ભરણું ૧૧ ફેબ્રુઆરીએ ખુલશે. કંપની આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સની સાથે ગ્લોબલ ડિજિટલ અને ટેક્નોલોજી સર્વિસના બિઝનેસમાં સક્રિય છે. સ્ટેટ બેન્કે સ્ટેન્ડઅલોન ધોરણે વાર્ષિક ધોરણે ૮૪ ટકાના વધારા સાથે રૂ. ૧૬,૮૯૧ કરોડ નોંધાવ્યો છે, જે બજારની અપેક્ષા કરતા પણ સારો છે. જ્યારે એમઆરએફએ વાર્ષિક ધોરણે ચોખ્ખા નફામાં ૩૮ ટકાનો ઘટાડો નોંધાવ્યા પછી તેનો શેર ચાર ટકાના કડાકા સાથે બાવન અઠવાડિયાના નવા નીચા સ્તરે પહોંચ્યા હતા. અદાણી પોર્ટ, ઇન્ફોસિસ, એક્સિસ બેન્ક, એચસીએલ ટેકનોલોજી, ટેક મહિન્દ્રા અને ઇન્ડસઇન્ડ બેન્ક સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં હતા. ઇન્ફ્રાસ્ટ્રક્ચર કન્સ્લ્ટન્સી કંપની ધ્રુવ કન્સ્લ્ટન્સી સર્વિસિસે ૨૦૨૫ના નવ માસિક પરિણામમાં ૩૧.૫૧ ટકાના વધારા સાથે રૂ. ૭૫.૪૯ કરોડની રેવન્યુ નોંધાવી છે. ઉપરોક્ત સમયગાળામાં કંપનીએ રૂ. ૪.૯૧ કરોડનો ચોખ્ખો નફો, રૂ. ૧૧.૨૪ કરોડનો એબિટા નોંધાવ્યો છે. ત્રીજા ક્વાર્ટરમાં નફો રૂ. ૨.૧૫ કરોડ અને રેવન્યુ રૂ. ૨૨.૫૬ કરોડ રહી છે.

સ્વિગીએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૭૯૯ કરોડની કોન્સોલિડેટેડ ખોટ નોંધાવ્યા પછી તેનો શેર સાત ટકાના કડાકા સાથે બાવન સપ્તાહની નીચી સપાટીને અથડાયો હતો. કંપનીએ ગત વર્ષના સમાન ગાળામાં રૂ. ૫૭૪ કરોડ કરતાં વધુ ખોટ નોંધાવી હતી. ત્રીજા ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ૬૦ ટકા વધ્યા પછી ઇન્ફો એજ શેર ત્રણ ટકા ઊછળ્યા હતો. વેલસ્પન કોર્પના નિરાશાજનક પરિણામ પછી તેના શેરમાં ત્રણ ટકા સુધીનો કડાકો જોવાયો હતો.

અદાણી પોર્ટ્સ ૧.૭૨ ટકા, અદાણી પેઈન્ટ્સ ૩.૩૮ ટકા, ટાઈટન ૩.૦૨ ટકા, નેસ્લે ૨.૨૩ ટકા, હિંદુસ્તાન યુનિલિઈન્ફોસિસ ૦.૯૪ ટકા, એક્સિસ બેન્ક ૦.૭૧ ટકા, ટેક મહિન્દ્ર ૦.૫૮ ટકા, ઈન્ડસઈન્ડ ૦.૪૫ ટકા, એચડીએફસી બેન્ક ૦.૪૧ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૩૭ ટકા, કોટક બેન્ક ૦.૩૦ ટકા અને રિલાયન્સ ૦.૨૭ ટકા વધ્યા હતા. જ્યારે ભારતી એરટેલ ૨.૪૭ ટકા, ટાઈટન ૨.૨૮ ટકા, એનટીપીસી ૨.૧૩ ટકા, સ્ટેટ બેન્ક ૧.૭૯ ટકા, આઈટીસી ૧.૫૩ ટકા, તાતા સ્ટીલ ૧.૩૮ ટકા, પાવર ગ્રીડ ૧.૩૭ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૨૦ ટકા, ટાટા મોટર્સ ૧.૦૭ ટકા અને અલ્ટ્રાટેક ૦.૯૫ ટકા ઘટ્યા હતા. વિશ્વબજારમાં અફડાતફડી પછી વોલ સ્ટ્રીટ પર ઉપરની હિલચાલને પગલે ગુરુવારે એશિયન બજારોમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે યુએસ ટ્રેઝરી યીલ્ડ્સમાં મિશ્ર આર્થિક ડેટાના પ્રતિભાવમાં ઘટાડાતરફી દબાણ જોવા મળ્યું છે. યુરોપીયન સ્ટોક ફ્યુચર્સે દિવસના ઉત્તરાર્ધમાં મજબૂત સુધારો દર્શાવ્યો હતો. સિઓલ, ટોકિયો અને હોંગકોંગ પોઝિટિવ ઝોનમાં બંધ થયા હતા. એફઆઇઆઇએ બુધવારે રૂ. ૧૬૮૨.૮૩ કરોડની વેચવાલી કરી હતી. બ્રેન્ટક્રૂડ ૦.૬૦ ટકા ઉછળીને બેરલદીઠ ૭૫.૦૬ ડોલર બોલાયું હતું.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકો પર ટેરિફ લાદવાનો નિર્ણય એક મહિના માટે સ્થગિત કર્યા પછી અન્ય એશિયન બજારોમાં વધારો થયો હતો, જોકે ચીન પર ટેરિફનો અમલ અકબંધ રાખવામાં આવ્યો છે. ચીને વળતા હુમલા તરીકે અમેરિકાની કેટલીક પ્રોડક્ટ પર ઊંચી ટેરિફ લાદવા સાથે ગુગલ સામે વિશ્વાસભંગની તપાસ ચાલુ કરવાની પણ જાહેરાત કરી છે.

નોંધવું રહ્યું કે, ટ્રમ્પ દ્વારા ચીન, મેક્સિકો અને કેનેડા પર ટેરિફ જાહેર કર્યા પછી વૈશ્વિક ઇક્વિટી બજારોમાં તાત્કાલિક ધોરણે ઘટાડાનો ભારતીય બેન્ચમાર્ક પર નકારાત્મક પ્રભાવ પડ્યો હતો અને રોકાણકારોમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. વાસ્તવમાં અમેરિકા અને અન્ય દેશો વચ્ચે ટેરિફ સંઘર્ષો કોઈ આર્થિક લાભ આપે તેવી શક્યતા નથી. તેના બદલે, તે વૈશ્વિક અર્થતંત્ર માટે પડકારો પેદા કરી શકે છે, જેનાથી વૈશ્વિક નાણાકીય જોખમો વધી શકે છે.

# ડૉલર સામે રૂપિયો વધુ ૧૪ પૈસા તૂટીને નવી નીચી સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આવતી કાલે સમાપન થતી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની નાણાનીતિની સમીક્ષાની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવી શક્યતા, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જળવાઈ રહેલી વેચવાલીના અહેવાલ, આયાતકારોની ડૉલરમાં લેવાલી તથા વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવવધારા જેવાં કારણોને ધ્યાનમાં લેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૪ પૈસા તૂટીને ૮૭.૫૭ની નીવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૪૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૭.૫૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૬૦ અને ઉપરમાં ૮૭.૫૧ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે વધુ ૧૪ પૈસા ગબડીને ૮૭.૫૭ના મથાળે રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૩૬ પૈસાનું ધોવાણ થયું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત વર્ષ ૨૦૨૪માં ડૉલર સામે રૂપિયામાં ત્રણ ટકાનું ધોવાણ થયું હતું. તેમ જ આ વર્ષમાં અત્યાર સુધીમાં બે ટકા જેટલો ઘટાડો આવી જતાં એશિયન ચલણોમાં રૂપિયામાં સૌથી વધુ નબળી કામગીરી જોવા મળી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત પહેલી જાન્યુઆરીના રોજ ડૉલર સામે રૂપિયો ૮૫.૬૪ની સપાટીએ હતો તે જોતા આ વર્ષમાં અત્યાર સુધીમાં ૧૯૩ પૈસા તૂટ્યા છે.

ફોરેક્સ ટ્રેડરોના મતાનુસાર બજાર વર્તુળો અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વૉરની ભીતિ જોઈ રહ્યા હોવાથી રૂપિયો સતત દબાણ હેટળ આવી રહ્યો છે.

મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું કે અમેરિકન ટેરિફની અનિશ્ચિતતાઓને પગલે ડૉલરમાં આયાતકારોની વધી રહેલી માગને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળશે. જોકે, રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહે તો અમુક અંશે રૂપિયાને ટેકો મળી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૦ ટકા વધીને ૧૦૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૫૨ ટકા વધીને બેરલદીઠ ૭૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૧૩.૧૨ પૉઈન્ટનો અને ૯૨.૯૫ પૉઈન્ટનો જોવા મળેલો ઘટાડો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૬૮૨.૮૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# માર્કેટ કેપ ₹ ૨.૨૨ લાખ કરોડ ઘટીને ₹ ૪૨૪.૯૭ લાખ કરોડના સ્તરે

મુંબઇઃ શેરબજારમાં બુધવારના સત્રમાં સેક્ટરલમાં રિયલ્ટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સૌથી અધિક ઘટ્યા હતા. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૨.૨૨ લાખ કરોડનો ઘટાડો થયો હતો. ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૭૮,૨૭૧.૨૮ના બંધથી ૨૧૩.૧૨ પોઈન્ટ્સ (૦.૨૭ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૨.૨૨ લાખ કરોડ ઘટીને રૂ. ૪૨૪.૯૭ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૭૮,૫૧૩.૩૬ ખૂલીને ઊંચામાં ૭૮,૫૫૧.૬૬ સુધી અને નીચામાં ૭૭,૮૪૩.૯૯ સુધી જઈને અંતે ૭૮,૦૫૮.૧૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૦ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૨૦ સ્ક્રિપ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૬૩ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૯૦૮ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૦૩૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૫ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૬૭ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૮૭ ટકા ઘટ્યો હતો અને બીએસઈ સ્મોલકેપ સ્થિર રહ્યો હતો.સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૭૦ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૩૭ ટકા વધ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૦.૪ ટકા, આઈટી ૦.૩૫ ટકા, હેલ્થકેર ૦.૧૭ ટકા, સર્વિસીસ ૦.૧૪ ટકા અને બેન્કેક્સ ૦.૦૨ ટકા વધ્યા હતા.

રિયલ્ટી ૨.૧૫, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૦૪ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૭૩ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રિશનરીઝ ૧.૩૪ ટકા, પાવર ૧.૧૬ ટકા, યુટિલિટીઝ ૦.૯૩ ટકા, એફએમસીજી ૦.૯૨ ટકા, ઓટો ૦.૮૬ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૮૪ ટકા, મેટલ ૦.૮૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૭ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૬૯ ટકા, કોમોડિટીઝ ૦.૫૩ ટકા, એનર્જી ૦.૩૪ ટકા, ટેક ૦.૨૬ ટકા અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૮૨.૪૯ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૪૪૭ સોદામાં ૫૨૭ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૭,૨૩,૪૪૬ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૯,૩૫,૯૭૨.૪૧ કરોડનું રહ્યું હતું.

# સોનામાં ₹ ૪૪નો સાધારણ ઘસરકો, ચાંદીએ ₹ ૬૬૩ના ઘટાડે ₹ ૯૫,૦૦૦ની સપાટી ગુમાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ચીન વચ્ચેના ટ્રેડ વૉરની ભીતિ હેઠળ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોની સલામતી માટેની છૂટીછવાઈ જળવાઈ રહી હોવા છતાં આવતીકાલે જાહેર થનારા અમેરિકાના બેરોજગારીના ડેટાને ધ્યાનમાં લેતાં સાવચેતીના અભિગમ વચ્ચે સોના અને ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી ધીમો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૬૬૩ના ઘટાડા સાથે રૂ. ૯૫,૦૦૦ની સપાટીની અંદર ઉતરી ગયા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ રહ્યું હતું, પરંતુ આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૪ પૈસા નબળો પડવાથી સ્થાનિકમાં આયાત પડતરોમાં વધારો થવાથી સોનામાં ભાવઘટાડો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૪ સુધી મર્યાદિત રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૬૬૩ ઘટીને રૂ. ૯૪,૭૬૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ તેમ જ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૪ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૪,૨૭૪ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૪,૬૧૩ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ એક તક્કે વધીને ઔંસદીઠ ૨૮૮૨.૧૬ ડૉલર સુધી પહોંચીને પાછાં ફર્યા હતા. જોકે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૨૮૬૦.૨૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને વાયદામાં ભાવ ૦.૩ ટકાના સાધારણ ઘટાડા સાથે ૨૮૮૩.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨.૦૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના જોબ ડેટા પર હોવાથી નવી લેવાલીમાં સાવચેતીનું વલણ જોવા મળ્યું હતું.

ટ્રેડ વૉરની ભીતિ હેઠળ સોનામાં સલામતી માટેની માગનો ચમકારો થતાં તેજીનો લાભ ઉઠાવવા ઈચ્છુક રોકાણકારોની સતત નીકળી રહેલી લેવાલી તેજીને ટેકો આપી રહી હોવાનું એએનઝેડનાં સ્ટ્રેટેજિસ્ટ સોની કુમારીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલની તેજીને જોતા ભાવ ટૂંક સમયમાં ઔંસદીઠ ૩૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય. જોકે, વેપાર યુદ્ધનો તણાવ હળવો થાય તો કોન્સોલિડેશનનો તબક્કો જોવા મળી શકે છે. નોંધનીય બાબત એ છે કે ચીને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી ૧૦ ટકા ટેરિફ અને ઓછી કિંમતના પેકેજિસ પરની જકાત મૂક્તિ નાબૂદ કરવાનો નિર્ણય સંરક્ષાત્મક અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના નિયમોની વિરુદ્ધ હોવાની સંગઠનમાં ફરિયાદ કરી છે. જોકે, અમેરિકાના આ નિર્ણય સામે ચીને પણ અમેરિકાથી થતી આયાત સામે ૧૦થી ૧૫ ટકા ટેરિફ લાદી છે.

હવે રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના બેરોજગારીના સાપ્તાહિક ડેટા પર સ્થિર થઈ છે. વધુમાં ટેરિફની અનિશ્ચિતતાઓ વચ્ચે અમેરિકી ફેડરલ રિઝર્વ માટે ભવિષ્યની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કપાતનો નિર્ણય પડકારજનક રહેશે, એવું ફેડરલના અધિકારીઓએ જણાવ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

ઈ-ટેન્ડર નં. 215-2024-25 થી 217-2024-25-R

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 215/2024-25 | કાનાલુસ - પોરબંદર સેક્શન :- કિ.મી. 952/1-7 ખાતે વિભાજનોના સ્થળોએ ટૉ વોલ સહિત RCC બોક્સ દાખલ કરીને વધારાના દ્વારની જોગવાઈ કરવાનું કામ. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 13/02/2025 **અને બંધ થવાની તારીખઃ** 27/02/2025. | 3,68,82,792.97 | 3,34,400.00 |
| 02 | 216/2024-25 | DEN(E) અધિકારક્ષેત્ર :- (1) ભાવનગર ડિવિઝન : ISD (ડિપ સ્ક્રીનીંગ સહિત) દ્વારા લૂપ લાઈન્સના મજબૂતીકરણ અને LWR - 51.470 Tkm ના રૂપાંતરણ, (2) ભાવનગર ડિવિઝન : 2 થી 4 ડિગ્રી વળાંક પર SWR ના LWR માં રૂપાંતરણ, (3) ભાવનગર ડિવિઝન : મુખ્ય અને અગત્યના પુલો પર TRR(P) - 20.808 Tkm, (4) ધોળા-ભાવનગર ટર્મિનસ, સિહોર-પાલીતાણા અને સાબરમતી-બોટાદ સેક્શન : DEN(E) ના અધિકારક્ષેત્ર હેઠળ થ્રુ વેલ્ડ રિન્યુઅલના મંજૂર થયેલા કામની સામે 3157 નંગ FB વેલ્ડ્સનું વેલ્ડિંગ કરવાનું કામ. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 13/02/2025 **અને બંધ થવાની તારીખઃ** 27/02/2025 | 4,85,19,564.38 | 3,92,600.00 |
| 03 | 217/2024-25-R | ભાવનગર ડિવિઝન : USFD સાથે રોજબરોજના USFD પરિક્ષણ કામ માટે 24 મહિનાઓ માટે ટ્રોલી મેન તરીકે કામ કરવા માટે સાથીદારની જોગવાઈ કરવાનું કામ. **બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** 13/02/2025 **અને બંધ થવાની તારીખઃ** 27/02/2025 | 1,06,92,806.40 | 2,03,500.00 |

NIT તા.05/02/2025 ના રોજ રેલવે વેબસાઈટ : www.ireps.gov.in પર અપલોડ કરવામાં આવી છે.

BVP-193

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly


# વિશ્વ બજાર પાછળ ટીન, નિકલ અને કોપર સહિતની ધાતુઓમાં ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાએ કેનેડા અને મેક્સિકો પર લાદવામાં આવેલી ટેરિફ મુલતવી રાખવાની સાથે ધાતુનાં વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરે તેવા આશાવાદ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભમાં કોપર સહિતની ધાતુઓનાં ભાવમાં ઉછાળા આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ટીન અને નિકલની આગેવાની હેઠળ માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૪૫ સુધીનો ઉછાળો આવ્યો હતો.

ધાતુનો વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન દ્વારા આર્થિક વૃદ્ધિ માટે સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરે તેવો આશાવાદ અને અમેરિકાએ કેનેડા અને મેક્સિકો પર ટેરિફ લાદવાનું એક મહિન મુલતવી રાખતા આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે એક મહિને ડિલિવરી શરતે કોપરના ભાવ ૦.૮ ટકા ઉછળીને ૯૩૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના અહેવાલ હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન, નિકલ, કોપર વાયરબાર, અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૫ વધીને રૂ. ૨૭૫૫, રૂ. ૩૦ વધીને રૂ. ૧૩૮૭, રૂ. ૧૭ વધીને રૂ. ૮૬૮ અને રૂ. નવ વધીને રૂ. ૮૧૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટો ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ પ્રબળ રહેતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૫૩૩, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૮૦૧, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૭૯૦, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૭૨, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૪૦ અને બ્રાસ શીટ કટિંગ્સ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૫૭૩ અને રૂ. ૨૬૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૮ અને રૂ. ૧૮૧ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખાંડમાં ₹ ૧૦ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૫૦થી ૩૮૦૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ તેમ જ અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી તેનાં ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૩૯૬૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ તેમ જ માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૮૨માં થયા હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

આસી. C./A/૩૫૧/OD/AE (M&E) તારીખઃ ૦૬/૦૨/૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટિસ (પેપર નોટિસ)**

| બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન | |
|---|---|
| વિભાગ | આસી. એન્જિનિયર (M&E) "A" વોર્ડ |
| વિષય | "A" વોર્ડ Iમાં વિવિધ સ્થળોએ સ્થાપિત સલગ્ન કામો સાથે ડેકોરેટિવ LED લાઈટ ફિક્સરનું રિપેરિંગ અને જાળવણી. (બીડ નં. ૨૦૨૫_MCGM_૧૧૪૬૪૧૬_૧) |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | ૦૭/૦૨/૨૦૨૫ અને સ. ૧૩.૦૦ ક. |
| બીડ સમાપ્તિ તારીખ અને સમય | ૧૩/૦૨/૨૦૨૫ અને સાં. ૧૩.૦૦ ક. |
| વેબસાઈટ | mahatenders.gov.in |
| સંપર્ક ઓફિસર નામ અને નંબર | શ્રી. અભિજીત વી. ધોત્રે ૯૯૨૩૨૦૩૩૩૩ આસી. એન્જિ. (M&E) "A" વોર્ડ |
| ઈમેલ | semne01.a@mcgm.gov.in |

સહી/-
આસી. કમિશનર "A" વોર્ડ

PRO/2465/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.


# પાંખાં કામકાજો વચ્ચે ખાદ્યતેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૬૭ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૧ રિંગિટનો સુધારો આવ્યો હતો. આમ આજે એકંદરે વશ્રિશ્વક બજારનાં મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી દેશી-આયાતી ખાદ્યતેલના ભાવમાં એકમાત્ર કપાસિયા રિફાઈન્ડમાં જોવા મળેલા ૧૦ કિલોદીઠ રૂ. પાંચના સુધારા અને સિંગતેલમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ તેલના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જેમાં આરબીડી પામોલિન અને સરસવના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૪૫, ઈમામીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫ અને અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫ના મથાળે રહ્યા હતા. જ્યારે ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે વેપારનો અભાવ રહ્યો હતો. આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સરસવના રૂ. ૧૩૪૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૦માં થયાના અહેવાલ હતા.

# વર્તમાન નાણાકીય વર્ષમાં નિકાસ 30 અબજ ડૉલરની પાર જવાની શક્યતા

નવી દિલ્હીઃ ગત પહેલી ફેબ્રુઆરીએ નાણાં પ્રધાને રજૂ કરેલા વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રના પ્રસ્તાવોમાં આવશ્યક કાચા માલની આયાત જકાતમાં ઘટાડો અને એમએસએમઈ માટે જાહેર કરેલા ટેકારૂપી પગલાંઓને કારણે સ્થાનિક રસાયણ ક્ષેત્રમાં ઉત્પાદનમાં મજબૂતાઈ જોવા મળવાની સાથે નિકાસ પણ પ્રોત્સાહિત થશે અને વર્તમાન નાણાકીય વર્ષમાં નિકાસ ૩૦ અબજ ડૉલરની સપાટી પાર કરી જાય તેવી શક્યતા કેમેક્સિલે વ્યક્ત કરી છે.

વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન દેશમાંથી રસાયણની નિકાસ ૨૧.૨૦ અબજ ડૉલરની સપાટીએ રહી છે. કેમેક્સિલ (બેઝિક કેમિકલ્સ, કોસ્મેટિક્સ ઍન્ડ ડાઈઝ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ)ના ચેરમેન અભય ઉદેશીએ જણાવ્યું હતું કે કાઉન્સિલ ઉભરતી બજારો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને વશ્વિક સસ્ટેઈનેબિલિટીના વલણને અનુસરતા ગ્રીન કેમિકલ્સ તથા બાયો-આધારિત સ્પેશિયાલિટી કેમિકલ્સને પ્રોત્સાન આપી રહ્યું છે. આ પગલાંઓથી નિકાસમાં નોંધપાત્ર વધારો થશે. વધુમાં અંદાજપત્રમાં ઉત્પાદન અને નિકાસને પ્રોત્સાહન આપતાં પગલાં અને ઈઝ ઑફ ડુઈંગિ બિઝનેસને કારણે વેપારો પ્રોત્સાહિત થશે.

ખાસ કરીને ફોસ્ફેરિક એસિડ, બોરિક એસિડ અને સોર્બિટોલ જેવાં કાચા માલની આયાત જકાતમાં કરવામાં આવલા ઘટાડાનો લાભ મળશે, એમ ઉદેશીએ જણાવતા ઉમેર્યું હતું કે કાઉન્સિલ આગામી આઠમી ફેબ્રુઆરીએ મુંબઈ ખાતે રાજ્ય કક્ષાના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ, કેમિકલ ઍન્ડ ફર્ટિલાઈઝર ખાતાનાં પ્રધાન અનુપ્રિયા પટેલ અને મહારાષ્ટ્રનાં ઉદ્યોગ ખાતાના પ્રધાન ઉદય સામંતની હાજરીમાં વિશિષ્ટ નિકાસાકરોને સન્માનિત કરવામાં આવશે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

આસીસ્ટન્ટ કમિશનરની ઓફિસ, ઈ-વોર્ડ ઓફિસ બિલ્ડિંગ, ૧લો માળ, ૧૦મો એસ. કે. હફિઝુદ્દીન માર્ગ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૦૮.

નં. PCO/E/ ૧૨૭૬/SR; તારીખઃ ૦૬.૦૨.૨૦૨૫

**નોટીસ**

ઈ વોર્ડમાં મલેરિયા અને ડેન્ગ્યૂના નિયંત્રણ માટે ૧૪૨ દિવસો માટે બિલ્ડિંગ કન્સ્ટ્રકશન સાઈટ્સ પર જંતુનાશક સારવાર આપવા માટે ૩૦ સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાયેલ સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવે છે.

રસ ધરાવતી સંસ્થાઓએ M.C.G.M. પોર્ટલ http://portal.mcgm.gov.in પર અરજીઓ ડાઉનલોડ કરવી જોઈશે અથવા પેસ્ટ કન્ટ્રોલ ઓફિસર (ઓફિસ સરનામું - પેસ્ટ કન્ટ્રોલ ઓફિસર, ઈ-વોર્ડ, ગ્રાઉન્ડ ફ્લોર, ૧૦મો શેખ હફિઝુદ્દીન માર્ગ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૦૮, ટેલિ નં. (ઓફિસ) ૦૨૨/ ૨૩૦૮૧૪૭૧ એક્ષ્ટ. ૧૧૨/૧૧૩ની ઓફિસમાં સંપર્ક કરો.

પેસ્ટ કન્ટ્રોલ ઓફિસરની ઓફિસ ખાતે અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૧૭.૦૨.૨૦૨૫ કામકાજના દિવસોમાં સાં. ૪.૦૦ કલાક પહેલાની રહેશે.

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર 'E' વોર્ડ

PRO/2459/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# દહિસર ચેકનાકાના ટ્રાફિક જૅમની સમસ્યા ત્રણ દિવસમાં ઉકેલવા સરકારનું અલ્ટિમેટમ

થાણેઃ દહિસરના ટોલ પ્લાઝા પર મોટા પાયે ટ્રાફિક જૅમ થવાની ફરિયાદોથી નારાજ સ્થાનિક વિધાનસભ્ય અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે ગુરુવારે સ્થળની મુલાકાત લીધી અને કોન્ટ્રાક્ટરને ખરાબ વ્યવસ્થાપન માટે ઠપકો આપ્યો હતો, તેમના મતે નબળા સંચાલનને લીધે જ ટ્રાફિક જૅમની સમસ્યા સર્જાઈ રહી હતી.

સરનાઈકે ટોલ કલેક્શન એજન્સીના પ્રતિનિધિઓને ટ્રાફિક પ્રવાહને સુવ્યવસ્થિત કરવા માટે ત્રણ દિવસની મુદત આપી હતી જેથી કોમ્પેક્ટ બેરિકેડ લગાવી શકાય અને મુક્તિ પામેલા અને બિન-મુક્તિ પામેલા વાહનો માટે સમર્પિત લેન અલગ કરી શકાય જેથી ટ્રાફિક પ્રવાહ સુવ્યવસ્થિત થાય અને અવિરત ટ્રાફિક પ્રવાહ સુગમ બને.

મેં ત્રણ દિવસની મુદત સાથે જરૂરી નિર્દેશો આપ્યા છે. 'હું સોમવારે ફરીથી સ્થળ પર જઈશ જેથી ખાતરી કરી શકાય કે કોન્ટ્રાક્ટરે સુધારાત્મક પગલાંનું પાલન કર્યું છે કે નહીં, જો આવશ્યક જણાશે તો પગલાં લેવામાં આવશે.' એમ સરનાઈકે કહ્યું હતું.

ગયા વર્ષે ૧૫ ઓક્ટોબરના રોજ દહિસર ટોલ પ્લાઝા સહિત મુંબઈના તમામ પાંચ ટોલ બૂથ પર હળવા મોટર વાહનો (એલએમવી) માટે સંપૂર્ણ ટોલ મુક્તિ જાહેર કરવામાં આવી

(જુઓ પાનું ૪) ▸▸

# રાજયના પ્રધાન ધનંજય મુંડેની પહેલી પત્ની ઘરેલુ હિંસાનો ભોગ

## પ્રથમદર્શી રીતે આવું લાગતું હોવાનું કહી કોર્ટે કરુણા શર્મા અને દીકરીને મહિને બે લાખનું ભરણપોષણ આપવાનો આદેશ આપ્યો

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા ધનંજય મુંડેને તેમની અલગ રહેતા પત્ની કરુણા અને પુત્રીને દર મહિને બે લાખ રૂપિયાનું વચગાળાનું ભરણપોષણ ચૂકવવાનો આદેશ અહીંની એક ફેમિલી કોર્ટે આપ્યો હતો અને સાથે એમ પણ કહ્યું હતું કે પ્રથમદર્શી રીતે તેમની પહેલી પત્ની મુંડેના હાથે ઘરેલું હિંસાનો ભોગ બની હોવાનું

(જુઓ પાનું ૪) ▸▸

MAYUR SUVIDHA® TRAVELS LLP
ગ્રુપ ટુર્સ ના પ્રવાસ મા પર્સનલ ટુર નો અનુભવ
માત્ર મયુર સુવિધા ટ્રાવેલ્સ સાથે
20 વર્ષના અનુભવ સાથે અમે તમારા માટે લાવ્યા છીએ શ્રેષ્ઠ ઑફર્સ

વિયેતનામ 10 દિવસ
2 રાત્રિ હો ચી મિન્હ || 4 રાત્રિ - દા નાંગ || 1 રાત્રિ - હલોંગ બે ક્રુઝ || 2 રાત્રિ - હનોઈ
ફ્લાઈટ્સ | 4* હોટેલ્સ | પ્યોર-વેજ ભોજન | વિઝા | તમામ એક્ટિવિટી
~~₹ 1,35,000*~~ 14 ફેબ્રુઆરી પહેલા બુક કરો ₹ 1,25,000*

ગ્રાન્ડ યુરોપ 15 દિવસ
3 રાત્રિ - પેરિસ || 5 રાત્રિ - સ્વિસ || 3 રાત્રિ - ઑસ્ટ્રિયા || 3 રાત્રિ - ઇટાલી
ફ્લાઈટ્સ | 4* હોટેલ્સ | પ્યોર-વેજ ભોજન | વિઝા | તમામ એક્ટિવિટી
~~₹ 4,10,000*~~ 14 ફેબ્રુઆરી પહેલા બુક કરો ₹ 3,85,000*

યુએસએ 22 દિવસ
9 રાત્રિ - વેસ્ટ કોસ્ટ || 7 રાત્રિ - ઇસ્ટ કોસ્ટ || 5 રાત્રિ - ફ્લોરિડા
ફ્લાઈટ્સ | 4* હોટેલ્સ | પ્યોર-વેજ ભોજન | તમામ એક્ટિવિટી
~~$ 7999*~~ 14 ફેબ્રુઆરી પહેલા બુક કરો
વેસ્ટ અથવા ઇસ્ટ કોસ્ટ ના વિકલ્પ પણ ઉપલબ્ધ $ 7699*
*T&C Applied
જાપાન | બાકુ | ઓસ્ટ્રેલિયા | ન્યુઝીલેન્ડ | દક્ષિણ કોરિયા | થાઈલેન્ડ | સિંગાપોર | શ્રીલંકા | રશિયા
દક્ષિણ આફ્રિકા | માલદીવ | મોરેશિયસ | મધ્ય યુરોપ | સ્પેન | ક્રોએશિયા | તુર્કી | ઇટાલી | ગ્રીસ...and much more
HEMANT JAIN: +91 98928 91993 || NIRAV SOPARIWALA: +91 93726 95898
Head Office: 14/15 - Kakad Arcade, Opp. Domino's Pizza, New Marine Lines. Mumbai - 20.

## બદલાપુરના રેપિસ્ટ અક્ષય શિંદેનો કેસ

# બળાત્કારી દીકરાના એન્કાઉન્ટરનો કેસ હવે બંધ કરાવી દેવા માગે છે માતા-પિતા

મુંબઈઃ પોલીસ સાથેની કથિત અથડામણમાં માર્યા ગયેલા બદલાપુર યૌન શોષણના આરોપી અક્ષય શિંદેના માતા-પિતાએ ગુરુવારે મુંબઈ હાઈકોર્ટને જણાવ્યું હતું કે તેઓ હવે પુત્રના મૃત્યુ સાથે જોડાયેલો કેસ લડવા નથી માંગતા.

શિંદેના માતા-પિતાએ ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ નીલા ગોખલેની ખંડપીઠ સમક્ષ આ અપીલ કરી હતી. ખંડપીઠ તેમના પુત્રના કસ્ટોડિયલ મૃત્યુ સંબંધિત અરજીની સુનાવણી કરી રહી છે.

આ અરજી શિંદેના પિતા અન્ના શિંદેએ દાખલ કરી છે, જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે પોલીસે તેમના પુત્રને નકલી એન્કાઉન્ટરમાં મારી નાખ્યો હતો. ગુરુવારે કાર્યવાહીના અંતે દંપતીએ ખંડપીઠનો સંપર્ક સાધી આ કેસને આગળ વધારવા ઉત્સુક નહીં હોવાનું જણાવી કેસ બંધ કરવા જણાવ્યું હતું. કોઈના દબાણથી નહીં પણ પોતાની મરજીથી આ નિર્ણય લીધો હોવાનું દંપતીએ જણાવ્યું હતું.

અક્ષય શિંદે (૨૪) પર ગયા વર્ષે થાણા જિલ્લાના

(જુઓ પાનું ૪) ▸▸










"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**